
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

મે, ૨૦૨૩
વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-



## બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને વંદના...

જેમની ધૂન-પ્રાર્થનાઓનો દિવ્ય નાદ અનેક હૈયાંમાં ગુંજે છે...








## પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય તીર્થ ચાણસદમાં નારાયણ સરોવરનું લોકાર્પણ

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ અને બી.એ.પી.એસ. સંસ્થાના સંયુક્ત ઉપક્રમે પ્રમુખસ્વામી મહારાજની અનેક સ્મૃતિઓથી છલકાતા શ્રી નારાયણ સરોવરનો લોકાર્પણ વિધિ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે અનેક મહાનુભાવો અને હજારો ભક્તોની ઉપસ્થિતિમાં તા. ૯-૪-૨૦૨૩ના રોજ ધામધૂમથી સંપન્ન થયો.

સંપાદકીય

# એ યોગીવર જ્ઞાનજીવન તણા પાયે નમું પ્રીતથી...



**ક્રમિકા**


૩. સંપાદકીય

૪. યોગી-પ્રાર્થનાનો પ્રભાવ – અ.નિ. શ્રી હકાભાઈ ખાચર

૮. પ્રાર્થનાનો દીપ જલે છે – સાધુ અક્ષરવત્સલદાસ

૧૪. આત્માનું સ્નાનઃ પ્રાર્થના – સાધુ સ્વયંપ્રકાશદાસ

૧૮. 'કરો ધૂન...' – સાધુ ઈશ્વરચરણદાસ

૨૧. મહાનુભાવો ઉચ્ચારે છે પ્રાર્થનાનો મહિમા

૨૩. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૭. નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૪૧. ઓસ્ટ્રેલિયાના ટુવુમ્બા શહેર ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૨. ન્યુઝીલેન્ડના વડાપ્રધાનશ્રી બી.એ.પી.એસ. મંદિરની દર્શન-મુલાકાતે

૪૩. તુર્કીના ભૂકંપ પીડિતો માટે યોજાઈ રોબિન્સવિલ ખાતે પ્રાર્થના સભા

૪૪. ચાણસદમાં નવીનીકરણ પામેલા 'નારાયણ સરોવર'નો લોકાર્પણ સમારોહ

૪૬. અભિનંદન

૪૭. અક્ષરવાસ


'ભગવાનનું ભજન કરવાથી અંતરમાં શાંતિ મળે છે. ભગવાન ઉપર ભરોસો રાખવો. ભગવાન સર્વ પ્રકારે ભક્તોની – આશરાવાળાની રક્ષામાં જ બેઠા છે. માટે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કર્યા કરવું. ...ભગવાન ને સંતની સ્તુતિ કરે, એમ પ્રાર્થના કરે તો શાંતિ થઈ જાય, દુઃખ ટળી જાય! દુઃખ તો આવે, હું તો 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરાવું. મને તો ધૂન-પ્રાર્થના કરાવવી તે આવડે. ભજન કરવાથી દુઃખ ઊડી જાય...'

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આ શબ્દો, આજેય હજારો ભક્તોના હૈયે ગુંજે છે. અનેક કષ્ટો, સામાજિકથી લઈને શારીરિક આપત્તિઓ વચ્ચે સદા હસતા અને આનંદમસ્ત રહેતા યોગીજી મહારાજની હૈયેથી ફૂટતી પ્રફુલ્લિતતાનું આ રહસ્ય છે. સ્વામી શ્રી ચિન્મયાનંદજીએ યોગીજી મહારાજની એ દિવ્ય બ્રહ્માનંદમય પ્રતિભા નિહાળીને કહ્યું હતુંઃ 'યોગીજી મહારાજના સાંનિધ્યમાં મેં જે અનુભવ્યું છે તે હું શબ્દોમાં રજૂ કરી શકતો નથી.'

ગુજરાતના પ્રસિદ્ધ લોકનેતા પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ યોગીજી મહારાજ માટે બોલી ઊઠ્યા હતાઃ 'એમણે આધ્યાત્મિક આનંદ ખૂબ ભોગવ્યો છે. એ આપણને એમનું દર્શન કરતાં જણાઈ આવે છે.'

યોગીજી મહારાજની એ દિવ્ય પ્રતિભા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજમાં પણ એવી જ પ્રતિબિંબિત થાય છે. યોગીજી મહારાજે આપેલો ધૂન-પ્રાર્થનાનો વારસો તેમણે લાખો લોકોના હૃદયે શ્રદ્ધાનો દીપ પ્રગટાવીને પ્રસરાવ્યો છે. યોગીજી મહારાજની ૧૨૧મી જન્મજયંતીએ તેઓનાં ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે પ્રાર્થનાના એ દિવ્ય વારસાનું સ્મરણ અને આચમન આ અંકમાં પ્રસ્તુત છે. ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૫, અંક : ૫,**
**મે, ૨૦૨૩**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.


**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ) : $ ૨૫(યુ.એસ.એ.)

લેખો અંગે પત્રવ્યવહારઃ
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહારઃ
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



# યોગી-પ્રાર્થનાનો પ્રભાવ

## આજે હું નજરે નિહાળું છું...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપનાના શરૂઆતનાં વર્ષોથી લઈને સંસ્થાની વિશ્વવ્યાપી પ્રગતિને નજરે નિહાળનાર અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અદના કાર્યકર તરીકે સેવા આપનાર ભક્તરાજ શ્રી હકાભાઈ ખાચરે વર્ણવેલ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિઓ વાગોળીએ અને યોગીજી મહારાજના હૈયેથી ઝરતી નિત્ય પ્રાર્થના-ધૂનના પ્રભાવને માણીએ, યોગીજી મહારાજની ૧૩૧મી જન્મજયંતીએ...

■ અ. નિ. શ્રી હકાભાઈ ખાચર

યોગીજી મહારાજનાં પ્રથમ દર્શનની સ્મૃતિ હજી યાદ છે. હું નાની ઉંમરથી શાસ્ત્રીજી મહારાજને ઓળખું. જ્યારે સારંગપુરમાં મંદિરનું બાંધકામ ધમધમતું હતું ત્યારે શાસ્ત્રીજી મહારાજ ધૂળની ગાદી જેવું કરી તેના ઉપર બેસતા. યોગીજી મહારાજની કાળી દાઢી ને સાવ સુકલડું શરીર. શરીર ઉઘાડું ને માથે ટોપી પહેરી બીજા સાધુ સાથે પૂરણી કરતા. સાધુઓ યોગીજી મહારાજને માથે માટીનો મોટો ટોપલો લઈ મૂકતા. મને મનમાં થાય, ‘આ સાધુ તો જુઓ!’ પણ યોગીજી મહારાજ તો હસતાં હસતાં દોડીને ટોપલો લઈને જ્યાં નાખવાનું હોય ત્યાં નાખી આવે. વળી પાછા માટી ભરવા જાય... એ દૃશ્ય હજી યાદ છે.

એક વખત હું ગોંડલ ગયો હતો. ત્યારે જૂની ગૌશાળા હતી એમાં શાસ્ત્રીજી મહારાજના આરામ માટે ઢોલિયો પાથરતા અને યોગીજી મહારાજ તથા બીજા બધાને નીચે સૂવાનું. હું પણ ત્યાં સૂતો હતો. સંસ્થાની ભયંકર આર્થિક તંગીના એ દિવસો હતા. ગોંડલમાં ત્યારે વધારાનું એક ગોદડું પણ હતું નહીં. મારે ઓશિકાની ટેવ હતી તેથી જોગી મહારાજે પોતાના ગોદડાનું ઓશીકું મને કરી આપ્યું. પોતે કોથળા પર સૂઈ ગયા. તે વખતે મારે યોગીજી મહારાજ પ્રત્યે મહિમાની દૃષ્ટિ નહીં. ફક્ત હેતની દૃષ્ટિ. યોગીજી મહારાજ એટલું બધું મારી ઉપર હેત કરે, એટલું બધું હેત કરે કે ન પૂછો વાત! ચાર વાગે ઊઠે. નદીએ નાહવા જતા. તે વખતે નદી પર ઘાટ નહોતો બન્યો. નદી સુધી જવાનાં પગથિયાં પણ નહોતાં બન્યાં. પથ્થર કોતરીને પગથિયાં જેવું કરેલું. પણ તો ય પોતે નદીએ ઠંડા પાણીએ નાહવા જાય અને મારા માટે કેરોસીનના ડબ્બામાં ગરમ પાણી મૂકી રાખે. સવારે મને ઊઠાડે. મારી ઉંમર સત્તર વર્ષની. ‘હકાભાઈ, ઊઠો.. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ...’ પછી ડોલ આપે, દાતણની ખબર રાખે. પરવાર્યા પછી આરતી કરે, મહાપૂજા કરે. યોગીજી મહારાજ સાક્ષાત્ શ્રીજીમહારાજની સાથે જાણે વાત કરતા હોય ને એવી મસ્તીમાં આરતીના આંટા ફેરવે. મારામાં ત્યારે બાળકબુદ્ધિ, એટલે બહુ સમજ ન પડે. પણ યોગીજી મહારાજ અખંડ મસ્તીમાં હસતા જ હોય. ગમે એટલી વહેવારની વાત કરું, પણ પહેલાં હસે પછી જવાબ આપે. અને આપણો હાથ ઝાલીને એવો ખેંચે... એવું થાય કે ‘આ સાધુ બહુ હેત રાખે છે, સારા સાધુ છે. મને જમાડે છે.’

થોડાં વર્ષો પછી શાસ્ત્રીજી મહારાજે મને ગોંડલ રહીને કારભારી તરીકે સેવા કરવાની આજ્ઞા કરી. તે વખતે મંદિરમાં સાત-આઠ માણસો. ગોપીનાથ સ્વામી, અક્ષરસ્વરૂપદાસ કોઠારી, મોટા અક્ષર સ્વામી, હરગોવિંદદાસ, હું ને દાજીભાઈ. ખાવામાં તો માત્ર બાજરાના રોટલા મળે. યોગીજી મહારાજ મને વચનામૃત મોઢે કરવાનું કહે. ત્યાગ-વૈરાગની વાતો કરે. આપણે હા એ હા કરીએ. તે વખતે કારભારી હું, પણ શેનો કારભાર કરું? સવા રૂપિયાની મહાપૂજાની ભેટ કોઈક દિવસે આવે. તેમાં વળી યોગીજી મહારાજ મહાપૂજામાં બધાય હરિભક્તોનાં નામ બોલે, ૫૧ માળાની ધૂન કરે અને સંકલ્પ કરતાં કરતાં પ્રાર્થના કરેઃ ‘સાધુ વધી જાવ, સાધુ વધી જાવ...’ ‘ધન વધી જાવ...’ ‘આખા બ્રહ્માંડમાં સત્સંગ થાય...’ હવે એ સમયે ત્રણ જણા ગોંડલના બેસવા આવતા - કેશવજી, માવજી અને વીરમજીભાઈ પોલીસ ખાતાવાળા - તે સિવાય કોઈ ન આવે. ક્યારેક રાજકોટથી મોરારજી, વીરમજીભાઈ, અદાનું મંડળ આવે; ફૂલીબા ને બાઈઓનું મંડળ આવે ત્યારે લોટ-અથાણાં ને ૧૦૦-૨૦૦ રૂપિયા આવે. એવી પરિસ્થિતિ હતી. તેમાં યોગીજી મહારાજ આવી ધૂન-પ્રાર્થના કરે એટલે મને ખૂબ શંકા થાય. શું આવું ક્યારેય બનશે?

એવામાં એક વાર વિચરણ કરતાં કરતાં શાસ્ત્રીજી મહારાજ ગોંડલ આવ્યા. આવીને રાયણ નીચે બેઠા હતા. ત્યાં મેં તેઓને વાત કરી કે ‘આ યોગીજી મહારાજ રોજ મહાપૂજામાં ‘સાધુ વધી જાવ, રૂપિયાના ઢગલા થાવ, આખા બ્રહ્માંડમાં સત્સંગ થાવ.’ એ ત્રણ વસ્તુ માગે છે. પરંતુ અહીં સિલકમાં આઠ આનાથી વધુ નથી. પગાર ચૂકવાતા નથી

એટલે મારે રોજ કડિયાની ગાળો ખાવી પડે છે. હીરજીભાઈ કે કો'ક આવે તો રૂપિયા આવે નહિ તો અહીં ઠન્ ઠન્ ગોપાલ છે. અહીં કુલ આઠ સાધુ છે, તેમાં ત્રણ તો માંદા જેવા છે, તેમાં બાકી માંડ પાંચ રહ્યા. ને આ યોગીજી મહારાજ 'આખા બ્રહ્માંડમાં સત્સંગ વધો...' એવા સંકલ્પો કરે છે. શું આવું ક્યારેય થશે?'

મારી વાત સાંભળીને શાસ્ત્રીજી મહારાજ બહુ ગંભીર થયા. મને કહેવા લાગ્યાઃ 'યોગીજી મહારાજ બહુ મોટાપુરુષ છે. એ વચનસિદ્ધ છે. એ જેમ કહી રહ્યા છે એમ થશે ને તમે તમારી નજરે એ જોશો.'

અને આજે હું તે સત્ય થતું જોઉં છું.

કેવો વિકટ સમય હતો! આજે મને એ યાદ આવે છે.

તે વખતે નાસ્તામાં રાતની ભાખરી વધી હોય તો હોય. તેમાં પણ વહેલો તે પહેલો. દૂધ પણ વારા પ્રમાણે મળે. હરિભક્તો આવે ત્યારે સાધુનો વારો દૂધનો હોય તોય ન મળે. મને ભૂખ બહુ લાગતી. થોડા દિવસ તો એમ ને એમ હાંક્યું, પછી મૂંઝાયો. યોગીજી મહારાજને મારા પર બહુ હેત એટલે મારું બાવડું ઝાલીને અક્ષરદેરીની પ્રદક્ષિણા કરવામાં સાથે ફેરવે. મેં કહ્યું, 'મારે પાછા જતા રહેવું છે. અહીં નથી રહેવું.'

'શું છે?'

'બીજું કાંઈ નથી, પણ નાસ્તો કે જમવાનું કાંઈ બરાબર મળતું નથી.'

મારી વાત સાંભળીને યોગીજી મહારાજનું મોઢું પડી ગયું. એમના મોઢા પરના ભાવ એકદમ ગંભીર. થોડો વિચાર કરીને, મારી વાત સાંભળીને કહેઃ 'એક કામ કરશો હકાભાઈ? મહાપૂજાનાં વાસણ ઊટકશો?' મેં હા પાડી. તેમાં મહાપૂજા કરીને રોજ મને પંચામૃત ને એક લાડુ આપે. તેના માટે હું મહાપૂજામાં બેસી રહું અને તેમની લાંબી ધૂન-પ્રાર્થના જોયા કરું.

એક દિવસ મેં યોગીજી મહારાજને કહ્યુંઃ 'કાલે કડિયાના પગાર કરવાના છે. સિલકમાં કાંઈ નથી. સિલક જોવાનીય નહીં. માનસીમાં જ ગણવાની. આવી સ્થિતિ છે.'

એમાં યોગીજી મહારાજે પોતાના હાથમાં કલમ લીધી. ફુલસ્કેપમાં લખ્યુંઃ 'અક્ષરપુરુષોત્તમ મહારાજ નમોનમઃ, ગુણાતીતાનંદ સ્વામી નમોનમઃ, કૃષ્ણજી મહારાજને નમોનમઃ, શાસ્ત્રીજી મહારાજને નમોનમઃ... એ હજૂર ગુણાતીતાનંદ સ્વામી, અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમ સહજાનંદ સ્વામી હજૂરની સેવામાં-કડિયાના પગાર થઈ જાવ ને પૈસા આવી જાય ને રાજી થઈ જાવ. ડંકો વગાડી દો.' આમ, લખ્યું પછી કવરમાં મુકાવ્યું, ચાંદલા કર્યા, પુષ્પો મૂક્યાં 'હાલો દેરીમાં', કવર મૂક્યું ચરણારવિંદ પર. મંડ્યા ધૂન કરવા 'સ્વામિનારાયણ સાક્ષાત્ પ્રભુ...' એવી ધૂન કરે કે આપણને એમ લાગે, આ શું ગાંડા છે? યોગીજી મહારાજ એકધારું બોલ્યા કરેઃ 'હે મહારાજ! દયા કરો, હૂંડી સ્વીકારી લ્યો, હૂંડી સ્વીકારી લ્યો...' આમ પ્રાર્થના કર્યા જ કરવા લાગ્યા.

અને ખરેખર એમની પ્રાર્થના ફળી. દશ વાગે ધૂન કરી ને પોણાબાર વાગ્યા હશે ને રાજકોટથી મોરારજી શેઠ આવ્યા. એમણે રૂપિયા ૧૩૦૦ રસોઈના આપ્યા. ત્યાં વળી, હીરજીભાઈ શેઠ આવ્યા. એમણે રૂપિયા ૬૦૦ આપ્યા. બપોરે બે વાગે પોસ્ટમેન મનીઓર્ડર લઈને આવ્યો. ૪૦૦ રૂપિયા શાસ્ત્રીજી મહારાજે મોકલાવેલા!! આ પૈસામાંથી કડિયાના પગાર ચૂકવાઈ ગયા. હું આશ્ચર્યચકિત થઈને જોતો રહ્યો.

એક વાર ગોંડલમાં સમૈયો હતો. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી ને બધા હાજર હતા. સંતો-હરિભક્તોની રસોઈ માટે બોઘરણામાં ઘી રાખ્યું હતું. પરંતુ કોઠારમાં સેવા કરતા એક સંતથી ભૂલથી બોઘરણું ઊંધું પડ્યું અને બધું ઘી ઢોળાઈ ગયું. નિર્ગુણ સ્વામી ખૂબ ધખ્યા, 'મૂરખ, ભાન પડે છે? બારનું ચોથ જાણે છે? કોઠારી શેનો થયો છું? મળે છે અત્યારે ઘી? આવા ને આવા ભેગા કર્યા છે બધા જોગી મહારાજે...' પરંતુ એવામાં યોગીજી મહારાજ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યાઃ 'આ ઘી તો મારાથી ઢોળાઈ ગયું છે.' તો પછી નિર્ગુણદાસ સ્વામીએ યોગીજી મહારાજનો ઉધડો લીધો. 'અરે, તમારો ભલો થાય...' અને જોગી મહારાજ શું હસે! શું હસે! નિર્ગુણદાસ સ્વામીની સામું તો બોલાય નહીં. પછી નિર્ગુણ સ્વામી જતા રહ્યા. પછી મેં યોગીજી મહારાજને પૂછ્યુંઃ 'તમે આવા કેવા સાધુ છો? તમે તો ઘી ઢોળ્યું નથી ને બીજાનો વાંક પોતાના માથે લીધો? નિર્ગુણ સ્વામી એટલું ધખ્યા તમને...'

ત્યારે હસતાં હસતાં યોગીજી મહારાજ મને કહે 'આપણે તો અક્ષર છીએ. એટલે શબ્દ નો લાગે આપણને. અને નિર્ગુણ સ્વામી તો બહુ દયાળુ...' એ વખતે નિર્ગુણ સ્વામીનો તાપ કોઈથી સહન ન થાય, પણ યોગીજી મહારાજે તો 'આપણે તો અક્ષર છીએ' - એમ અડધો કલાક મને સમજાવ્યું. એ અક્ષરની વાત અટાણે સમજાય છે.

બીજો પ્રસંગ છે મારા પોતાનો અંગત.

શાસ્ત્રીજી મહારાજની સુવર્ણજયંતી ઉત્સવ નિમિત્તે યોગીજી મહારાજ, હું, અર્જુનભાઈ ચાવડા સેવા માટે ગામડે ગામડે ફરતા હતા. અમે જામનગર પાસે પાંચસરા ગામે ગયા, હીરાબા સાહેબને ત્યાં. એમના ધણી દીવાન સાહેબ

હતા. હીરાબાને બહુ સત્સંગ. અમારી સાથે ભગવતસિંહભાઈ, ગીધુભાઈ વગેરે પણ હતા. યોગીજી મહારાજ પધાર્યા એટલે હીરાબા સાહેબ બહુ રાજી થયાં. મને આરતીમાં મૂકવા માટે એક સોનાની ગીની આપેલી. તે વખતે હું કોટ પહેરતો. આરતી થઈ પછી ગીની મૂકવા જ્યાં ખિસ્સામાં હાથ નાખ્યો ત્યાં તો ધ્રાસકો પડ્યો. ખિસ્સામાં ગીની ન મળી. બધા મારી તરફ શંકાશીલ નજરે જુએ. મને થયું, 'હું મરી જાઉં તો સારું. આટલા વખત સુધી કામ કર્યું ને આવું? હીરાબાને મારા પરથી કેવો વિશ્વાસ ઊઠી જશે? હવે મારે કીધા વિના છૂટકો છે?' હીરાબા બહારથી બધું જોતાં હતાં. આથી મેં એમની પાસે જઈને કહ્યું, 'ગીની ક્યાંક પડી ગઈ લાગે છે.' હીરાબાએ કહ્યું: 'કાંઈ નહીં, એમાં શું?' એમ કહેતાં ધડ કરતાં સોનાની ચાર બંગડી ઉતારી આપી. મને તો વાઢો તોય લોહી ન નીકળે, આપઘાત કરીએ તોય પૂરું ન થાય - એવી પરિસ્થિતિ હતી. ખાધું પીધું બધું બળી ગયું. રાજકુટુંબને મારો વિશ્વાસ ન રહ્યો. મને એનું ખૂબ દુઃખ હતું. મેં યોગીજી મહારાજને આ વાત કરી. તો યોગીજી મહારાજે મને કહ્યું કે, 'પાંચ મહાપૂજા માનો, ધૂન કરો, ગીની પાછી આવી જશે.' પછી ગોંડલ આવ્યો, પણ જાણે મડદા સમાન. અંદર આત્મા નહીં. યોગીજી મહારાજના વચને અક્ષરદેરીમાં મહાપૂજા કરી અને ખૂબ ધૂન-પ્રાર્થના કરી. પણ માણસો કાંઈ માને? એમ કરતાં ત્રણ દિવસ વીત્યા. ત્યાં પાંચસરાથી ટપાલ આવી કે 'રસોડા પાસેથી ગીની મળી ગઈ છે, માટે ચિંતા કરશો નહીં.'

યોગીજી મહારાજની ધૂન-પ્રાર્થનાઓ અમે સાંભળતા હતા ત્યારે શંકાઓ થતી હતી, પરંતુ આજે એમના બધા જ સંકલ્પો, એમની પ્રાર્થનાઓ, એમની ધૂન પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સાકાર થયેલી પ્રત્યક્ષ અનુભવું છું.

ક્યારેક મહાપૂજામાં પ્રાર્થના કરવા બાબતે ચર્ચા ચાલે. નિર્ગુણ સ્વામી ધખે, પણ યોગીજી મહારાજ કહે, 'પૂછો આ હકાભાઈને, મહાપૂજાની પ્રાર્થના ફળે છે કે નહીં?!'

અમદાવાદના વિનાયકરાય ત્રિવેદી સાહેબ બહુ મોટા વિદ્વાન. એમની શાળાઓ ચાલે, પરંતુ એમને અનિદ્રાનો રોગ થયો હતો. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની કૃપાથી આ રોગથી તેમની રક્ષા થઈ. આથી પ્રખર શિવમાર્ગી નાગર ગૃહસ્થ હોવા છતાં અને આખા કુટુંબનો વિરોધ, છતાં તેમણે સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં અને અજોડ સેવાભાવી સત્સંગી બન્યા. અમદાવાદમાં તેમની ખૂબ પ્રતિષ્ઠિત બે હાઈસ્કૂલો ઉપરાંત ભરૂચમાં પણ તેમની માલિકીની 'ધી યુનિયન હાઈસ્કૂલ' નામની એક શાળા હતી. ત્યાં તેમણે એક વખત શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની પધરામણી હાઈસ્કૂલમાં કરાવી. તે વખતે તેમની સાથે આશાભાઈ પ્રભુદાસ તથા હું સાથે હતા. વિનાયકરાય સાહેબની ઉંમર આશરે ૫૫ વર્ષની હશે. તેમને ફક્ત ત્રણ પુત્રીઓ જ હતી. આશાભાઈને જાણ થઈ કે વિનુભાઈ સાહેબને પુત્ર નથી. એટલે શાસ્ત્રીજી મહારાજને તેમણે પ્રાર્થના કરી કે 'બાપા! આ વિનુભાઈ સાહેબને પુત્ર નથી, તો આપ તેમને પુત્ર થાય તેવા આશીર્વાદ આપો.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'આ આપણા જોગી મહારાજ જેવા સંત આ બ્રહ્માંડમાં નથી. તેઓ વચનસિદ્ધ મહાપુરુષ છે. તેમને કહો કે તેઓ સ્વામી-મહારાજને પ્રાર્થના કરે.' એ વાત અમે યોગીજી મહારાજને કરી, એટલે તેઓ તો વિનુભાઈ સાહેબને ત્યાં પુત્રપ્રાપ્તિ થાય તે માટે તરત 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એવી જોરથી ધૂન કરવા લાગ્યા. અને તે જ વર્ષે આટલી મોટી ઉંમરે વિનુભાઈને ત્યાં પુત્રનો જન્મ થયો!

આમ, યોગીજી મહારાજની પ્રાર્થનાઓના અનેક દિવ્ય અનુભવો મને નજરે દેખાયા છે. પણ તોય, એ તો દાસના દાસ થઈને જ રહ્યા.

દુષ્કાળ વર્ષે ગુજરાત સરકારને સંસ્થા તરફથી દુષ્કાળ રાહત ફાળાનો ચેક અર્પણ કરવા માટે અમે યોગીજી મહારાજ સાથે તે વખતના ગવર્નર કાનુન્ગોને મળવા રાજભવનમાં ગયા હતા. ગવર્નર કામમાં હતા એટલે અમારે અડધો કલાક બેસી રહેવું પડ્યું. ચેક અર્પણ કરી પાછા ફર્યા ત્યારે અમારામાંથી મણિભાઈ બ્રહ્મભટ્ટે કહ્યું, 'સ્વામીબાપા, આપ તો રાજાધિરાજ. આપને આ લોકો બેસાડી રાખે એ વિપરીત કહેવાય.'

તરત જ યોગીજી મહારાજ લાક્ષણિકતાથી બોલી ઊઠ્યા: 'મણિભાઈ સાહેબ, રાજાધિરાજ થવામાં કાંઈ માલ નથી. માથે ખીલા વાગે. સેવક થયા છીએ તો સૌ જોગી જોગી કરે છે. બાદશાહપણું રાખીએ તો કોઈ ઊભો ન રહે. દાસત્વપણાનો આનંદ જુદો છે.'

યોગીજી મહારાજની ધૂન-પ્રાર્થનાઓ સાંભળતા હતા ત્યારે શંકાઓ થતી હતી, પરંતુ આજે એમના બધા જ સંકલ્પો, એમની પ્રાર્થનાઓ, એમની ધૂન પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સાકાર થયેલી પ્રત્યક્ષ અનુભવું છું અને યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે નમી પડું છું. ◆



# પ્રાર્થનાનો દીપ જલે છે

**કરોડો હૈયાંમાં શ્રદ્ધાની દૃઢ પ્રતીતિ સાથે...**

યુગો યુગોથી પ્રાર્થનાની દિવ્ય શક્તિનો ચમત્કાર કરોડો લોકો નિત્ય જીવનમાં અનુભવી રહ્યા છે. સમય, સ્થળ અને સંજોગો બદલાય છે. વ્યક્તિ, દેશ અને પરિવેશ બદલાય છે, પરંતુ સૌ કોઈ માટે પ્રાર્થનાનો પ્રભાવ અતુલનીય અને અનિર્વચનીય રહ્યો છે. એટલે જ કરોડો લોકોનાં હૃદયમાં આજે શ્રદ્ધાપૂર્વક, પ્રતીતિપૂર્વક પ્રાર્થનાનો દીપ અજવાળાં પાથરી રહ્યો છે. આધુનિક વિજ્ઞાનના મહારથીઓ પણ પ્રાર્થનાના આ પ્રભાવથી બાકાત રહ્યા નથી. વૈદિક સમયથી લઈને આજપર્યંત કરોડો લોકોનાં હૃદયમાં ઝળહળતાં એ પ્રાર્થના-દીપનાં અજવાળાં માણીએ પ્રસ્તુત લેખમાં...

■ સાધુ અક્ષરવત્સલદાસ

તારીખ હતી ૧૬મી જુલાઈ. વર્ષ હતું ૧૯૬૯નું.

અમેરિકાના મહાન વિજ્ઞાની વર્નર વૉન બ્રાઉન (Wernher von Braun) ચંદ્ર પર માનવીને લઈ ગયેલા પ્રથમ અવકાશયાન 'એપોલો ૧૧'નું સૂત્ર સંભાળી રહ્યા હતા. આજે અવકાશયાન એપોલો પૃથ્વી ગ્રહને છોડીને અંતરિક્ષમાં વિદાય થવાનું હતું. છેલ્લી ઘડીઓ ગણાઈ રહી હતી. એક એક સેકંડ તેમના માટે અગત્યની હતી. યાનને વિદાય આપવા માટેનો અંતિમ સંકેત તેમણે આપવાનો હતો. પરંતુ તે પહેલાં ઝીણામાં ઝીણી બાબત ચકાસવાની હતી. સમય અને ગતિની કે અન્ય જે કંઈ ગણતરીઓ કરી છે તે બરાબર છે? બધાં ઈલેક્ટ્રોનિક સાધનો બરાબર કામ કરશે? પાઈપો અને વાલ્વના જાળામાં લીકેજ તો નથી ને? બધાં કમ્પ્યૂટરના પ્રોગ્રામિંગમાં બધું જ યોગ્ય થયું છે? એવી અનેક બાબતોને ચકાસીને ફટાફટ નિર્ણયો લઈ રહ્યા હતા. એક નાનીસરખી ભૂલ પણ ભયંકર પરિણામ લાવી શકે તેમ હતી, પરંતુ આ બધા વચ્ચે સ્થિર મનથી ઝીણામાં ઝીણી બાબત ચકાસીને ડૉ. વર્નર વૉન બ્રાઉને યાનને ઊડવા માટે આદેશ આપ્યો. યાન તેજ ગતિએ ચંદ્ર ભણી ઊડ્યું, એટલું જ નહીં, ૨૦મી જુલાઈએ સફળતાપૂર્વક ચંદ્ર પર ઊતર્યું અને એક ઈતિહાસ સર્જાઈ ગયો. એક પત્રકારે ડૉ. વર્નરને પ્રશ્ન પૂછ્યો કે, 'તમે જ્યારે અંતિમ સિગ્નલ આપ્યું ત્યારપછી તમને કયો વિચાર આવેલો?' ત્યારે તેઓ બોલ્યા, 'મેં શાંતિથી ભગવાનને પ્રાર્થના કરી હતી.'

'ફાધર ઑફ સ્પેસ ફ્લાઈટ' એટલે કે અંતરિક્ષ યાત્રાના પિતા ગણાતા વર્નર વૉન બ્રાઉન જેવા વિજ્ઞાની જાહેરમાં કબૂલતા હતા કે તેમના જીવનની દરેક સફળતાનું રહસ્ય પ્રાર્થના છે. સન ૧૯૪૪માં જર્મન શાસક હિટલરના નાઝી કેમ્પમાંથી સહી સલામત છૂટવાની બાબત હોય કે માનવસહિત યાન ચંદ્ર પર ઉતારવાની બાબત હોય, પોતાના જીવનના પ્રત્યેક પ્રસંગે તેમણે પ્રાર્થનાનું અનન્ય મહત્ત્વ અનુભવ્યું હતું.

આવો જ અનુભવ માત્ર એકાદ વર્ષ પછી વિજ્ઞાનની દુનિયાના ધુરંધરોએ ફરીથી કર્યો.

એ ઘટના હતી એપોલો-૧૩ની. તા. ૧૧-૪-૧૯૭૦ના રોજ અમેરિકાની ધરતી પરથી વિદાય લઈને એપોલો-૧૩ યાન ૩,૦૦,૦૦૦ કિ.મી. જેટલે દૂર પહોંચી ગયું હતું, પરંતુ એટલે દૂર પહોંચ્યા પછી એવી કંઈક યાંત્રિક ખામી સર્જાઈ કે જેનો કોઈ ઈલાજ નહોતો. એપોલો યાન અને તેમાં બેઠેલા અંતરિક્ષ યાત્રીઓનો વિનાશ નિશ્ચિત હતો. ધુરંધર વિજ્ઞાનીઓ પણ લાચાર બન્યા હતા. ત્યારે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સને દુનિયાના દરેક નાગરિકને પ્રાર્થના માટે વિનંતી કરતાં કહ્યું હતુંઃ ''There is nothing we can do; only I request the whole of the American nation to get down on its knees and pray for three men, who had gone out in space.'' (''આપણે કશું કરી શકીએ તેમ નથી એટલું જ માત્ર કે સમગ્ર અમેરિકાના રાષ્ટ્રને હું વિનંતી કરું છું કે અવકાશમાં ગયેલા ત્રણ ત્રણ જણ માટે સૌ ઘૂંટણિયે પડી ભગવાનને પ્રાર્થના કરે.'') અને આ સમૂહપ્રાર્થના ફળી. ત્રણ અવકાશયાત્રીઓની અકલ્પનીય રક્ષા થઈ. આ મિશનના અલાર્મ સિસ્ટમ ઍન્જિનિયર જેરી વુડફિલે 'What really hapened to Apollo 13' નામના પોતાના લેખમાં સ્વીકાર કર્યો કે મિશનનો બચાવ પ્રાર્થનાથી જ થયો છે.

આ સુપ્રસિદ્ધ વૈશ્વિક ઘટનાઓથી લઈને નાનામાં નાની વ્યક્તિ સુધી પ્રાર્થનાનો પ્રભાવ વિશ્વના કરોડો લોકોએ અનુભવ્યો છે. માત્ર ધાર્મિક કે શ્રદ્ધાળુઓએ જ નહીં, પરંતુ નાસ્તિકોએ પણ જીવનની કપરી વેળાઓમાં પ્રાર્થનાની શક્તિનો અનુભવ કર્યો છે.

'પ્રાર્થનાની ભૂમિ' તરીકે ઓળખાતું ભારત તો પ્રાચીન સમયથી પ્રાર્થનાની શક્તિનો અનુભવ કરતું રહ્યું છે. પ્રાર્થનાનો સૌથી પ્રથમ નાદ જ અહીં ગુંજ્યો હતો. વિખ્યાત ફિલોસોફર અને ધર્મ-ઈતિહાસનાં પ્રસિદ્ધ લેખિકા એચ. પી.



અંતરિક્ષ યાન એપોલો-૧૧ અને અંતરિક્ષ યાન એપોલો-૧૩ની સફળ ચંદ્રયાત્રા પાછળ પ્રાર્થનાનો અનુભવ કરનારા પ્રસિદ્ધ વિજ્ઞાની વર્નર વૉન બ્રાઉન, જેરી વુડફિલ અને પ્રાર્થનાના પ્રતાપે અંતરિક્ષમાંથી જીવંત પાછા ફરનારા ત્રણ અંતરિક્ષ યાત્રીઓ...

બ્લેવેટ્સ્કી[1] પ્રમાણો સાથે ઋગ્વેદને 'The oldest of all the known ancient records' (પ્રાચીન જગતના નોંધાયેલા તમામ રેકોર્ડ્સમાં સૌથી પ્રાચીન દસ્તાવેજ) તરીકે વર્ણવે છે. માનવજાતિના પ્રાચીન દસ્તાવેજ સમો આ ઋગ્વેદ જગતની સર્વશ્રેષ્ઠ પ્રાર્થનાઓથી છલકે છે. ગાયત્રી મંત્ર કે વૈદિક શાંતિપાઠ જેવી એ ચિરંતન પ્રાર્થનાઓ છેલ્લાં ૧૦,૦૦૦ કરતાંય વધુ વર્ષોથી આજપર્યંત ગવાઈ રહી છે.

માત્ર વેદો નહીં, અઢાર પુરાણોનો સંચય પણ હકીકતે પ્રાર્થનાઓનો મહાસંચય છે. તેમાં રંતિદેવ રાજાએ કરેલી પ્રાર્થના તો પરોપકારના એક અજોડ ઈતિહાસસમી છે. આ ઉપરાંત સુરદાસ અને કબીર, રહીમ અને રોહીદાસ, મીરાંબાઈ અને ગંગાસતી, મુક્તાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી... એ સંતકવિઓ અને એમની પ્રાર્થનાઓની એક વિશાળ યાદી પર જ એક સંશોધનપત્ર લખી શકાય તેમ છે.

આ બધાનો અભ્યાસ પુરવાર કરે છે કે સહસ્રાબ્દીઓથી પ્રાર્થના ભારતીયોની શ્રેષ્ઠ પૂંજી બની રહી છે.

પરંતુ ભારતીયોની નવી પેઢીને આ પૈકી કેટલી પ્રાર્થનાઓ યાદ હશે? કેટલી પ્રાર્થનાઓ વિશે તેમને જાણ હશે? ભારતમાં પ્રત્યેક શાળા-કૉલેજમાં પ્રારંભે પ્રાર્થના કરવાનો રિવાજ હવે વીસરાતો જાય છે. આપણી કૉલેજિયન પેઢીને, અદાકારોમાં રસ છે તેટલો રસ કદાચ પરમાત્મામાં કે તેમની પ્રાર્થનામાં નથી રહ્યો. ઘરોમાં ગૃહિણીઓના કંઠે નિત્ય સવાર-સાંજ થતી પ્રાર્થનાઓનાં સ્વરો અને દૃશ્યો પણ યુટ્યૂબના યુગમાં દુર્લભ બનતાં જાય છે.

૧. H.P. Blavatsky, The Secret Doctrine, The Theosophical Publishing House, U.S.A., 2003, v.2, p. 606.

પરંતુ ફરી પાછો પ્રાર્થનાનો એ વારસો જાગ્રત કર્યા સિવાય ચાલે તેમ નથી. કારણ કે વિશ્વમાં હવે પરિવર્તનનો પવન ફૂંકાયો છે.

છેલ્લી એક સદીથી પ્રાર્થનાને મેડિકલ વિજ્ઞાન સાથે સાંકળવાનો જબરજસ્ત પ્રયાસ પશ્ચિમના દેશોમાં થઈ રહ્યો છે. પ્રાર્થના દ્વારા સારવારની પદ્ધતિ અપનાવનાર નોબેલ પારિતોષિક વિજેતા ફ્રેન્ચ ડૉક્ટર એલેક્સીસ કેરલથી લઈને આજપર્યંત કેટલાય સંશોધકોએ વિરોધો વચ્ચે પણ પ્રાર્થનાનો કેડો છોડ્યો નથી. નોબલ પારિતોષિક વિજેતા ડૉ. એલેક્સીસ કેરલ કહે છે કે એમણે નજરે જોયું છે કે એકમાત્ર પ્રાર્થનાથી થોડી જ ક્ષણોમાં મોઢાના ઘાવ, શરીરના અન્ય ઘાવ, કેન્સર, મૂત્રાશયના રોગ અને ટીબી વગેરે રોગોથી પીડાતા રોગીઓના રોગ મટી ગયા છે! તેમના મતે દર્દીને બેઠો કરવા માટે પ્રાર્થના અકસીર ઇલાજ છે![2]

અમેરિકાના સુપ્રસિદ્ધ ટાઈમ મેગેઝિનમાં ઑક્ટોબર ૧૦, ૨૦૦૪ના 'Can Prayers Heal?' વિષયક લેખના પ્રત્યુત્તરમાં અમેરિકાની રટગર્સ યુનિવર્સિટીના નર્સિંગના એસોસિએટ પ્રોફેસર એલિસ એલ. લેવ(Elise L. Lev) લખે છે: 'કોણ કહે છે કે પ્રાર્થનાનાં સંશોધનોને વિજ્ઞાન સાથે કોઈ લેવા-દેવા નથી? મેં કરેલા એક અધ્યયનમાં કેન્સરના દર્દીઓ માટે પ્રાર્થના તેમજ તે ઉપરાંત ધ્યાન વગેરેનો પ્રયોગ કર્યો હતો. દર્દી તરીકેના તેમના આત્મવિશ્વાસને લક્ષ્યમાં રાખીને મેં તેનાથી તેમનામાં શું ફરક પડ્યો તે નોંધ્યું. મને જાણવા મળ્યું કે જેમણે આ પ્રાર્થનાની આ રીત નહોતી

૨. 'कल्याण', भगवन्नाममहिमा और प्रार्थना-अंक, जनवरी-१९६५, गीताप्रेस, गोरखपुर, पृ. ४२९

અપનાવી તેમના કરતાં, જે દર્દીઓએ આ રીત અપનાવી હતી તેમનામાં રોગનાં ચિહ્નો નોંધપાત્ર રીતે ઘટ્યાં હતાં અને જીવનની ગુણવત્તા વધારે સારી થઈ હતી. સંશોધકોએ સ્ટ્રોક (મગજના રોગના હુમલા), એઇડ્સ, છેલ્લી અવસ્થાએ પહોંચેલા કિડનીના રોગો તેમજ અન્ય હઠીલાં દર્દોમાં પણ સંશોધનો દ્વારા આવાં જ પરિણામો મેળવ્યાં છે.'

જગવિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટીના નિષ્ણાત કાર્ડિયોલોજિસ્ટ અને વિભાગાધ્યક્ષ વિજ્ઞાની ડૉ. હર્બર્ટ બેન્સને પ્રાર્થના અને સ્વાસ્થ્યને અનુલક્ષીને કરેલાં સંશોધનો અમેરિકામાં સારી પેઠે ચર્ચાઈ ચૂક્યાં છે. ડૉ. બેન્સનનાં એ સંશોધનોથી દોરાઈને અમેરિકન પાર્લામેન્ટના કેટલાક સેનેટરોએ તેમની પાસેથી પ્રાર્થના કરવાની તાલીમ લીધી હતી! હર્બર્ટ બેન્સને 'ધ રિલેક્સેશન રિસ્પોન્સ' નામનું પુસ્તક લખીને પ્રાર્થના અને ધ્યાન ઉપર જગતને ચોંકાવનારાં વિધાનો કર્યાં હતાં. હાર્વર્ડ મૅડિકલ કૉલેજ તેમજ અન્ય મૅડિકલ સંસ્થાઓના સહયોગથી તેમણે હૃદયની બાયપાસ સર્જરી કરાવનારા ૧૮૦૨ દર્દીઓ પર પ્રાર્થના-ધ્યાનનો ઉપચાર તરીકે પ્રયોગ પણ કર્યો હતો.

> આરોગ્ય વિજ્ઞાનના વિશ્વમાં નવાં નવાં સંશોધનો ક્ષેત્રે અત્યંત વિશ્વસનીય ગણાતા સામયિક 'જર્નલ ઑફ અમેરિકન મેડિકલ એસોસિયેસન'માં 'શું ડૉક્ટરોએ દવામાં પ્રાર્થના સૂચવવી જોઈએ?' શીર્ષક સાથે લેખ પ્રકાશિત કરીને સંશોધનરત નિષ્ણાત તબીબોએ અનેક દલીલો સાથે પ્રાર્થના અને સ્વાસ્થ્યના સંબંધ વિશે ભરપૂર પુરાવાઓ આપ્યા છે.

હાર્વર્ડ યુનિર્વસિટીના 'હાર્વર્ડ યુનિવર્સિટી ગેઝેટ' નામના ઈ-મેગેઝીનમાં ડૉ. બેન્સન કહે છે : 'From the Upanishads to modern prayer recitation, the concept of breaking of the train of everyday thought to gain a sense of calm is a worldwide phenomenon.'[3]

માત્ર ડૉ. હર્બર્ટ બેન્સન જ નહીં, અમેરિકાના અનેક નામાંકિત તબીબી વિજ્ઞાનીઓ તેમજ નામાંકિત મૅડિકલ સંસ્થાનો આરોગ્ય પર પ્રાર્થનાની અસરો વિષે વિવિધ સફળ સંશોધનો કરી રહ્યાં છે.

આરોગ્ય વિજ્ઞાનના વિશ્વમાં અત્યંત વિશ્વસનીય ગણાતા સામયિક 'જર્નલ ઑફ અમેરિકન મેડિકલ એસોસિયેસન (JAMA)માં 'શું ડૉક્ટરોએ દવામાં પ્રાર્થના સૂચવવી જોઈએ?' ('Should physicians prescribe prayer for health?') શીર્ષક સાથે લેખ પ્રકાશિત કરીને સંશોધનરત નિષ્ણાત તબીબોએ અનેક દલીલો સાથે પ્રાર્થના અને સ્વાસ્થ્યના ભરપૂર પુરાવાઓ આપ્યા છે.[૪]

આ લેખમાં જણાવ્યા પ્રમાણે, અમેરિકાની 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થકેર રિસર્ચ' દ્વારા સ્વાસ્થ્યના સુધારામાં આધ્યાત્મિકતાના યોગદાન વિશે સંશોધનો હાથ ધરવામાં આવ્યાં હતાં. આ સંશોધનોના અનુસંધાનમાં ડૉ. સ્ટીફન પોસ્ટ જણાવે છે કે 'પુરાવાઓ ઉપરથી હવે એ સ્પષ્ટ થયું છે કે, પ્રાર્થના-આધ્યાત્મિકતા એક મહત્ત્વનું મેડિકલ સાધન છે જેની દર્દીની સારવારમાં ખાસ ગણના કરવી જોઈએ!'[૫]

અમેરિકામાં આરોગ્ય વિષયક સર્વેક્ષણોમાં 'ગેલપ પોલ'નું ખૂબ મહત્ત્વ છે. સન ૧૯૩૦થી આ સર્વેક્ષણો કરી રહેલી ગેલપ સંસ્થાએ છેલ્લાં ૩૫ વર્ષોમાં ૧૨ સર્વેક્ષણો અમેરિકનોની શ્રદ્ધા વિશે કર્યાં છે. આ સંસ્થાના સૂત્રધાર જ્યોર્જ ગેલપ(જુનિયર) કહે છે : 'અમારાં સર્વેક્ષણોમાં અમને ખૂબ મોટી સંખ્યામાં અમેરિકનો કહે છે કે પ્રાર્થના તેમના જીવનનો અતિ મહત્ત્વનો ભાગ છે. તેઓ માને છે કે ભગવાનની પ્રાર્થનાથી ચમત્કાર સર્જાય છે અને કેટલીક વખત તેમને ભગવાનના સાંનિધ્યનો પણ અનુભવ થાય છે.. હવે સાઇકિયાટ્રિસ્ટો માનસિક રોગોમાંથી સાજા થવા માટે ધર્મ અને શ્રદ્ધાનું મહત્ત્વ નજરઅંદાજ કરી શકે તેમ નથી.' આમ કહીને જ્યોર્જ ગેલપે ઉમેર્યું હતું કે 'પ્રાર્થના અને આરોગ્યના સંબંધને હવે સ્વીકૃતિ મળી છે. દૃઢ શ્રદ્ધા આપણી જીવનશૈલી અને સ્વાસ્થ્ય પર ગહન પ્રભાવ ઊભો કરી શકે છે.'[૬]

ઈસ્ટર્ન વર્જિનિયા મૅડિકલ સ્કૂલ (નોરફ્લોક)ના એસોસિયેટ પ્રોફેસર ડૉ. જેફરી એસ. લેવિને હૃદયરોગ, કેન્સર, ટીબી અને આત્મહત્યાની લાગણી જેવા સંજોગોમાં પ્રાર્થના-અધ્યાત્મની ઉપયોગિતા વિશે ખાસ સંશોધનો કર્યાં છે. તેણે જણાવ્યું હતું કે 'અમારાં ૨૭ સર્વેક્ષણો પૈકી ૨૨

૩. ૪ માર્ચ, ૨૦૦૪

૪. Marwick C. Should physicians prescribe prayer for health? Spiritual aspects of well-being considered. JAMA May 24/31, 1995;273, No. 20:1561-1562.

૫. એજન.

૬. એજન.

સર્વેક્ષણો સ્વાસ્થ્ય પર પ્રાર્થનાની અસરકારકતા નોંધપાત્ર ગણાવે છે.'[૭]

નોર્થ કેરોલીનાની ડરહમ યુનિવર્સિટી મેડિકલ સેન્ટરના પ્રોફેસર ડૉ. હેરોલ્ડ કોનિંગ કહે છેઃ 'હૃદયરોગ, ડાયાબિટીસ વગેરે રોગોમાં જે લોકો પ્રાર્થના વગેરે ધાર્મિક ક્રિયાઓમાં વધારે પ્રવૃત્ત રહે છે તેવા દર્દીઓને બીજા દર્દીઓ કરતાં દર્દ અને હતાશા-નિરાશાનો શિકાર બનવાની શક્યતા ઓછી રહે છે... આ કંઈક એકલદોકલ અભ્યાસનું તારણ નથી, અમેરિકાના જુદા જુદા ભાગોમાં થયેલા ઓછામાં ઓછા ૫૦ જુદા જુદા અભ્યાસોએ આ પુરવાર કર્યું છે.'

પ્રાર્થનાના સ્વાસ્થ્ય પરના આવા સંગીન અભ્યાસો પછી ડૉ. કોનિંગે તો ત્યાં સુધી જણાવ્યું કે સરકારે લોકોના સ્વાસ્થ્ય માટે ધાર્મિક સંસ્થાઓની સાથે રહીને આધ્યાત્મિક રીતે કાર્ય કરવું જોઈએ![૮]

'જર્નલ ઑફ અમેરિકન મૅડિકલ એસોસિયેશન' (JAMA)ના આ સંશોધનલેખમાં અંતે ટાંકવામાં આવ્યું છે કે 'Spirituality and religion have important health benefits and more detailed studies using more accurate measures of this are warranted. The question today is not whether there are health benefits, it is how these benefits can be obtained. We can no longer offer to neglect this important clinical variable.'[૯]

'પાવર ઑફ પ્રેયર' શીર્ષક સાથે 'જામા'માં એક મહત્ત્વપૂર્ણ સમાચાર પ્રકાશિત થયા હતા. લંડનના જહોન જેહુ નામના એક પોસ્ટમેનને સિટી બસે કચડી નાખ્યો. માથામાં ખૂબ ઈજા થઈ હતી અને મગજનો જમણો ભાગ ખરાબ રીતે ઘવાયો હતો. ડૉક્ટરોના મત મુજબ તે હવે ક્યારેય ચાલી શકે તેમ નહોતો. તેનું એક અંગ લકવાગ્રસ્ત થઈ ગયું હતું. તે કોઈ રીતે સાજો થાય તેવી સંભાવના નહોતી, પરંતુ એક ડૉક્ટરને પ્રાર્થનાની શક્તિ પર વિશ્વાસ હતો. તેણે પોતાના બધા સાથીદારો અને સ્નેહીઓને આ પોસ્ટમેન માટે પ્રાર્થના કરવા વિનંતી કરી. સૌએ સમૂહ પ્રાર્થના કરી અને તેનો પ્રભાવ જોઈને સૌ વિસ્મિત થઈ ગયા. સારવાર પછી એ દર્દી ચાલવા લાગ્યો અને બોલતો પણ થઈ ગયો.[૧૦]

આવાં અનેક પરિણામોથી પ્રેરાઈને અમેરિકામાં અનેક ધાર્મિક સંસ્થાઓ હૉસ્પિટલોમાં પ્રાર્થના કરવાની મોટા પાયે પ્રવૃત્તિઓ કરે છે. તેમાંય દર્દી માટે બીજાઓએ કરેલી નિઃસ્વાર્થ પ્રાર્થનાનો પ્રભાવ અનેકગણો વધુ અસરકારક પુરવાર થયો છે. બ્રિટિશ મેડિકલ એસોસિયેશનના ઉપસચિવ ડૉ. ક્લેક્સટન કહે છે[૧૧] : 'જો આપણે આપણું કાર્ય શ્રેષ્ઠ બનાવવું હોય તો આ આધ્યાત્મિક શક્તિની સહાયતા વધુ ને વધુ લેવી જ પડશે.'

તાજેતરમાં આવેલા કોવિડ-૧૯ના ભયાનક પેનડેમિકમાં પણ લાખો લોકોએ પ્રાર્થનાના પ્રભાવનો અનુભવ કર્યો છે. આ વિષય પર સંશોધન કરનારી યુરોપની પ્રસિદ્ધ કોપનહેગન યુનિવર્સિટીનાં વિદુષી જિનેટ સિન્ડિંગ બેન્તઝેન (Jeanet Sinding Bentzen) નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિનના પોર્ટલ પર 'In crisis, we pray: Religiosity and the COVID-19 pandemic' શીર્ષક સાથે સંશોધન લેખ લખીને નોંધે છે કે, 'કટોકટીના સમયમાં મનુષ્યો ધર્મ કે અધ્યાત્મ તરફ વળે છે એ સ્વાભાવિક છે. કોવિડ-૧૯ની મહામારી પણ કોઈ અપવાદ નથી. ૧૦૭ દેશોના ગુગલ સર્ચના ડેટા સૂચવે છે કે કોવિડના સમયમાં પ્રાર્થના વિશેનાં સંશોધનોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો. પેનડેમિક આવ્યા પછીના થોડા જ સમયમાં ગુગલ સર્ચમાં પ્રાર્થના વિશે શોધ કરનારાઓમાં ૩૦ ટકાનો ઉછાળો આવ્યો હતો. આ ઉછાળો અત્યાર સુધીમાં નોંધાયેલો મોટામાં મોટો ઉછાળો છે. સંશોધનોથી એ પુરવાર થયું છે કે સમગ્ર વિશ્વમાં પેનડેમિક દરમ્યાન ધાર્મિકતા - પ્રાર્થનાની ખૂબ અભિવૃદ્ધિ થઈ છે, જેની સીધી અસરો પણ સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ પર અનુભવાઈ છે.'[૧૨]

પ્રાર્થના પરનાં આવાં અનેક સંશોધનોના કારણે અમેરિકાના દર્દીઓમાં પણ જાગૃતિનો પવન ફૂંકાયો છે. ૧૯૯૯માં Archives of Internal Medicine દ્વારા રજૂ થયેલા એક સર્વેક્ષણમાં નોંધાયા મુજબ ૯૦ ટકા દર્દીઓએ પ્રાર્થના દ્વારા આરોગ્યમાં શ્રદ્ધા વ્યક્ત કરી હતી. અને ૯૪ ટકા દર્દીઓએ દૃઢ ઇચ્છા વ્યક્ત કરી હતી કે તેમના ડૉક્ટરો દવાઓ ઉપરાંત પ્રાર્થના વગેરે આધ્યાત્મિક બાબતો પર પૂરતું ધ્યાન આપે![૧૩]

---

૭. એજન.

૮. એજન.

૯. એજન.

૧૦. 'कल्याण', भगवन्नाममहिमा और प्रार्थना-अंक, जनवरी-१९६५, गीताप्रेस, गोरखपुर, पृ. ४२५-४२६.

૧૧. એજન.

૧૨. https://www.ncbi.nlm.nih.gov/pmc/articles/PMC8557987/

૧૩. King DE, Bushwick B. Beliefs and attitudes of hospital inpatients about faith healing and prayer. J Fam Pract

વિખ્યાત વર્તમાનપત્ર ‘ન્યૂયોર્ક ટાઈમ્સ’માં એક લેખમાં ફિઝિશિયનોનો મત ટાંકીને તો ત્યાં સુધી જણાવાયું હતું કે, ‘...the medicine of the future is going to be prayer.’ અર્થાત્ ભવિષ્યમાં તો પ્રાર્થના જ સૌથી મોટી દવા બની રહેશે![૧૪]

જોકે અમેરિકન આરોગ્ય-વિજ્ઞાનીઓ આ સદીમાં જે વાતો કરી રહ્યા છે તે ભારતમાં સદીઓ પૂર્વેથી અનુભવમાં પંકાયેલી છે. મીરાંબાઈ ભજન કરતાં કરતાં ઝેર પચાવી ગયાં એ શું હતું? અક્ષરદેરીમાં યોગીજી મહારાજને કરડેલા કાળોતરા સાપનું ઝેર ઊતર્યું એ સ્વામિનારાયણ નામની ધૂન સાથે પ્રાર્થનાનો પ્રતાપ નહોતો? શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ કે સંતો-ભક્તોની પ્રાર્થનાનો દિવ્ય પ્રતિભાવ સૌએ અનેક વખત અનુભવ્યો છે. સ્થળ સંકોચથી તેનાં ઇતિહાસપ્રસિદ્ધ ઉદાહરણો અહીં નથી મૂકી શકાયાં.

અમેરિકન આરોગ્ય-વિજ્ઞાનીઓ આ સદીમાં જે વાતો કરી રહ્યા છે તે ભારતમાં સદીઓ પૂર્વેથી અનુભવમાં પંકાયેલી છે. મીરાંબાઈ ભજન કરતાં કરતાં ઝેર પચાવી ગયાં એ શું હતું? અક્ષરદેરીમાં યોગીજી મહારાજને કરડેલા કાળોતરા સાપનું ઝેર ઊતર્યું એ સ્વામિનારાયણ નામની ધૂન સાથે પ્રાર્થનાનો પ્રતાપ નહોતો? શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ કે સંતો-ભક્તોની પ્રાર્થનાનો દિવ્ય પ્રતિભાવ સૌએ અનેક વખત અનુભવ્યો છે.

હવે વિશ્વમાં, માત્ર આરોગ્ય ક્ષેત્રે નહીં, વિજ્ઞાનની અનેક શાખાના ધુરંધરો પ્રાર્થનાનું મહત્ત્વ આંકે છે.

વિશ્વના મૂર્ધન્ય વૈજ્ઞાનિક ડૉ. ચાર્લ્સ સ્ટાઇનમેટ્ઝ કહે છે: ‘૨૧મી સદીમાં એક દિવસ લોકોને ગમ પડશે કે ભૌતિક વસ્તુઓ સુખ આપી શકતી નથી. ત્યારે વૈજ્ઞાનિકો તેમની યોગશાળાઓ ભગવાનના અભ્યાસ અને પ્રાર્થનાખંડમાં ફેરવશે, ત્યારે વિશ્વ એક જ પેઢીમાં ચાર પેઢી જેટલી ગતિ સાધી શકશે!’

સમર્થ ગુજરાતી કવિ શેખાદમ આબુવાલા અમેરિકા ગયા ત્યારે વિશ્વવિખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઈનસ્ટાઈનને મળવાની તીવ્ર ઝંખના હતી. આઈનસ્ટાઈન પાસે સમય નહોતો તેથી તેમનો સેક્રેટરી સમય ફાળવી શકે તેમ નહોતો. છેવટે તેમના અતિ આગ્રહને કારણે આઈનસ્ટાઈનને મળવાનું નિમંત્રણ મળ્યું, પણ તે દરરોજ સાંજે આઈન્સ્ટાઈનના ઘરે થતી કુટુંબ પ્રાર્થનામાં સામેલ થવાનું નિમંત્રણ હતું! શેખાદમને આશ્ચર્ય થયું કે આ મહાન વિજ્ઞાની ઘરે રાત્રે પોતાના પરિવાર સાથે નિયમિત પ્રાર્થના કરીને સમૂહમાં એક સારા પુસ્તકનો પાઠ કરતા હતા![૧૫]

ન્યૂયોર્કની સન્ડે સ્કુલમાં છઠ્ઠા ધોરણમાં ભણતા એક બાળકે તા. ૧૯-૧-૧૯૩૬ના રોજ એક પત્ર લખીને આઈન્સ્ટાઈનને પૂછ્યું હતું: ‘શું વૈજ્ઞાનિકો પ્રાર્થના કરે ખરા? કરતા હોય તો શા માટે?’

આ પત્રનો જવાબ આપતાં આઈન્સ્ટાઈને લખ્યું હતું: ‘‘પ્રાર્થના એટલે સર્વોપરિ પરમાત્મા સમક્ષ માણસે વ્યક્ત કરેલી ઇચ્છાઓ. આ સૃષ્ટિમાં જે કાંઈ ઘટના બને છે તે પ્રાકૃતિક નિયમો અનુસાર ઘટે છે. તેથી કોઈ સંશોધક વિજ્ઞાની ભાગ્યે જ એ સ્વીકારવા તરફ ઢળશે કે સૃષ્ટિની ઘટનાઓ પર પ્રાર્થનાનો પ્રભાવ હોઈ શકે છે. ગમે તે હોય પણ, એ નિયમો વિશેનું આપણું જ્ઞાન અપૂર્ણ અને ખંડિત છે એમ સ્વીકારવું જ પડે. તેથી પ્રકૃતિના એ સર્વે સિદ્ધાંતોમાં માનવું તે પણ એક શ્રદ્ધા જ છે. આ શ્રદ્ધા સફળ વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા સારી રીતે ઉચિત ઠરી છે... જે કોઈ વ્યક્તિ વિજ્ઞાનનાં સંશોધનોમાં ગંભીરતાથી જોડાયેલી છે તેને ખાતરી થાય છે કે બ્રહ્માંડના એ નિયમોમાં એક જીવંતતત્ત્વ પ્રગટે છે, જે માણસ કરતાં અનેકગણું વધારે મહાન છે, અને તેમની સામે આપણી અલ્પ શક્તિઓથી વિનમ્રતા અનુભવાય છે. વૈજ્ઞાનિક પુરુષાર્થ એક ખાસ અર્થમાં આવી આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે, જે ખરેખર સરળ શ્રદ્ધાળુઓની શ્રદ્ધા કરતાં કંઈક અલગ છે.’[૧૬]

વિશ્વના વિજ્ઞાનીઓ અને ચિંતકો પોતપોતાની રીતે પ્રાર્થનાના અનુભવોને ઘટાવે છે, જ્યારે ભારતીય ભક્તિપરંપરાએ પ્રાર્થનાનો સરળ અર્થ કર્યો છે: ‘આશ્રય, શરણાગતિ.’ ભગવાન સ્વામિનારાયણે પ્રાર્થનાને ભગવાનના આશ્રય તરીકે ખૂબ મહત્ત્વ આપ્યું છે. પ્રત્યેક પ્રાર્થના ભગવાનની શરણાગતિનો મંત્ર છે. ભગવાન પોતાના **(અનુસંધાન પૃ. ૪૮ પર)**

1994;39:349-352

૧૪. Sides H. The calibration of belief. New York Times Magazine. Dec. 7, 1997:92-5.

૧૫. ડૉ. ભરત જે. કાનાબાર, અખંડ આનંદ, જાન્યુ. ૨૦૦૫.

૧૬. Albert Einstein the Human Side, Helen Dukas and Banesh Hoffman, eds., Princeton, New Jersey: Princeton University Press, 1981, p. 32.



# આત્માનું સ્નાનઃ પ્રાર્થના

**આત્માના ખોરાક, વિશ્રામ, વ્યાયામ અને સ્નાન સમી પ્રાર્થનાનું ચિંતન**

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ સાથે વર્ષોના આધ્યાત્મિક અનુભવોથી સભર પૂજ્ય ડૉક્ટર સ્વામી આધ્યાત્મિક સાધના માટે કે ભૌતિક પ્રગતિ માટે હંમેશાં પ્રાર્થનાનો મહિમા ગાતા રહ્યા છે. ભૌતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે તમામ સ્તરે પ્રાર્થના જેવો કોઈ શ્રેષ્ઠ ઇલાજ નથી. વ્યક્તિગત અને વિશાળ સમુદાયના અનુભવો સાથે પૂજ્ય ડૉક્ટર સ્વામીની કલમે પ્રાર્થનાનો મહિમા અને પ્રેરણા પામીએ...

■ સાધુ સ્વયંપ્રકાશદાસ (ડૉક્ટર સ્વામી)

પ્રાર્થના આત્માનો ખોરાક છે. આપણને શરીરના ખોરાકની વાત સમજાય છે, પણ શરીરની અંદર જે ચૈતન્ય આત્મા છે, તેના ખોરાકની ખબર નથી. એનો ખોરાક પ્રાર્થના છે.

પ્રાર્થના આત્માનો વિશ્રામ છે. મહેનત કરીને આપણો દેહ થાકી જાય છે ત્યારે આપણે આરામ કરી લઈએ છીએ, તેમ શરીરની અંદર રહેલો જીવ પણ થાકી જાય છે. એને આરામની જરૂરિયાત છે. એ આરામ એને પ્રાર્થનામાંથી મળે છે.

પ્રાર્થના એ આત્માનો વ્યાયામ છે. શરીરને સ્વસ્થ રાખવા અને વધારે બળવાન બનાવવા માટે બધા વ્યાયામ કરે છે. તેમ આત્માને સ્વસ્થ અને બળવાન બનાવવાનું સાધન છે – પ્રાર્થના.

પ્રાર્થના આત્માનું સ્નાન છે. સ્નાનથી અશુદ્ધિ નીકળી જાય છે, શરીરમાં એકદમ સ્ફૂર્તિ આવી જાય છે, પરંતુ કેટલીક અશુદ્ધિ દેખાતી નથી. જેમ હવામાં ઝીણી ધૂળની રજકણો હોય છે, દિવસ દરમ્યાન એ બધો કચરો ઓરડામાં ભેગો થતો હોય છે. આ કચરો રોજ સાફ કરવો પડે છે. એ સાફ કરીએ નહીં તો થોડા દિવસ પછી શું થાય? એમ આત્માની અંદર પણ આવો કેટલોય કચરો ભરાતો હોય છે. સાંભળવામાં, જોવામાં, વાંચવામાં, લખવામાં કંઈક ને કંઈક કચરો ભરાતો હોય છે. પ્રાર્થનાથી આત્માની અશુદ્ધિની આપણને ખબર પડે છે અને તેને સાફ કરવાનું સાધન પણ પ્રાર્થના છે.

પ્રાર્થના એક અનંત શક્તિ છે. પ્રાર્થનાથી આત્માને બળ મળે છે. કોઈપણ કાર્ય સારી રીતે કરવું હોય તો પ્રાર્થના જરૂરી છે. એમાંથી બળ આવે છે. માણસનું બળ કેટલું છે? છીછરા કૂવાનાં પાણી જેટલું. એવા કૂવામાં તમે એક નાની મોટર મૂકો તો પાંચ મિનિટમાં કે અડધા કલાકમાં પાણી ખાલી કરી નાંખે. પરંતુ કૂવામાં બોરિંગ કરીને વિક્ટોરિયા જેવા મહાસરોવર સાથે જો એનું જોડાણ જોડી દેવામાં આવે અને પછી પમ્પ મૂકવામાં આવે તો! એ પાણી કોઈ દિવસ ખૂટે? એમ પ્રાર્થના પણ ભગવાન સાથે આપણને જોડનારી એક કડી છે. ભગવાનની શક્તિ અનંત છે. પ્રાર્થના ભગવાનની અનંત શક્તિ આપણામાં લાવે છે અને આપણે દરેક કાર્યમાં સફળ થઈએ છીએ.

દરેક પ્રાર્થનામાં આપણને તરત જ જવાબ મળે એવું નથી. કોઈકનો જવાબ આજે મળે, કોઈકનો કાલે મળે, કોઈકનો વરસેય મળે તો કોઈકનો પાંચ વરસેય મળે! એ પ્રાર્થના કરનારની અંદરની તીવ્રતા પર આધાર રાખે છે. પરંતુ કોઈ પણ પ્રાર્થના ક્યારેય પણ નિષ્ફળ જતી નથી. એ ઘણા બધાનો અનુભવ છે. No prayer goes unheard.

દુનિયાના કોઈપણ ધર્મમાં પ્રાર્થનાનું મહત્ત્વ છે. હવે પરદેશમાં હૉસ્પિટલોમાં દર્દી પાસે પ્રાર્થના કરાવવામાં આવે છે, જે સારવારનો જ એક ભાગ છે. સારવાર હેઠળ કેટલાંક નાનાં બાળકો કે જે બોલી શકતાં ન હોય, અથવા તો કોઈ દર્દી બેભાન અવસ્થામાં હોય અને પ્રાર્થના કરી શકે એમ ન હોય તો એમનાં સગાંવહાલાં એમને માટે પ્રાર્થના કરે છે. આ પ્રાર્થના કરાવવા માટે તથા લોકોને પ્રાર્થનામાં વિશ્વાસ ઉત્પન્ન થાય એ માટે પ્રાર્થનાના નિષ્ણાતને રોકવામાં આવે છે. વિજ્ઞાનીઓ પણ હવે પ્રાર્થનાની શક્તિનો સ્વીકાર કરે છે.

જ્યારે ચંદ્ર પર યાન મોકલવાનું હતું તેની થોડી ક્ષણો પહેલાં મુખ્ય વૈજ્ઞાનિકને પ્રેસ રિપોર્ટરે પ્રશ્ન પૂછ્યો: 'તમારે યાન મોકલવાનો સમય કયો છે?' વૈજ્ઞાનિકે જવાબ આપ્યો: 'બરાબર ૧૧-૦૦ કલાકે.' રિપોર્ટરે ફરી પૂછ્યું: 'એની તૈયારીમાં તમારે હવે શું બાકી છે?' વૈજ્ઞાનિકે જવાબ આપ્યો: 'કશું જ બાકી નથી, બધું જ ગોઠવાઈ ગયું છે. બસ અત્યારે અમે પ્રાર્થના કરીએ છીએ. અમે બધું બરાબર ગોઠવ્યું છે પરંતુ અમારું આ કાર્ય નિષ્ફળ ન જાય એને માટે અમે પ્રાર્થના કરીએ છીએ.'

કોઈ પણ કાર્યની સફળતા માટે પ્રાર્થના શક્તિ આપે છે.

પ્રાર્થના અનેક હેતુઓ માટે થતી હોય છે. પ્રાર્થના

પોતાના માટે તથા અન્યના દુઃખ કે પ્રશ્ન માટે પણ કરી શકાય છે. પ્રાર્થનામાં હંમેશાં કંઈ માંગવાનું જ નથી હોતું. પોતાની ભૂલોની ભગવાન આગળ રજૂઆત કરવી અને મનોમન એની ક્ષમા માગવી એ પણ પ્રાર્થનાનો એક પ્રકાર છે. પ્રાર્થના કરતી વખતે આપણાથી કંઈક ભૂલ થઈ હોય એ ભૂલની આપણે ભગવાન આગળ કબૂલાત કરીએ તો ભગવાન તે ભૂલો માફ કરે છે. કોઈ વ્યક્તિ પ્રત્યે ભૂલ થઈ હોય અને તેની પાસે જઈને કોઈ પોતાની ભૂલનો સ્વીકાર કરે તો સજ્જન માણસ માફ કરી દે છે. જો એક સજ્જન માફ કરી દે તો ભગવાન તો માફ કરે જ!

જીવનમાં કોઈપણ મુશ્કેલી હોય, ભણવામાં, નોકરીમાં કે વેપારમાં, પણ એ દૂર કરવાનો ઉપાય પ્રાર્થના છે.

આપણી ઉપર ભગવાનના અનંત ઉપકારો છે. આવા અનંત ઉપકારોનું હૃદયપૂર્વક સ્મરણ કરવું એ પણ એક પ્રાર્થના જ છે. ભગવાને આપણને જે કંઈ આપ્યું છે તેનો આપણે આભાર માનવો જોઈએ. કોઈક આપણને ખાવાનું આપે, કપડાં આપે અથવા આપણું કામ કરી આપે તો આપણે તેમનો આભાર માનીએ છીએ. તો ભગવાનનો આભાર દરરોજ માનવો જોઈએ: 'હું જીવું છું તે તમારા આધારે જીવું છું! મારા ચોવીસ કલાક પસાર થયા અને હું જીવી શક્યો તે તમારા આધારે છે.' આપણી રક્ષા કરનાર અને જીવન આપનાર ભગવાનનો આભાર માનવો જોઈએ.

વિદ્યાર્થીએ અભ્યાસમાં પ્રગતિ કરવાનું તથા અભ્યાસ કરીને મહારાજ-સ્વામી પ્રસન્ન થાય એવું જીવન ઘડવાનું બળ, બુદ્ધિ અને સંગની માગણી કરવી. ગમે તેટલા હોશિયાર હોય, પરંતુ શરીર સ્વસ્થ ન હોય તો અભ્યાસ સારો ન થઈ શકે. વળી, ભગવાન પાસે અનંત બુદ્ધિ છે. એ બુદ્ધિ એમની પાસે માગવી. સાથે સાથે સંસ્કારી વ્યક્તિનો સંગ માગવો. આ રીતે અભ્યાસમાં પ્રગતિ થાય અને ભગવાન રાજી થાય એવું આપણું જીવન બને એ માટે પ્રાર્થના કરવી.

વ્યવહારમાં તથા સત્સંગમાં કેટલાક પ્રશ્નો બહુ નાજુક હોય છે. એ વખતે કેવી રીતે નિર્ણય કરવો? તો એ વખતે ખાસ પ્રાર્થના કરવી. ભગવાન માર્ગ બતાવશે.

અબ્રાહમ લિંકન લડાઈના મેદાનમાં પણ પ્રાર્થના કરતા હતા. એમનો એક પ્રસંગ રીડર્સ ડાયજેસ્ટમાં આવેલો. એક વખત લડાઈ ચાલતી હતી. આ લડાઈમાં આગેકૂચ કરવી કે ન કરવી? પાછા વળી જવું? શું કરવું? એ અંગેનો નિર્ણય ઑફિસરો લઈ શકતા નહોતા. તેઓને મૂંઝવણ થતી હતી. તેમણે અબ્રાહમ લિંકન પાસે રજૂઆત કરી. લિંકને આખી પરિસ્થિતિ જાણી લીધી, પરંતુ તેઓ પણ નિર્ણય લઈ શક્યા નહીં. એમણે કહ્યું કે, 'તમે ઊભા રહો. મારી બુદ્ધિ આમાં પહોંચે એવી નથી. હું પ્રાર્થના કરીને પછી તમને કહું. એમાંથી જે જવાબ આવે એ સાચો.' પછી તેમણે લડાઈના મેદાનની અંદર ટેન્ટમાં ભગવાનને આર્દ્રભાવે પ્રાર્થના કરી. પ્રાર્થનાના અંતે તેમને અંદરથી જ પ્રેરણા થઈ કે લશ્કરને આગળ ધપાવવું. શરણે જવું નથી, લડી લેવું છે, પાછા વળવું નથી. તેમણે પોતાનો આ નિર્ણય ઑફિસરોને જણાવ્યો. પ્રાર્થનાના અંતે લેવાયેલા એ નિર્ણયથી તેઓને સફળતા મળી. માણસ કલ્પી શકે એના કરતાં વધારે એ પ્રાર્થનાથી મેળવે છે.

ઘર, વેપાર, ધંધા, ઉદ્યોગ, નોકરી બધામાં પ્રાર્થના આવશ્યક છે. પોતાના કામકાજની અંદર અગત્યના નિર્ણયો પ્રાર્થના કરીને કરો. કારખાનામાં કે શક્ય હોય તો ઑફિસમાં પ્રાર્થના દાખલ કરો. ધીરે ધીરે પાંચ મિનિટ કે દશ મિનિટ પણ પ્રાર્થના માટે ફાળવો. હું કેટલાક ઉદ્યોગપતિઓના પરિચયમાં છું, જેમના કારખાનામાં રોજ પ્રાર્થના થાય છે. બધા માણસો પ્રાર્થના કરે ત્યારબાદ જ કારખાનાનું કામકાજ શરૂ થાય. સવારે ૧૦ મિનિટ અને સાંજે ૧૦ કે ૧૨ મિનિટનો પ્રાર્થનાનો સમય ફેક્ટરીના સમયમાં ગણાઈ જાય છે. એને લીધે વ્યક્તિને એવું નથી લાગતું કે તેણે આઠ કલાક કામ કરવાનું છે. આનું પરિણામ એટલું સુંદર આવ્યું કે સેંકડો માણસ એ ફેક્ટરીમાં કામ કરે છે, છતાં ફેક્ટરીના એકપણ માણસને વ્યસન નથી. કારખાનું સારું ચલાવવું હોય તો મશીન બરાબર જોઈએ, પરંતુ મશીન ચલાવનાર માણસ તો બરાબર જોઈએ ને! મશીન ચલાવનારનું જીવન સારું હશે, શાંત-સ્થિર હશે, એને સારા વિચારો હશે, તો કામ સારું થશે. પ્રાર્થનાની આ ફલશ્રુતિ છે.

અધ્યાત્મ વગરનું જીવન નકામું છે. વ્યવહારની જેમ આધ્યાત્મિક સાધનામાં પણ પ્રાર્થના અદ્‌ભુત સાધન છે. સાધનાના માર્ગમાં તપ, ત્યાગ, યજ્ઞ, યાત્રા, મંત્રજાપ ઘણી બધી વસ્તુઓ બતાવવામાં આવેલી છે. એમાં પ્રાર્થના પણ એક અગત્યની સાધના છે. શ્રીજીમહારાજે ગઢડા અંત્ય પ્રકરણના ૩૯મા વચનામૃતમાં વાત કરી છે કે ભગવાનને એવી પ્રાર્થના કરવી કે અહં અને મમત્વરૂપ માયા થકી રક્ષા કરે. સાધનાના માર્ગમાં મોટામાં મોટું કોઈ વિઘ્ન હોય તો તે અહં અને મમત્વ છે. એનાથી રક્ષા થાય તે માટે પ્રાર્થના કરવી. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૪૮મા વચનામૃતમાં પણ ચાર પ્રકારના કુસંગ થકી રક્ષા થાય એવું માંગવાનું કહ્યું છે.

પ્રાર્થના ભગવાન સાથેની ફોન ઉપરની મુલાકાત છે, પરંતુ ભગવાનને આ ફોન જોડતાં શીખવું પડે. એ માટે સર્વપ્રથમ તો પોતાના ઈષ્ટદેવમાં નિષ્ઠા દૃઢ જોઈએ. મારા ઈષ્ટદેવ સર્વોપરી ભગવાન છે એવી દૃઢ નિષ્ઠા જેને હોય તેનો ફોન લાગે જ. એ મંદિરમાં હોય કે ન હોય, ગમે ત્યાં હોય, ડાયરેક્ટ ડાયલિંગ થઈ જાય. નિષ્ઠા બહુ અગત્યની છે. બાહ્ય દૃષ્ટિએ તો બધા સરખું કરી શકે. હાથ જોડવા, આંખ બંધ રાખવી, જે બોલાવે એ બોલવાનું એ તો બધા જ કરી શકે. એ કંઈ બહુ અઘરું નથી, પરંતુ અંદરની વાત જુદી છે. વ્યક્તિની પોતાના ઈષ્ટદેવ પ્રત્યેની નિષ્ઠા જેટલી બળવાન તેટલી એણે કરેલી પ્રાર્થના કામ કરે છે.

આપણા આંતરિક દોષ, સ્વભાવ, વાસના, અજ્ઞાન વગેરે કાઢવાનું કામ પ્રાર્થના કરે છે. કોઈ વ્યક્તિ પર ગુસ્સો આવે તો જેની પર ગુસ્સો આવે તેનું નામ પ્રાર્થનામાં બોલવું જોઈએ. તમને અનુભવ થવો જોઈએ એ અગત્યનું છે. 'મેં આ ગુસ્સો કર્યો એ ઠીક ના કર્યું, હું આવી રીતે વર્ત્યો એ ઠીક ન કહેવાય.' ભગવાન આગળ આવી રીતે પ્રાર્થના કરવાથી અંદર બળ આવી જાય છે.

> પ્રાર્થના આત્માનું સ્નાન છે. સ્નાનથી અશુદ્ધિ નીકળી જાય છે, શરીરમાં એકદમ સ્ફૂર્તિ આવી જાય છે, પરંતુ કેટલીક અશુદ્ધિ દેખાતી નથી. જેમ હવામાં ઝીણી ધૂળની રજકણો હોય છે, દિવસ દરમ્યાન એ બધો કચરો ઓરડામાં ભેગો થતો હોય છે. આ કચરો રોજ સાફ કરવો પડે છે. એ સાફ કરીએ નહીં તો થોડા દિવસ પછી શું થાય? એમ આત્માની અંદર પણ આવો કેટલોય કચરો ભરાતો હોય છે. પ્રાર્થનાથી તેની શુદ્ધિ થાય છે.


વળી, કોઈપણ દોષ ટાળવા માટે આજે પ્રાર્થના કરી અને તરત જ તે ટળી જશે એવું નથી, પણ એની અસર ચોક્કસ થશે એ ૧૦૦%ની બાબત છે.

શરીર પર વાગે અને તરત તમે ટ્રીટમેન્ટ આપો તો એની વધારે અસર થાય છે. તેમ પ્રાર્થના બને ત્યાં સુધી વહેલામાં વહેલી તકે કરવી. એના માટે કંઈ બીજા દિવસની પૂજાની રાહ જોવાની જરૂરિયાત નથી. તાત્કાલિક ભગવાન આગળ પોતાની ભૂલ સ્વીકારો અને માફી માગો, ઉપાય માગો. ભગવાન રસ્તો બતાવશે. પછી પુરુષાર્થ કરવો જોઈએ. પ્રાર્થના ને પુરુષાર્થ બંને ભેગાં જાય છે. તમે એકલી પ્રાર્થના કર્યા કરો તે કામનું નથી. પુરુષાર્થ કરીને પ્રાર્થના કરશો એટલે પ્રાર્થનાનો પ્રકાર પણ બદલાશે. વળી, પાછી પ્રાર્થના કરશો એટલે પુરુષાર્થનો પ્રકાર બદલાશે.

પ્રાર્થના કેવી રીતે કરવી એને માટે એક ઠેકાણે મેં સુવાક્ય વાંચેલું. જ્યારે પ્રાર્થના કરવા બેસો ત્યારે મનની અંદર એવો ભાવ રાખવો કે ભગવાન સિવાય મારું આ કાર્ય થઈ શકે એવું જ નથી. આમાં ભગવાન સિવાય કોણ મને સહાયરૂપ થઈ શકે? કોઈ જ નહીં. માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી, કોઈ પદાર્થ, કોઈ વિદ્યા કે કોઈ શક્તિ મને સહાય કરી શકશે નહીં. આમાં સહાય કરે એવા તો એક ભગવાન છે. ગજેન્દ્રમોક્ષ અને દ્રૌપદીનો પ્રસંગ પ્રાર્થના માટેનાં આદર્શ દૃષ્ટાંતો છે. હાથીએ પ્રાર્થના કરી અને એની પ્રાર્થના ભગવાને સાંભળી. હાથીએ કઈ ભાષામાં પ્રાર્થના કરી હશે? ભગવાનને કોઈ ભાષાની જરૂરિયાત નથી. ભાવની જરૂરિયાત છે. બીજો પ્રસંગ મહાભારતમાં દ્રૌપદીનો છે. દ્રૌપદીનાં જ્યારે ચીર ખેંચાયાં ત્યારે તેની મદદે તેના સમર્થ પતિદેવો કે ભીષ્મપિતામહ કોઈ ન આવ્યું. જીવનમાં અમુક ક્ષણો એવી આવતી હોય છે કે બધા ખસી જાય છે અને સાથે કોઈ રહેતું નથી. એ વખતે એક ભગવાન જ સાથે રહેતા હોય છે. એ કોઈ દિવસ ખસવાના નથી. દ્રૌપદીને લાગ્યું કે આમાં ભગવાન સિવાય મારી કોઈ મદદ કરે એમ નથી. તેના મુખમાંથી 'હે કૃષ્ણ' એવો અવાજ નીકળી પડ્યો. આમ, તેણે અંદરથી કરેલી પ્રાર્થના સંભળાઈ છે.

અમે વર્ષો સુધી યોગીજી મહારાજ સાથે રહ્યા, તેમાં યોગીજી મહારાજને ખૂબ ધૂન કરતા જોયા છે. કોઈપણ સમયે, કોઈપણ વ્યક્તિ માટે, કોઈપણ સંજોગોમાં, કોઈપણ પ્રશ્નમાં એમની પાસે એક જ સહજ ઉપાય હતો – ધૂન. યોગીજી મહારાજની ધૂન એટલે પ્રાર્થનામાં એવા તલ્લીન થઈ જાય કે આસપાસનું જગત ભુલાઈ જાય. તેમની પાસેથી પ્રાર્થનાની ખૂબ પ્રેરણા અસંખ્ય લોકોને મળી છે. પ્રમુખસ્વામી મહારાજના મારા સાથેના લાંબા સહવાસમાં પણ મેં એ જ પ્રાર્થનાનું બળ અનુભવ્યું છે. કઠિનમાં કઠિન સંજોગોમાં પણ પ્રાર્થનાના સહારે એમને નિશ્ચલ, દૃઢ અને નિશ્ચિંત જોયા છે. મેં પણ અનેક વખત તેનો અનુભવ કર્યો છે.

આમ, પ્રાર્થના એ આત્માનો સર્વોત્તમ ખોરાક, વિશ્રામ, વ્યાયામ, સ્નાન અને શક્તિ છે. જે કોઈ સાચા હૃદયે પ્રાર્થના કરે છે તેને તેનો ચોક્કસ અનુભવ થાય છે. ◆



# ‘કરો ધૂન...’

**સદૈવ પ્રાર્થના-ધૂનમાં રત બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની વિરલ સ્મૃતિ**

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ એટલે પ્રાર્થનાની સાક્ષાત્ પ્રતિકૃતિ.

એમની પ્રાર્થના એટલે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથેની પ્રાર્થના. સ્વામિનારાયણ મહામંત્રનો ઉચ્ચાર કરતા જાય અને શુભ પ્રાર્થનાઓ ભગવાનનાં ચરણોમાં મૂકતા જાય. સ્વામિનારાયણ મહામંત્રની ધૂન પર તેમને અતૂટ શ્રદ્ધા. નાના-મોટા અનેક પ્રસંગોમાં સદા ભગવાનના નામની ધૂન સાથે પ્રાર્થના કરતા યોગીજી મહારાજને નજીકથી નિહાળનારા - અનુભવનારા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની કલમે માણીએ એમની તે યોગી-અનુભૂતિઓને...

■ સાધુ ઈશ્વરચરણદાસ

યોગીજી મહારાજની પ્રાર્થના-ધૂનમાં રત દિવ્યાકૃતિ વર્ષો પછી પણ એવી ને એવી તાજી છે.

મીંચાયેલી આંખો સહેજ ઊંડી ઊતરી ગઈ હોય, તન-મન અને સમગ્ર અસ્તિત્વ સાક્ષાત્ શ્રીહરિમાં એકધ્યાન અને તદ્રૂપ થઈ ગયું હોય, મુખારવિંદ સહેજ ઢળેલું હોય, બે હાથે તાળીઓનો નાદ થતો હોય, એ સાથે લીન થઈને મુખેથી ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ મહામંત્રનો જાપ શ્વાસોચ્છ્વાસે રટાતો હોય, અને સમગ્ર વાતાવરણ એ ધૂનમય બની ગયું હોય...

યોગીજી મહારાજના સહવાસમાં આ ધૂન સાથેનો અમારો કાયમી નાતો બંધાઈ ગયો હતો.

એ દિવ્ય પ્રાર્થના-ધૂનનો પ્રથમ પરિચય સન ૧૯૪૯-૫૦માં મુંબઈમાં થયો હતો. શાસ્ત્રીજી મહારાજ મુંબઈમાં ગુલઝારીલાલ નંદાજીના બંગલે બે માસ જેટલું રહ્યા હતા ને ત્યાં તેઓએ ભીમ એકાદશીનો સમૈયો પણ કરેલો. આફ્રિકાનું સત્સંગ મંડળ પણ શાસ્ત્રીજી મહારાજના સત્સંગનો લાભ લેવા આવ્યું હતું. નંદાજીના બંગલામાં દરિયા તરફ પાછળના ભાગમાં પૂજાની એક નાની ઓરડી હતી. ત્યાં યોગીજી મહારાજ નિયમિત સંધ્યા આરતી કરે અને અમને નાના નાના બાળકોને સાથે બેસાડીને એમના ઠાકોરજી-હરિકૃષ્ણ મહારાજ સમક્ષ લગભગ પોણોથી એક કલાક ધૂન કરે! ત્યારે એવું ધૂંધળું યાદ છે કે અમને પરાણે ધૂન કરાવે છે એવું લાગતું, પણ યોગીજી મહારાજનો સ્નેહ એવો કે આપણે બેસવું પડે! આ ધૂનને અમે બાળકો ‘જાયન્ટ’ ધૂન કહેતા. કારણ, કદાપિ આવું, આટલું ને રોજ તો ભજન કોણે કર્યું હોય!

પરંતુ યોગીજી મહારાજની ધૂનનો એ પ્રથમ પરિચય મન પર કાયમ માટે છવાઈ રહ્યો.

૧૯૫૦-૬૦ના દાયકામાં યોગીજી મહારાજ સાથે વિચરણમાં જવાનો લાભ મળતો ત્યારે પ્રાર્થના-ધૂનનો વિશેષ અનુભવ થતો રહ્યો. યોગીજી મહારાજ જ્યાં હોય ત્યાં - મંદિરમાં કે વિચરણમાં, દરરોજ સાંજે આરતી પછી સમૂહમાં ધૂન કરવા કરાવવાનો એમનો ક્રમ હતો. એમની પાસે નિમિત્ત તો હજારો હતાં: નાના-મોટા, સહેલા-અઘરા, કોઈપણ કાર્યનો ભાર ઠાકોરજી પાસે મૂકી દેવો ને કાર્ય પૂરું થાય ત્યાં સુધી ધૂનરૂપી - પ્રાર્થનારૂપી સાધન અજમાવતા જ રહેવું, થાકવું નહીં, મંડ્યા રહેવું - એ એમની હંમેશની લાક્ષણિકતા હતી. વ્યક્તિ, પરિવાર, સમાજ, સંસ્થા, રાષ્ટ્ર કે દુનિયાનો કોઈપણ પ્રશ્ન હોય; કોઈપણ શુભ સંકલ્પ હોય; કોઈપણને કોઈપણ દુઃખ-દર્દ હોય; યોગીજી મહારાજ પાસે તો ‘સબ દર્દો કી એક દવા’ પ્રાર્થના-ધૂન, એ જ અમોઘ સાધન! તેઓ સહજતાથી બોલી ઊઠે: ‘કરો ધૂન !’

કેટલીક સ્મૃતિઓ મનમાં તાજી છે. મુંબઈમાં સત્સંગ માટે હૉલ થાય તે માટે તો એમણે બહુ ધૂન કરાવી. દર વર્ષે સ્વામીશ્રી મુંબઈ પધારે ત્યારે ૨૧થી ૨૪ દિવસ કપોળવાડીમાં રહેતા ત્યારે રોજ સાંજે ‘હૉલ જલદી થઈ જાય’ તેની ધૂન કરાવતા. તેથી ઘણા સ્વામીશ્રી પાસે ગમ્મત કરતા કે ‘બાપા ! તમે ધૂનનો હૉલ તો નથી કરવા માગતા ને ?!’ અર્થાત્ હૉલ તો થતો નથી ને ધૂન પણ પૂરી થતી જ નથી! પરંતુ યોગીજી મહારાજની શ્રદ્ધા ખૂટે નહીં. એમની ધૂન-પ્રાર્થનાના ફળરૂપે મુંબઈમાં-દાદરમાં અક્ષરભવનથી શરૂઆત થઈ ને આજે ભવ્ય મંદિર, સત્સંગ હૉલ ને અન્ય સંસ્કારધામો પરાંઓમાં શોભી રહ્યાં છે.

એ જ રીતે ૫૧ ભણેલા-ગણેલા સંતો થાય તેની પ્રાર્થના-ધૂન પણ એમણે વર્ષો સુધી કરાવી.

નાના મોટા એવા દરેક કાર્ય માટે યોગીજી મહારાજ અક્ષરદેરી અને અન્ય સ્થળોએ પણ પ્રાર્થના-ધૂન કરાવતા તેની નામાવલિ પણ સ્મૃતિદાયક છે. તેમની પ્રેરણા મુજબ સૌ સંતો-હરિભક્તો પણ એ મુજબ ધૂન કરતા. જેમ કે દર વર્ષે વરસાદની ખેંચ હોય તો તેની ધૂન ને અતિવૃષ્ટિ થાય તો વરસાદ બંધ થાય તેની ધૂન; સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજના જૂના સ્મૃતિમંદિરે પણ ધૂન થતી કે અહીં સુંદર

મંદિર થાય ને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ બિરાજે; આફ્રિકા-યુગાન્ડા પધાર્યા હતા ત્યારે મગનભાઈના સમાધિસ્થાને ધૂન કરતા કે આફ્રિકામાં સત્સંગ ખૂબ થાય અને ટરોરો, જિન્જા, કંપાલામાં મંદિરો થાય.

મોટાં શહેરોમાં યુવકમંડળો સ્થપાઈ જાય તેની નિયમિત ધૂન કરતા. સંતો-હરિભક્તો એકાંતિક ધર્મ સિદ્ધ કરે તેની પ્રાર્થના ને ધૂન તો નિયમિત ચાલતી. સૌને આધ્યાત્મિક લાભ સદા થતો રહે ને પુરુષોત્તમનારાયણના યોગમાં આવ્યા છીએ ને ગુણાતીત સંતનો યોગ છે તેથી સૌ સંપ, સુહૃદભાવથી રહે ને એકાંતિક ધર્મ સિદ્ધ કરે તે અનુસંધાન સાથે પ્રાર્થના-ધૂન તો સતત યોગીજી મહારાજનાં મુખકમળ ને હૃદયકમળમાંથી વહેતી જ રહેતી.

સંપ્રદાયનાં પ્રાસાદિક સ્થાનોમાં યોગીજી મહારાજ પધાર્યા હોય ત્યારે ખાસ જગ્યાઓએ તેઓ અવશ્ય ધૂન-પ્રાર્થના સમૂહમાં કરતા. વડતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ તો અવશ્ય ધૂન કરે. મુંબઈમાં ભોઈવાડાના જૂના મંદિરમાં દર્શન કરી પ્રદક્ષિણામાં થોડી વાતો કરી ધૂન કરાવે. અમદાવાદમાં કાલુપુર મંદિરમાં રંગમહોલમાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી મેડા ઉપર સુખશય્યાની સામે બેસી થોડી મહિમાની વાતો કરી ધૂન કરાવે. મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાનમાં તો ધૂન હોય જ. સારંગપુરમાં હરિકૃષ્ણ મહારાજ પાસે ને ગોંડલમાં ઘનશ્યામ મહારાજ પાસે ને અક્ષરદેરીમાં તો ધૂનની રમઝટ બોલાવે. ગઢડામાં અક્ષરઓરડી સામે બેસીને પ્રાર્થના-ધૂન થાય તો ક્યારેક લક્ષ્મીવાડીમાં બેઠકે પણ વાતો કરી ધૂન કરાવતા.

ગઢડામાં લક્ષ્મીવાડીમાં તે સમયે પ્રાસાદિક આંબા નીચે બેઠકમાં આરસનું કામ ચાલતું હતું. ઘણા સમયથી તેની છત ઢંકાતી નહોતી. જ્યારે જ્યારે ગઢડા જવાનું થાય ત્યારે સ્વામીશ્રી તે જુએ ને મ્લાન હૃદયે ધૂન કરાવે કે છત જલદી થઈ જાય. એ રીતે કારિયાણીમાં પણ શ્રીજીમહારાજના પ્રસાદી ઓરડા ઢંકાઈ જાય ને કાયમી ધોરણે સુરક્ષિત સચવાતા રહે તે પણ યાદ કરી ધૂન કરતા. આમ, સંપ્રદાયનાં તીર્થોની જાળવણી માટે ચિંતિત થતાં ધૂન કરાવતા.

છપૈયામાં રેલવે સ્ટેશન થઈ જાય તેમજ ભાદરા ગુણાતીતનગરમાં રેલવે સ્ટેશન, રસ્તો, મંદિર વગેરે થાય તે માટે વર્ષો સુધી પ્રાર્થના-ધૂન કરાવતા રહ્યા ને દરેક સંકલ્પમાં જાતે રસ લઈ છેક દિલ્હી સુધી ભલામણ કરી કાર્ય કરાવ્યું ને ધૂન ફળીભૂત થઈ. છેલ્લાં વર્ષોમાં દિલ્હીમાં યમુના કાંઠે શિખરબદ્ધ મંદિર કરવાનો સંકલ્પ કરીને પણ ધૂન કરતા. કલકત્તા, ચૈન્નાઈ વગેરે શહેરોમાં મંદિર થાય તે માટે ધૂન કરાવતા. આજે એ બધા જ સંકલ્પો પૂર્ણ થયા છે.

આવા અનંત પ્રસંગોમાં પૂજ્ય હકાબાપુનો પ્રસંગ અવિસ્મરણીય રહેશે. તેઓ તરુણવયે ગોંડલમાં સેવા કરતા ત્યારે નિત્ય જોતા કે યોગીજી મહારાજ મહાપૂજામાં ત્રણ પ્રાર્થના-ધૂન કરતા: 'સાધુ વધો, સત્સંગી વધો ને સેવા વધો.' ત્યારે નાના એવા હકાબાપુને હસવું આવતું ને થતું કે આ જોગીબાપા શું મંડી પડ્યા છે! તેમનું ખસી ગયું લાગે છે! આ બધાં કાર્યો સિદ્ધ થાય એવું એક પણ ચિહ્ન દેખાતું નથી ને છતાં ધૂન-પ્રાર્થનામાં મંડ્યા છે! એક દિવસ હકાબાપુએ શાસ્ત્રીજી મહારાજને આ વાત કરી ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને કહ્યું હતું, 'હકાભાઈ! આ જોગી તો અનાદિના જોગી છે. વચનસિદ્ધ સંત છે. એ જે સંકલ્પ કરે તે સ્વામીશ્રીજીને પૂરા કરવા પડે તેવું એમનું દિવ્ય સ્વરૂપ છે. તે તેમના આ સંકલ્પો તમે તમારી નજરે પૂરા થતા જોશો.'

વર્ષો પછી યોગીજી મહારાજની એ પ્રાર્થના-ધૂનનો પ્રતાપ વિશ્વભરમાં ફેલાયલો નીરખીને હકાબાપુ બોલી ઊઠતા: 'દેશ-વિદેશમાં આ સત્સંગનો વિકાસ થયો છે એ યોગીજી મહારાજની પ્રાર્થના-ધૂનનો પ્રતાપ છે. હું તેનો નજરે જોનારો સાક્ષી છું.'

યોગીજી મહારાજને ગોંડલની અક્ષરદેરીમાં ધૂન કરવામાં અનન્ય શ્રદ્ધા હતી. ગોંડલમાં મંદિરના નિર્માણ દરમિયાન યોગીજી મહારાજને સર્પદંશ થયો ત્યારે શાસ્ત્રીજી મહારાજે અક્ષરદેરીમાં જ એમને સુવડાવીને ધૂન કરી હતી. ગોંડલના મહારાજા ભગવત્‌સિંહજીને તેની જાણ થઈ ત્યારે તેમણે કહેવડાવ્યું હતું કે ધૂન કરવાને બદલે તાત્કાલિક ડૉક્ટરને બતાવો, પરંતુ શાસ્ત્રીજી મહારાજને અક્ષરદેરીમાં ધૂન કરવામાં અત્યંત શ્રદ્ધા હતી. તેમણે આખી રાત ધૂન કરી અને પરિણામે સર્પદંશના ઝેરથી મૂર્છિત થઈને લીલા પડવા લાગેલા શરીરમાં જાણે ફરીથી પ્રાણનો સંચાર થયો. અને યોગીજી મહારાજ બેઠા થઈ ગયા. જે આંગળીએ યોગીજી મહારાજને સર્પદંશ થયો હતો તે તર્જની આંગળી તેની સાક્ષી પૂરતી હતી. યોગીજી મહારાજ કાયમ સભામાં તે આંગળીનું દર્શન પણ કરાવતા હતા.

યોગીજી મહારાજની એ પ્રાર્થના-ધૂનની પરંપરાને પ્રમુખસ્વામી મહારાજે યથાતથા જાળવીને સૌને ધૂન કરવાની પ્રેરણા આપી છે.

યોગીજી મહારાજે પાયેલી એ પ્રાર્થના-ધૂનની ગળથૂથીનો પ્રભાવ વર્ષો પછી એવો ને એવો રહ્યો છે. એટલે નાના મોટા કોઈ પણ પ્રસંગે સહેજે એમની સ્મૃતિ સાથે અંતરમાંથી અવાજ ઊઠે છે: 'કરો ધૂન!' ◆

# મહાનુભાવો ઉચ્ચારે છે પ્રાર્થનાનો મહિમા

વિશ્વના મહાન ધર્મ સંસ્થાપકોથી લઈને આધુનિક યુગના વિજ્ઞાનીઓ કે દરેક ક્ષેત્રના ધુરંધરોએ પોતાના જીવનમાં પ્રાર્થનાના પ્રભાવનો અનુભવ કર્યો છે. વિશ્વના મહારથીઓને પણ પોતાની તમામ શક્તિઓ કે સામર્થીઓ અધૂરી અને અસમર્થ અનુભવાઈ છે ત્યારે પોતાની જાતનો ઘમંડ અને નાસ્તિકતાનો અંચળો છોડીને ભગવાનને પ્રાર્થના કરવા માટે ઘૂંટણિયે પડ્યા છે. એ પ્રાર્થનામાંથી તેમને અપાર શક્તિ અને સામર્થ્ય મળ્યાં છે. પ્રાર્થનાના એવા અનુભવસિદ્ધ મહાનુભાવોના શબ્દોમાં માણીએ પ્રાર્થનાનો મહિમા...



જેમ શરીરને સ્વચ્છ રાખવા નિયમિત સ્નાન કરવું જરૂરી છે, તેમ અંતઃકરણને સ્વચ્છ રાખવા નિયમિત પ્રાર્થના કરવાની જરૂર છે.

**- શ્રી મહાવીર સ્વામી**

(જૈન પરંપરાના તીર્થંકર)



પ્રાર્થનામાં બધા જ લોકો સમાન છે. કોઈ નાનું - મોટું નથી. પ્રાર્થના કરવામાં આપણી અને ભગવાન વચ્ચે કોઈ એક પડદો હોય તો તે આપણો અહંકાર છે.

**- શ્રી રૂમી**

(વિખ્યાત અરેબિયન કવિ)



આપણે એકબીજા સાથે વાત કરીએ છીએ, તે જ રીતે ભગવાનને પણ આપણાં સુખ-દુઃખ જણાવીએ તો તેમાં કશું ખોટું નથી. એ એટલું જ સ્વાભાવિક છે, અને ઉચિત છે, જે રીતે પતિ-પત્ની પરસ્પર દિલ ખોલીને એકબીજા સાથે વાત કરે છે. તે જ રીતે પ્રાર્થના દ્વારા આપણા સ્વામી ભગવાનની સાથે આપણે વાતચીત કરી શકીએ છીએ. આપણે દિવસમાં ઓછામાં ઓછી એકવાર પણ પ્રાર્થના દ્વારા પ્રભુની સાથે વાત કરીએ અને હૃદયની ભાવનાઓ વ્યક્ત કરીએ તો આપણું મન જરૂર પવિત્ર થશે, વાણી મધુર થશે. એમાં શંકા નથી.

**- શ્રી રામકૃષ્ણ પરમહંસ**

(પ્રસિદ્ધ સંત મહાપુરુષ)



આપણે સાચા હૃદયથી કરેલી દરેક પ્રાર્થના ભગવાન જરૂર સાંભળે જ છે અન ઉત્તર પણ આપે જ છે. એમનો ઉત્તર તો સવળો જ હોય છે, પણ આપણે જ અવળું સમજીએ છીએ.

**- શ્રી પ્રમુખસ્વામી મહારાજ**

(મહાન સંતવિભૂતિ)



તમે પ્રાર્થના કરો અને તમારી સમગ્ર ચિંતા તમારા બદલે ભગવાનને કરવા દો.

**- શ્રી માર્ટિન લ્યુથર કિંગ**


(પ્રસિદ્ધ અમેરિકન લોકનેતા)



હું ઘણીવાર ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી ચૂક્યો છું - એ અત્યંત દૃઢ ખાતરી સાથે કે હવે મારા જીવનમાં આ સિવાય બીજો કોઈ જ રસ્તો નથી. મારું પોતાનું ડહાપણ અને મારી બધી જ વિશેષતાઓ ત્યારે મને સાવ તુચ્છ લાગે છે.

**- શ્રી અબ્રાહમ લિંકન**


(પૂર્વ રાષ્ટ્રપ્રમુખ, અમેરિકા)



આપણને બનાવનાર ભગવાને આપણા હૈયામાં અપાર શક્તિ અને સામર્થ્ય મૂક્યાં છે. પ્રાર્થનાથી જ એ શક્તિ અને સામર્થ્ય બહાર આવીને ખીલે છે.

**- ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ**


(પૂર્વ રાષ્ટ્રપ્રમુખ, ભારત)



આપણે આપણી મુશ્કેલીઓ વખતે કે જરૂરિયાતો પૂરી કરવાની હોય ત્યારે જ પ્રાર્થના કરીએ છીએ, પરંતુ હકીકતે જ્યારે આપણી પાસે બધું જ હોય ત્યારે પણ આપણને પૂર્ણ બનાવવા માટે પ્રાર્થનાની જરૂરિયાત છે.

**- શ્રી ખલિલ જિબ્રાન**


(પ્રસિદ્ધ ચિંતક)



વૈજ્ઞાનિક સંશોધનો એ વિચાર પર આધારિત હોય છે કે જે કાંઈ બને છે તે બધું જ પ્રકૃતિના નિયમો દ્વારા નક્કી કરવામાં આવે છે. આના કારણે જ વૈજ્ઞાનિકો ભાગ્યે જ એવું સ્વીકારવા તૈયાર થાય છે કે પ્રાર્થના દ્વારા આ બધી ઘટનાઓ ઉપર કોઈક પ્રભાવ ઉત્પન્ન થાય છે. પરંતુ આપણે એ સ્વીકારવું જ પડે કે આ કુદરતી કાયદાઓ વિશે આપણું વાસ્તવિક જ્ઞાન અત્યંત અપૂર્ણ અને ટુકડા-ટુકડાઓમાં વહેંચાયેલું છે. એટલે ખરેખર તો કુદરતી કાયદાઓના અસ્તિત્વની માન્યતા પણ એક પ્રકારની શ્રદ્ધા પર જ આધારિત છે. અને વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા આ વિશ્વાસ જ સાચો પુરવાર થયો છે.

**- શ્રી આલ્બર્ટ આઇનસ્ટાઇન**

(પ્રસિદ્ધ વૈજ્ઞાનિક)



પ્રાર્થના વધુ સારા,
વધુ શુદ્ધ-પવિત્ર થવાની આપણી
આતુરતાને સૂચવે છે.
હું મારું કોઈપણ કામ
પ્રભુ પ્રાર્થના વગર કરતો નથી.
પ્રાર્થનાએ તો મારી જિંદગી
બચાવી છે,
પ્રાર્થના વિના હું ક્યારનોય ગાંડો
થઈ ગયો હોત.

**- શ્રી મહાત્મા ગાંધીજી**

(રાષ્ટ્રપિતા, ભારત)



પ્રકાશ, પાણી, ખોરાકની જેમ વ્યક્તિગત પ્રાર્થના એ જીવનની એક જરૂરિયાત છે. સમય આવે તે તેનાથી વધુ પણ છે.

**- શ્રી આઇઝનહોવર**

(પૂર્વ રાષ્ટ્રપ્રમુખ, અમેરિકા)



જીવનમાં મધદરિયે તોફાન આવે ત્યારે બુદ્ધિશાળી ભગવાનને પ્રાર્થના કરે છે - એટલા માટે નહીં કે ભગવાન તેને એ તોફાનમાંથી બચાવે, પરંતુ એટલા માટે પ્રાર્થના કરે છે કે એ તોફાનમાં પણ તેને કોઈ ભય ન લાગે.

**- શ્રી રાલ્ફ વાલ્ડો ઇમર્સન**

(અમેરિકન ચિંતક)



હું દૃઢતાથી માનું છું કે થર્મોમીટર શોધાયું એ મારી પ્રાર્થનાનો જ એક પ્રત્યુત્તર હતો. અને મને અત્યંત આનંદ થાય છે કે એ પ્રાર્થનાને કારણે જ મને એક સત્ય સમજાયું હતું કે પાણી નિશ્ચિત્ત તાપમાને ઉકળવા લાગે છે.

**- શ્રી ગેબ્રિયલ ફેરનહિટ**

(ભૌતિકશાસ્ત્રી, જર્મન)

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## અમદાવાદ, સારંગપુર, મુંબઈમાં સ્વામીશ્રીનો દિવ્ય સત્સંગલાભ...

જન જનના કલ્યાણ કાજે વિચરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તાજેતરમાં અમદાવાદ, સારંગપુર અને મુંબઈ ખાતે બિરાજીને દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. અમદાવાદ ખાતે તા. ૩૧-૧૦-૨૦૨૨ થી તા. ૨૩-૧-૨૦૨૩ સુધી બિરાજમાન રહીને સ્વામીશ્રીએ સતત એક મહિના સુધી પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ન ભૂતો ન ભવિષ્યતિ ઊજવ્યો હતો. ત્યારબાદ અમદાવાદથી એક સપ્તાહ માટે સારંગપુર પધારેલા સ્વામીશ્રીએ સૌને બ્રહ્માનંદ કરાવ્યો હતો. અહીં પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિમંદિરનો પ્રતિષ્ઠોત્સવ કરીને સ્વામીશ્રી મુંબઈ પધાર્યા હતા. મુંબઈમાં સતત એક મહિના સુધી સ્વામીશ્રીએ સૌને અપાર સત્સંગ લાભથી લાભાન્વિત કર્યા હતા. અહીં સત્સંગ સભાઓ તથા વ્યક્તિગત મુલાકાતોમાં અનેક મુમુક્ષુઓ સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પામી કૃતાર્થ થયા હતા. મુંબઈ બાદ સ્વામીશ્રીએ પુનઃ સારંગપુર ખાતે સતત એક મહિના સુધી સૌને કૃપાલાભ આપ્યો હતો. ઉપરોક્ત ત્રણેય સત્સંગ સેન્ટરોમાં સ્વામીશ્રીની છત્રછાયામાં નિત્ય નવીન પ્રેરણા વહાવતા વિવિધ કાર્યક્રમો માણી હજારો આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોએ દિવ્ય આધ્યાત્મિકતાનો અનુભવ કર્યો હતો. તેની અહીં અલ્પ ઝાંખી મેળવીએ...

## ■ અમદાવાદમાં સ્વામીશ્રીનો અધ્યાત્મલાભ :

● તા. ૧-૧૨-૨૦૨૨ : આજે તિથિ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૧મો પ્રાકટ્યોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો દ્વારા પ્રમુખસ્વામી મહારાજનાં ગુણાનુગાન ગવાયાં હતાં. અંતમાં સ્વામીશ્રીએ પ્રાપ્તિનો મહિમા કહેતાં જણાવ્યું : 'આપણાં ખૂબ મોટાં ભાગ્ય છે કે આ પ્રાપ્તિ થઈ. આ પ્રાપ્તિ જકડી રાખવી, આત્મસાત્ કરી લેવી. એ જ કરવાનું છે. એ ના થયું તો મનુષ્યજન્મ ખોયો કહેવાય.'

પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં લાભ આપવા માટે આજથી સ્વામીશ્રીએ મહોત્સવ સ્થળની સમીપમાં આવેલા શ્રી મૂકેશભાઈના 'સિદ્ધિ મેન્શન' મકાનમાં નિવાસ કર્યો હતો. સતત દોઢ મહિનો અહીં રોકાઈને સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં સૌને અપ્રતિમ લાભથી લાભાન્વિત કર્યા હતા.

● તા. ૭-૧૨-૨૦૨૨ : આજે તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતી ઉત્સવ ઊજવી અમદાવાદના સંતો-ભક્તોએ ગુરુભક્તિ અદા કરી હતી. દેશ-વિદેશમાં પણ ઠેર ઠેર પ્રમુખસ્વામી મહારાજનો પ્રાકટ્યોત્સવ ભક્તિભાવ-પૂર્વક ઊજવાયો હતો.

● તા. ૯-૧૨-૨૦૨૨ : પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિરના સર્વોચ્ચ સ્થાને પ્રસ્થાપિત થનાર આમલસારાનું સ્વામીશ્રીએ પૂજન કર્યું હતું.

● તા. ૧૨-૧૨-૨૦૨૨ : સ્વામીશ્રીએ જગતપુર ખાતે નિર્માણાધીન નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. ઈશ્વરચરણદાસ સ્વામી અને અન્ય સંતો-ભક્તોએ મંદિર નિર્માણની સવિસ્તર માહિતી આપી હતી. સ્વામીશ્રીએ મંદિર વહેલી તકે નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

● તા. ૧૪-૧-૨૦૨૩ : સ્વામીશ્રીએ ઉત્તરાયણ પર્વે ઝોળીની આહ્‌લેક લગાવી હતી. ગુરુદેવ અને તમામ સદ્‌ગુરુ સંતોએ એક જ સ્થાનેથી એક સાથે ઝોળીની આહ્‌લેક લગાવી હોય તેવો બી.એ.પી.એસ.ના ઇતિહાસમાં આ પ્રથમવાર પ્રસંગ બન્યો હતો. ઉપસ્થિત સંતો-હરિભક્તો આ ક્ષણનો લહાવો પ્રાપ્ત કરીને આનંદિત થઈ ઊઠ્યા હતા.

● તા. ૧૬-૧-૨૦૨૩ : સ્વામીશ્રીએ સંતો સહિત નગરમાં પ્રમુખસ્વામી મહારાજની મહામૂર્તિ સમક્ષ પધારીને વિશ્વશાંતિ અને સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરી હતી.

● તા. ૧૮-૧-૨૦૨૩ : પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક ચિરંતન સ્મૃતિ માટે નગરમાં સ્થાપિત પ્રમુખસ્વામી મહારાજની મહામૂર્તિ સમક્ષ પધાર્યા. આ ભૂમિના માલિક ભક્તોએ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની ચિરંતન સ્મૃતિ રૂપે સવા બે એકર જમીન બી.એ.પી.એસ. સંસ્થાને અર્પણ કરી હતી. સ્વામીશ્રીએ આ ભૂમિ પર નૂતન બી.એ.પી.એસ. મંદિરનું ખાતમુહૂર્ત કરીને ભક્તોની સેવાને સ્વીકારી હતી.

● તા. ૨૩-૧-૨૦૨૩ : અમદાવાદમાં શાહીબાગ સ્થિત બી.એ.પી.એસ. મંદિરમાં નવીનીકરણ પામેલા અભિષેક મંડપમ્‌માં ભગવાન શ્રી સ્વામિનારાયણની અભિષેક મૂર્તિ તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનો સ્વામીશ્રીએ વેદોક્ત પુનઃ પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. વિધિ બાદ સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણ પર પ્રથમ અભિષેક કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. પ્રતિષ્ઠિત મૂર્તિઓની સ્વામીશ્રી અને ઈશ્વરચરણદાસ સ્વામીએ આરતી ઉતારી હતી.

● શતાબ્દી મહોત્સવ પ્રસંગે સ્વામીશ્રીએ વિવિધ ભાષાઓમાં લખાયેલાં નૂતન પ્રકાશનો ઉદ્‌ઘાટિત કરીને સ્વામિનારાયણીય સાહિત્યમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

આમ, પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે અમદાવાદના આંગણે ૮૫ દિવસનો 'ન ભૂતો ન ભવિષ્યતિ' લાભ આપી સ્વામીશ્રી સારંગપુર પધાર્યા હતા.

## ■ સારંગપુરમાં સ્વામીશ્રીનો દિવ્ય સત્સંગલાભ :

● તા. ૨૩-૧-૨૦૨૩ : પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના અંતિમ ચરણરૂપે પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિરમાં પ્રાણ-પ્રતિષ્ઠા નિમિત્તે સારંગપુરમાં પધારેલા સ્વામીશ્રીનું સંતો-પાર્ષદો-સાધકો- હરિભક્તોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

● તા. ૨૫-૧-૨૦૨૩ : પ્રમુખસ્વામી મહારાજ અને સારંગપુરની સ્મૃતિઓ તથા સંબંધો વર્ણવતું આદર્શજીવન સ્વામી લિખિત 'સારંગપુરમાં વહાલો પ્રગટ બિરાજે...' પુસ્તકનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું.

● તા. ૨૬-૧-૨૦૨૩ : વસંતપંચમીના પવિત્ર દિને સ્વામીશ્રીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિમંદિરનો

પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા નિમિત્તે વિશિષ્ટ તપ-વ્રત-ઉપવાસ કરનાર સંતો-પાર્ષદો-સાધકો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી હતી.

● તા. ૨૮-૧-૨૦૨૩: 'યુવા તાલીમ કેન્દ્ર'ના ૨૫મા સત્રનો સ્વામીશ્રીએ વિધિવત્ પ્રારંભ કરાવ્યો હતો.

● સારંગપુર ખાતેના 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર'માં અભ્યાસ કરતા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનું બોર્ડ-પરીક્ષામાં 'સારામાં સારું પરિણામ આવે' તે માટે સ્વામીશ્રીએ આશિષ અર્પ્યા હતા.

● સત્સંગદીક્ષા શાસ્ત્રના અધ્યયનમાં સહાયરૂપ થનાર 'સત્સંગદીક્ષા-સંસ્કૃત ગુજરાતી અન્વય અર્થ સહિત' નૂતન પુસ્તક સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કર્યું હતું.

● તા. ૨૯-૧-૨૦૨૩: 'સ્વામીશ્રીની ઝોળી છલકાવી દઈએ'ના મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી 'પ્રતીક ઝોળી પર્વ'ની વિશિષ્ટ સભામાં નિયમ-ધર્મ, સેવા-સમર્પણ, શ્રદ્ધા-ભક્તિ-નિષ્ઠાથી સ્વામીશ્રીની ઝોળી ભરવા માટે સૌ કટિબદ્ધ થયા. સ્વામીશ્રી અને વડીલ સંતોએ ઝોળીની આહ્‌લેક લગાવી વિશેષ સ્મૃતિ આપી હતી. સ્વામીશ્રીએ સૌને રૂડા આશિષ પાઠવ્યા હતા.

એક સપ્તાહના ટૂંકા રોકાણ દરમ્યાન સારંગપુરમાં સૌને દિવ્ય સત્સંગલાભથી લાભાન્વિત કરીને સ્વામીશ્રી ભાવનગર થઈને મુંબઈ પધાર્યા હતા. પ્રથવાર ભાવનગર પધારી રહેલા અક્ષરપુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ કરીને તેઓનું સ્વાગત-સન્માન કરાયું હતું. ગુરુહરિને પણ વિવિધ ઉપહારોથી વધાવ્યા હતા. ભાવનગરમાં થોડાક સમયના રોકાણ દરમ્યાન સંતો-હરિભક્તોને દર્શન-આશિષ આપી સ્વામીશ્રી હવાઈ માર્ગે મુંબઈ પધાર્યા હતા.

### ■ સ્વામીશ્રીનું દિવ્ય સાંનિધ્ય સેવતું મુંબઈ સત્સંગ મંડળ :

● તા. ૩૧-૧-૨૦૨૩: મહારાષ્ટ્રના મહાનગર મુંબઈમાં દાદર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધારેલા ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આગમનને સંતો-હરિભક્તોએ હર્ષોલ્લાસભેર વધાવ્યું હતું.

● મુંબઈના રોકાણ દરમ્યાન મંદિરમાં ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રીએ 'યોગી સભાગૃહ'માં નિયત દિવસોએ પ્રાતઃ પૂજાદર્શનનો લાભ આપ્યો હતો. પૂજા દરમ્યાન કીર્તન-ભક્તિની સાથે બાળકોએ વિવિધ વિષયો પર મુખપાઠ રજૂ કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

● સ્વામીશ્રીના સાંનિધ્યમાં બાળકો-કિશોરો-યુવકો-કાર્યકરોએ વિવિધ વિષયો સાથે બાળદિન, યુવાદિન, કાર્યકરદિન, સત્સંગદિનની પ્રભાવક ઉજવણી કરી ગુરુહરિની કૃપાવર્ષા ઝીલી હતી. ઉપરાંત સ્વયંસેવક સભામાં સ્વામીશ્રીએ સેવકોની શતાબ્દી મહોત્સવની સેવાઓને અંતઃકરણપૂર્વક બિરદાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા.

● તા. ૫-૨-૨૦૨૩: મુંબઈ, પુના અને નાસિકના કાર્યકરો માટેની 'સત્સંગ વધે એ જ આરામ' વિષયક એક દિવસીય સત્સંગ શિબિરનો સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને મંગલ પ્રારંભ કર્યો હતો.

● મુંબઈના આંગણે પ્રથમવાર પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ કરીને મુંબઈના હરિભક્તોએ બ્રહ્મ-પરબ્રહ્મને ભક્તિભાવપૂર્વક વધાવ્યા હતા.

● તા. ૭-૨-૨૦૨૩: મરાઠીમાં



ભાષાંતરિત 'સંસ્કૃતિ નાદ' પુસ્તકનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું.

● તુર્કીમાં આવેલા ભયાનક ભૂકંપને લીધે ઘણી જાનહાનિ અને માલહાનિ થઈ હતી. સ્વામીશ્રીએ તુર્કીમાં શાંતિ સ્થપાય, વધુ આંચકા આવે નહીં અને વ્યવસ્થાતંત્ર પુનઃ શરૂ થઈ જાય અને બધાં સુખિયા થાય તે માટે ધૂન-પ્રાર્થના કરી હતી.

● તા. ૧૫-૨-૨૦૨૩: આર્ષ પ્રવચનમાળામાં ૧૦૦ પ્રવચન પૂર્ણ થયાં તે નિમિત્તે 'આર્ષ' શોધ સંસ્થાન, ગાંધીનગર દ્વારા આયોજિત 'આર્ષ ત્રિમાસિક પ્રવચન શતક સમારોહ'નું સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને મંગલ ઉદ્‌ઘાટન કર્યું અને આશીર્વાદ આપ્યા હતા.

● તા. ૨૫-૨-૨૦૨૩: આજે સ્વામીશ્રીની નિશ્રામાં પ્રતીક ઝોળી ઉત્સવ ઊજવાયો હતો. આ ઉત્સવની ઉજવણી કરતા હરિભક્તોએ સમર્પણભક્તિ અદા કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આ પર્વે સ્વામીશ્રીએ ઝોળીની આહ્‌લેક લગાવી વિશેષ સ્મૃતિ આપી હતી. અને 'બધા હરિભક્તો તને-મને-ધને સુખી થાય અને ભક્તિ-સેવામાં ખૂબ આગળ વધે...' એવા આશીર્વાદ આપ્યા હતા.

● તા. ૨૬-૨-૨૦૨૩: આજે સ્વામીશ્રીની પાવન નિશ્રામાં મહારાષ્ટ્રીયન હરિભક્તોને પ્રતીક ફૂલદોલોત્સવનો લાભ પ્રાપ્ત થયો હતો. ભક્તિપાર્ક, વડાલા ખાતે યોજાયેલા રંગોત્સવના પાવન અવસરે સ્વામીશ્રીએ સંતો-હરિભક્તો પર રંગવર્ષા કરીને અવિસ્મરણીય લાભ આપ્યો હતો. ગુરુપદે બિરાજ્યા બાદ સ્વામીશ્રીએ પ્રથમવાર મુંબઈને આપેલા રંગોત્સવના લાભથી મુંબઈમાં પણ સારંગપુરના રંગોત્સવ જેવું જ દિવ્ય વાતાવરણ રચાઈ ગયું હતું! અને સૌ સ્વામીશ્રીના હસ્તે ધર્મ-ભક્તિના રંગે રંગાઈ કૃતાર્થ થયા હતા.

આજે સ્વામીશ્રીએ ઓનલાઇન માધ્યમથી અટલાદરા ખાતેના 'BAPS પ્રમુખ એકૅડેમી'નો શુભારંભ કરાવ્યો હતો. અટલાદરા ખાતે ડૉક્ટર સ્વામી અને વડીલ સંતોએ દીપ પ્રાગટ્ય કરીને પ્રમુખ એકૅડેમીનો મંગલ પ્રારંભ કર્યો હતો.

● મુંબઈ ખાતેના સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન મુંબઈના વિવિધ પરાવિસ્તારોમાંથી અસંખ્ય આબાલ-વૃદ્ધ ભક્તોએ વિશિષ્ટ વ્રત-તપ-ઉપવાસ સાથે પદયાત્રાઓ કરી સ્વામીશ્રીના સુસ્વાસ્થ્ય માટે ઠાકોરજીને મંગલ પ્રાર્થના કરી હતી.

● મુંબઈ ખાતેના પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના રોકાણ દરમ્યાન તેઓનાં દર્શન-મુલાકાતે અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડૉક્ટરો, રાજનીતિજ્ઞો, શિક્ષણવિદો વગેરે આવ્યા હતા. વિવિધ ક્ષેત્રના આ માંધાતાઓ સ્વામીશ્રી સાથેના વાર્તાલાપ દરમ્યાન તેઓની નિર્મળ સંત-પ્રતિભાથી અતિ પ્રભાવિત થયા હતા. તમામ મહાનુભાવોએ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પામીને ધન્યતાનો અનુભવ કર્યો હતો. ઉપરાંત સ્થાનિક સંતો-હરિભક્તોને ગુરુહરિનાં સમીપદર્શનનો લાભ મળ્યો હતો.

### ■ સ્વામીશ્રીનો પુનઃ કૃપાલાભ માણતું સારંગપુર તીર્થધામ...

● તા. ૧-૩-૨૦૨૩: સતત એક મહિના સુધી મુંબઈ નગરના હરિભક્તો-ભાવિકોને દિવ્ય આધ્યાત્મિક લાભ આપીને સ્વામીશ્રી પુનઃ સારંગપુર પધાર્યા ત્યારે સૌએ તેઓને પ્રેમપૂર્વક સત્કાર્યા હતા.

● તા. ૩-૩-૨૦૨૩: આજે સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરમાં પધારીને તમામ વિદ્યાર્થીઓને દર્શનદાનની સાથે સાથે તેઓની ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભાશિષ પાઠવ્યા હતા.

● તા. ૫-૩-૨૦૨૩: પુષ્પદોલોત્સવ નિમિત્તે સેવામાં પધારેલા સ્વયંસેવકોની સભા યોજાઈ હતી. સભામાં સેવા વિષયક સ્વામીશ્રીના ગુણિયલ પ્રસંગોનું સૌએ પાન કર્યું હતું. પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ સૌને સેવાની અનોખી રીત શીખવી હતી.

● તા. ૬-૩-૨૦૨૩: બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની જન્મજયંતીના પાવન અવસરે સ્વામીશ્રીએ પ્રાતઃ પૂજા બાદ પ્રસંગોચિત ભગતજી મહારાજનાં ગુણગાન ગાઈને તેઓનાં ચરણે વિશેષ ભક્તિઅંજલિ અર્પી હતી.

● તા. ૭-૩-૨૦૨૩: સારંગપુર ખાતે સ્વામીશ્રીની પાવન નિશ્રામાં પુષ્પ-દોલોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. હજારો હરિભક્તો-ભાવિકો સ્વામીશ્રીના હસ્તે એકાંતિક ભક્તિના દિવ્ય રંગે રંગાયા હતા.

● તા. ૭-૩-૨૦૨૩: આજની વિશિષ્ટ સભામાં 'ભાવનગર રંગવું છે...' મધ્યવર્તી વિચાર સાથે ભાવનગરના સંતો-ભક્તો દ્વારા પ્રભાવક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ભાવનગરના ભક્તોએ ઠાકોરજીની રજતતુલા કરીને વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો. ભાવનગરને સત્સંગના રંગે રંગવા માટે સ્વામીશ્રીએ સત્સંગના પાયાના નિયમો લિખિત બોર્ડ બતાવી વિવિધ ઉપાયો દર્શાવ્યા હતા.

● તા. ૨૬-૩-૨૦૨૩: છેલ્લાં વીસ

વર્ષથી સંસ્કારયુક્ત શિક્ષણ આપીને સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરે હજારો વિદ્યાર્થીઓની કારકિર્દી ઉજ્જ્વળ બનાવી છે. આ વિદ્યામંદિરના દ્વિ-દશાબ્દી ઉત્સવના ઉપક્રમે પૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયું હતું. 'નહીં ભૂલીએ ઉપકાર' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલા સંમેલન સમારોહમાં છાત્રોએ વિદ્યામંદિરમાંથી મળેલા સંસ્કારો અને ચારિત્ર્ય ઘડતરના પાઠોને તાદૃશ કરતાં સંવાદ-સ્કિટ-નૃત્ય વગેરે પ્રસ્તુત કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. અંતમાં સ્વામીશ્રીએ પ્રેરણાવચનોમાં સૌ વિદ્યાર્થીઓને નિયમ-ધર્મયુક્ત જીવન જીવવા અમૂલ્ય સંદેશ પાઠવ્યો હતો.

● **સંત-શિબિર :** પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં અહીં તા. ૧૪-૧૬ માર્ચ અને તા. ૨૧-૨૩ માર્ચ દરમ્યાન બે ચરણમાં સંત-શિબિર યોજાઈ હતી. શિબિરનો લાભ લેવા માટે દેશ-વિદેશનાં બી.એ.પી.એસ. મંદિરેથી સંતો પધાર્યા હતા. સ્વામીશ્રીએ અનુકૂળતાએ સંત-શિબિરના સત્રમાં પધારીને તમામ સંતોને દર્શન-પ્રસાદી-વાતું-મળવું એમ ચારેય સુખ આપી સંતો પર અઢળક રાજીપો વરસાવ્યો હતો.

● **શ્રીહરિ જયંતી :** તા. ૩૦-૩-૨૦૨૩ના રોજ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૪૨મો પ્રાકટ્યોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. આજની વિશિષ્ટ સભામાં શ્રીહરિના નૂતન રચાયેલા અષ્ટકની પ્રત્યેક પંક્તિને આધારે સંતોએ પ્રવચનોમાં શ્રીહરિનો મહિમા ગાયો હતો. જન્મોત્સવનાં પદોનું ગાન કરીને આજના દિનને વધાવ્યો હતો. સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરિપણાનો મહિમા કહી, આ પ્રાપ્તિ થઈ છે તેના બળમાં અને કેફમાં રહેવા જણાવ્યું હતું. ત્યારબાદ અક્ષરપુરુષોત્તમ મહારાજને પારણામાં વિરાજમાન કરીને આરતી ઉતારી. આરતી બાદ જન્મોત્સવનાં પદોને તાલે સ્વામીશ્રી અને સંતોએ શ્રીહરિને પારણે ઝુલાવી તેઓના પ્રાકટ્યને હર્ષભેર વધાવ્યું હતું. ઉપસ્થિત ભક્તોએ પણ સ્વામીશ્રી સાથે ઈષ્ટદેવના જન્મોત્સવને ઊજવ્યો હતો. આજ રોજ સ્વામીશ્રીએ નૂતન પ્રકાશનોને ઉદ્ઘાટિત કર્યાં હતાં : (૧) શ્રી નીલકંઠ વિશ્વકલ્યાણ સહસ્ર નામસ્તોત્રમ્(સંસ્કૃત) (૨) પ્રમુખસ્વામી મહારાજ વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૮ તથા તેની ઑડિયો-બુક (૩) પૂર્ણ પુરુષાય નમઃ (ઑડિયો પ્રકાશન) (૪) ભગવાન સ્વામિનારાયણ દિવ્ય જીવનગાથા (ઊડિયા).

ઉપરોક્ત વિશિષ્ટ ઉત્સવ-પ્રસંગો ઉપરાંત સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં 'યજ્ઞપુરુષ મંડપમ્'માં જુદાં જુદાં સત્સંગ મંડળો દ્વારા વિવિધ ભક્તિદિન ઊજવાયા હતા. આ દિનની વિશિષ્ટ સભાઓમાં બાળકો-યુવકો-કાર્યકરોએ ભક્તિભાવપૂર્વક પ્રેરક કાર્યક્રમો રજૂ કરીને ગુરુહરિની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. પ્રત્યેક સભાના અંતે સ્વામીશ્રીએ સૌનો ભક્તિભાવ સ્વીકારી તેઓને આશીર્વચનોથી લાભાન્વિત કર્યા હતા.

સતત એક મહિના સુધી તીર્થધામ સારંગપુરમાં અનન્ય કૃપાલાભ આપીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કચ્છના હરિભક્તોને સત્સંગ-સુખ આપવા માટે ભુજ પધાર્યા હતા.



## દેશ-વિદેશનાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓમાં પ્રાણ-પ્રતિષ્ઠા કરતા મહંત સ્વામી મહારાજ...



*તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગોંડલ, અમદાવાદ, મુંબઈ અને સારંગપુર ખાતે બિરાજીને સૌને ખૂબ જ હેત-પ્રીતપૂર્વક દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. આ સત્સંગ કેન્દ્રોમાં વિવિધ ઉત્સવ-પ્રસંગોની ઉજવણી કરીને સ્વામીશ્રીએ અસંખ્ય હરિભક્તો-ભાવિકોને ચિરંતન સ્મૃતિઓ પ્રદાન કરી હતી.*

*ઉપરોક્ત કેન્દ્રોમાં સત્સંગ લાભની સાથે સાથે સ્વામીશ્રીએ દેશ-વિદેશમાં અધ્યાત્મનાં અજવાળાં પ્રસરાવવાં માટે રચાયેલાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. ઉપરાંત રચાનારાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની ખાતવિધિની ઈષ્ટિકાઓનું પૂજન પણ કર્યું હતું. આ અવસરોએ ઉપસ્થિત રહેલા હરિભક્તો-ભાવિકો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરીને તેઓને ધન્ય કર્યા હતા.*

*મૂર્તિપ્રતિષ્ઠાના પાવન અવસરે ઉપસ્થિત સૌને ભક્તિપરાયણ જીવન જીવવાની પ્રેરણા આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''આપણા ગામમાં મંદિર બન્યું છે તેમાં સાક્ષાત્ ભગવાન વિરાજશે. પછી બધાએ મંદિરનો લાભ લેવો. કથાવાર્તા-ધૂન-ભજન-ભક્તિ-માળા-દંડવત-પ્રદક્ષિણા-થાળ-આરતી-સેવાથી મંદિર ખૂબ જાગતું રાખવું. બીજાના ભલા માટે ભગવાનને પ્રાર્થના કરવી. આ મંદિરોમાં જે જે હરિભક્તોએ સેવા-સહયોગ આપ્યો છે તે સૌ તને-મને-ધને સુખિયા થાય એવી ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના.''*

*સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓની યાદી નીચે મુજબ છે :*

- **ગોંડલ ખાતે મૂર્તિપ્રતિષ્ઠાઓ:** ટીંબા (બોડેલી), જૂનાગઢના સૂત્રાપાડા, શાપુર, માળિયા-હાટીના (ગુરુપરંપરા-ચિત્રપ્રતિમા), મોટા દડવા (ગોંડલ). ● **ઇષ્ટિકા પૂજન :** જૂનાગઢના ઝાલણસર, કુતિયાણા, સુખપુર અને ગોંડલના ખારચિયા (હનુમાન).
- **અમદાવાદ ખાતે મૂર્તિપ્રતિષ્ઠાઓ:** તીથલના ઠક્કરવાડા (પુનઃપ્રતિષ્ઠા), પાલણ; હિંમતનગર વિસ્તારના ભદ્રેસર, શ્યામસુંદર, બહેડિયા; મનસ્ટર (યુ.એસ.એ.), ઉરણમોરા (મહારાષ્ટ્ર), કેનબેરા (ઑસ્ટ્રેલિયા), ભવાનીપુરા (મહેળાવ), જલાલપુરા (પાદરા). ● **ઇષ્ટિકા પૂજન :** સરદાર નગર (વડોદરા), એકલારા (હિંમતનગર), સરભોણ (સાંકરી), રાયસણ (ગાંધીનગર), પ્રમુખનગર (ગાંધીનગર), મહેસાણાના ખેરવા (બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર).
- **મુંબઈ ખાતે મૂર્તિપ્રતિષ્ઠાઓ:** બ્રેન્ડન (ટોરન્ટો), તીથલ વિસ્તારના પરવાસા, બરવાડી, ખુડવેલ, સાદકપોર, ઉપસળ; શેરીમાળ (ધરમપુર), કડવાપુરા (બોચાસણ), વેસ્મા (નવસારી), મગોબ ભાઠા (નવસારી) અને વાઘંબા (નવસારી).

● **ઇષ્ટિકા પૂજન :** સાંકરી વિસ્તારના બહેડા રાયપુરા, પલાસિયા, ભાતખાઈ, સઠવાવ.

- **સારંગપુર ખાતે મૂર્તિપ્રતિષ્ઠાઓ:** ક્લિવલેન્ડ (અમેરિકા), શ્રીજીનગર (જામનગર), તાજપુરા (પાદરા), ગઢડા રોડ (બોટાદ), હરિદર્શન વિસ્તાર (સુરત), અમીનપુર (પ્રાંતીજ), અરેરા (નડિયાદ), કરાયા (સેલવાસ), મેઘવાડ (સેલવાસ), ગામતળાવ (સાંકરી), ગંગાપુર (મહેળાવ) અને રકનપુર (અમદાવાદ), કાલિકામાતા મંદિર - વસાવા મહોલ્લો (અટલાદરા). ઉપરાંત બી.એ.પી.એસ. સંસ્થાનાં જુદાંજુદાં શિખરબદ્ધ મંદિરોમાં પધરાવવામાં આવનાર અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલમૂર્તિઓનો સ્વામીશ્રીએ વેદોક્ત પૂજન-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ● **ઇષ્ટિકા પૂજન:** સાણંદ (અમદાવાદ), પાટણા (બોટાદ), બાયડ (મોડાસા), ઉમિયા પરિવાર (ઈડર), ધનસુરા (મોડાસા), ગામ વિસ્તાર (ખેડબ્રહ્મા), પીપોદરા (પોશીના), નાદરી (ખેડબ્રહ્મા), સાસ્તાપુર (મહુધા), નાવડા (સારંગપુર), અક્ષરહિલ સંસ્કારધામ (ભાવનગર) અને જામનગર (બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર અને છાત્રાલય). કણાદ (સુરત) ખાતે નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મહામંદિરની જગતીપીઠનું પૂજન.

# 'એક એકને રંગવા છે...' - સારંગપુરમાં પુષ્પદોલોત્સવે હજારો હરિભક્તોને ભક્તિના શાશ્વત રંગોથી રંગતા સ્વામીશ્રી...

તા. ૭-૩-૨૦૨૩ના રોજ તીર્થધામ સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પાવન સાંનિધ્યમાં પુષ્પદોલોત્સવ શાનદાર રીતે ઊજવાયો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રતિ વર્ષે પુષ્પદોલનો ઉત્સવ સારંગપુરમાં ધામધૂમપૂર્વક ઊજવતા એ જ પરંપરા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જાળવી રાખી છે.

આ વર્ષે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા પુષ્પદોલોત્સવનો લાભ લેવા દેશ-પરદેશથી ઊમટેલાં ૮૫,૦૦૦ જેટલા આબાલવૃદ્ધ બાઈ-ભાઈ હરિભક્તો-ભાવિકોથી સારંગપુર મંદિરનું વિશાળ પરિસર ઊભરાતું હતું. હરિભક્તો શિખરબદ્ધ મંદિર, શાસ્ત્રીજી મહારાજ સ્મૃતિમંદિર અને તાજેતરમાં જ પ્રતિષ્ઠિત થયેલા પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિમંદિરમાં દર્શન કરીને બી.એ.પી.એસ. વિદ્યામંદિરના વિશાળ પ્રાંગણમાં રચવામાં આવેલા ઉત્સવ-સ્થળે પધારતા હતા. ૪-૦૦ વાગ્યાથી જ સભાસ્થળ હરિભક્તો-ભાવિકોથી ઊભરાવા લાગ્યું હતું. સભા-પ્રવેશ વખતે જ તમામ હરિભક્તોને ફગવાના પ્રસાદરૂપે ફૂડપેકેટ આપવામાં આવ્યાં હતાં.

આજના ઉત્સવને અનુરૂપ સુંદર મંચ રચવામાં આવ્યો હતો. તેની પિછવાઈમાં સારંગપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ઊજવેલા પુષ્પદોલોત્સવની સ્મૃતિ કરાવતાં દૃશ્યો અત્યંત દર્શનીય હતાં. વાદળોથી ઘેરાયેલા આકાશની છત્રછાયા અને મંદ મંદ વહેતી ઠંડી હવાની લહેરખીઓ સૌને આહ્લાદક અનુભવ કરાવી રહી હતી. સાંજે ૪:૩૦ વાગે સંગીતજ્ઞ સંતો અને યુવકોએ ભગવાન સ્વામિ-નારાયણની રંગોત્સવ લીલાનાં પ્રાસંગિક પદો ગાઈને ઉત્સવસભાની શરૂઆત કરાવી હતી.

તાજેતરમાં જ અમદાવાદ ખાતે શાનદાર રીતે ઊજવાયેલા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની સ્મૃતિ એ જ આ વર્ષના રંગોત્સવનો મધ્યવર્તી વિચાર હતો. 'શતાબ્દીના શાશ્વત રંગો' થીમ અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ કોઈ વીસરી શકશે નહીં. એ વિષયક મધુરવદનદાસ સ્વામી દ્વારા રચિત અને તેઓના જ કંઠે ગવાયેલા 'પ્રમુખસ્વામીનું ભવ્ય દિવ્ય એ નગર કદી વીસરાય નહીં...' સ્મૃતિપદે ઉપસ્થિત સૌને શતાબ્દી મહોત્સવની સ્મૃતિઓમાં ગરકાવ કરી દીધા હતા.

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વ્યાપેલો સેવા અને સમર્પણનો રંગ પણ સૌના હૃદયને રંગી ગયો હતો. 'સેવા-સમર્પણનો રંગ' વિષયક પ્રવચનમાં આનંદસ્વરૂપદાસ સ્વામીએ શતાબ્દી મહોત્સવમાં સંતો અને સ્વયંસેવકોના સેવા-સમર્પણના પ્રસંગો કહ્યા હતા. તેઓએ વધુમાં કહ્યું હતું કે 'સેવા અને સમર્પણના રંગથી હવે સમગ્ર જીવન શાશ્વત રીતે રંગાઈ જાય તે માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે શ્રદ્ધા-ભક્તિ અને નિષ્ઠાથી કાર્ય કરતા રહીએ.'

શતાબ્દી મહોત્સવના ખૂણે ખૂણે મહંત સ્વામી મહારાજની દિવ્ય ચેતના અને પ્રેરણા સૌએ અનુભવી હતી. અનેકવિધ મહાનુભાવોએ મહંત સ્વામી મહારાજનો મહિમા જોરશોરથી ગાયો હતો તેની વીડિયો-પ્રસ્તુતિ થઈ. ત્યારબાદ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ 'સત્પુરુષના મહિમાનો રંગ' વિષયક પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પધારેલા મહાનુભાવોએ પૂજ્ય મહંત સ્વામી મહારાજમાં અનુભવેલા દિવ્યતાના મનનીય પ્રસંગો કહીને સત્પુરુષના મહિમાનો શાશ્વત રંગ સૌને વિશેષ ઘૂંટાવ્યો હતો.

શતાબ્દી મહોત્સવમાં અનેક શાશ્વત રંગો ઊડ્યા તેથી સૌ આંતર-બાહ્ય રીતે રંગાયા. હવે આ રંગ કદી આપણા જીવનમાંથી ઓસરે નહીં, સદ્‌ગુણો કદી આપણા જીવનમાંથી લોપાય નહીં આ વિષયક વિશેષ માર્ગદર્શન આપતાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ જણાવ્યું: 'આજે ઘણાના જીવનમાં પ્રશ્નો સર્જાય છે તેનું કારણ આંતરિક અસ્વચ્છતા છે. જીવનમાં શાંતિ માટે અંતરશુદ્ધિ મહત્ત્વની છે. આ દિશામાં આપણી જાગૃતિ વધી છે તેથી જ આવા મહોત્સવો અને દેશ-પરદેશમાં કાર્યો થઈ રહ્યાં છે, છતાં પણ સુધારાને કોઈ સરહદ નથી અને પ્રગતિને કોઈ પૂર્ણવિરામ નથી, એ ન્યાયે જીવન શુદ્ધિમાં આગળ વધવાનું છે. વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે એ તો સારું જ છે પણ દરેકે જાગ્રત થઈને બાળકોને સંસ્કાર આપવાના છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે બાળસંસ્કારની શરૂઆત ગર્ભાવસ્થાથી શરૂ થાય છે માટે બાળકોને સંસ્કાર ગર્ભાવસ્થા દરમિયાન જ મળવા જોઈએ. એટલે દરેકે જાગ્રત

થવું પડશે. જીવનમાં જ્યાં પણ કાર્ય કરતા હોવ ત્યાં તે કાર્ય વ્યવસ્થિત કરો, તો જીવન એક મહોત્સવ બની જશે.'

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે રંગોત્સવ પર્વે આશીર્વાદ આપતાં જણાવ્યું: ''સ્વામિનારાયણ ભગવાનના વખતમાં ઘણા બધા ઉત્સવો થયા. સ્વામિનારાયણ ભગવાન ઉત્તર હિન્દુસ્તાનથી હોળીનો ઉત્સવ લેતા આવ્યા. તેમાં પૂર્વે ઘણી બદીઓ હતી, ગંદકી હતી. તે બધું સાફસૂફ કરીને શુદ્ધ સ્વરૂપે તેમણે આ ઉત્સવ આપ્યો. ઉત્સવને ભક્તિમય સ્વરૂપ આપી દીધું.

મહારાજ તો મૂર્તિ લઈને આપણા બારણે આવે છે પણ આપણી તૈયારી નથી હોતી એટલે ચાલ્યા જાય છે... ભક્તિમય જીવન બને એટલે ભગવાન આવે ને મૂર્તિ પધરાવી દે. શુદ્ધ સ્વરૂપે આપણે ભજન કરીએ તો આપણું અંતર વધારે ને વધારે શુદ્ધ થતું જાય. અને એવું થયું છે - શ્રીજીમહારાજના વખતથી હજારો એકાંતિક ભક્તો થયેલા છે. શ્રીજીમહારાજનો કહેવાનો ભાવ હતો - અંતરશુદ્ધિ પર પહોંચીએ એ જ ભક્તિ છે. ભક્તિનો ગુણ જ એ છે કે જો સાચી ભક્તિ કરે તો અંતઃકરણ શુદ્ધ થાય જ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એમાં કાંઈ બાકી ન રહે તો એકદમ નિર્વાસનિક થવાય. ઘણા હરિભક્તો એવી રીતે ગોષ્ઠિ કરે છે... પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દીમાં પણ ઘણાનું અંતઃકરણ શુદ્ધ થયું છે.

આપણે આ સમૈયો કરીએ છીએ એનું કારણ આ જ છે - અંતઃકરણ શુદ્ધ કરવું. અને બધાને અંતઃકરણ શુદ્ધ કરીને ભક્તિનો રંગ ચઢાવવાનો છે. અંતર રંગાઈ જાય, અંતરમાં એક ભગવાન સિવાય બીજું કાંઈ ના રહે એવી રીતે આપણે અંતર રંગવાનું છે.''

સ્વામીશ્રીના આશીર્વાદની સમાપ્તિ સાથે જ આજના ઉત્સવની ધન્ય ક્ષણ આવી પહોંચી. હજારો હરિભક્તો-ભાવિકો સ્વામીશ્રીના હસ્તે રંગાવા ઉત્સુક બન્યા હતા. રંગોત્સવનો પ્રારંભ કરતા સ્વામીશ્રીએ પ્રથમ અક્ષર-પુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું અને પછી સ્વામીશ્રી અને અક્ષરપુરુષોત્તમ મહારાજના કરમાં રહેલી પિચકારીમાંથી રંગોની ધારાઓ છૂટી. બ્રહ્મ-પરબ્રહ્મ સામસામે રંગે રંગાયા. ઉપસ્થિત તમામ સંતો અને હરિભક્તોએ અર્પેલા આરતી-અર્ધ્ય બાદ સ્વામીશ્રીએ સદ્‌ગુરુ સંતો પર રંગવર્ષા કરીને રંગોત્સવનો શુભારંભ કર્યો.

આ વખતે પણ સંતો-પાર્ષદો-સાધકો અને હરિભક્તોએ રંગોત્સવના મંચની વિશિષ્ટ રચના કરી હતી. તે પ્રમાણે રંગવર્ષા માટે સ્વામીશ્રીનું આસન આગળ સરકવા લાગ્યું. મુખ્ય મંચથી આગળના મંચ પર સ્વામીશ્રી આસનસહ પધાર્યા. હવે સ્વામીશ્રીએ રંગોત્સવની કમાન ગ્રહી. બે પિચકારીઓનું સંચાલન હાથ ધર્યું તે સાથે જ અગ્ર મંચ પર લગાવેલી ૬ પિચકારીઓમાંથી સુગંધથી મઘમઘતા કેસરી જળની ધારાઓ છૂટવા લાગી. તે સાથે જ રંગ ભરેલા ફટાકડાઓમાંથી વિવિધ રંગો રેલાવા લાગ્યા. પુષ્પદોલોત્સવને અનુરૂપ કીર્તનો ગુંજી ઊઠ્યા. ભક્તોનાં પગ અને હૈયાં થનગની ઊઠ્યાં. પુરજોશમાં આવતા રંગના જળપ્રવાહમાં ભક્તગણ નખશિખ ભીંજાવા લાગ્યો. સંતો-સેવકોની સૂચના પ્રમાણે બંને તરફ રંગવર્ષાને ઝીલતાં હજારો હરિભક્તો પંક્તિબદ્ધ થઈ આનંદે ઝૂમતાં મંચની સમીપે સ્વામીશ્રીનાં દર્શનની સાથે તેઓની કૃપાવર્ષામાં ભીંજાઈ ધન્ય ધન્ય થઈ ઊઠ્યા. સૌનાં મુખ પર અપૂર્વ આનંદ રેલાઈ રહ્યો હતો. સતત ૪૦ મિનિટ સુધી સ્વામીશ્રીએ હરિભક્તો પર રંગવર્ષા કરી. સ્વામીશ્રી પણ ખરેખરા રંગમાં હતા, કારણ કે આ તેઓનો જ સંકલ્પ હતો: 'એક એકને રંગવા છે!'

હવે સંતો-પાર્ષદો-સાધકો માટે સ્વામીશ્રીનો પ્રેમપ્રવાહ પિચકારી દ્વારા છૂટ્યો. સૌ સ્નેહવર્ષામાં ભીંજાયા. સતત ૮ મિનિટ સ્વામીશ્રીએ સંતોને રંગ્યા. સૌની મીટ સ્વામીશ્રી સામે અને આકાશ સામે મંડાઈ. વરસાદનું એક ટીપું પણ હજી સુધી પડ્યું નહોતું. અને વાયુ દેવતા પણ આજે રોજની જેમ તેમની ત્રેવડમાં નહોતા. ખૂબ જ આહ્‌લાદક, રમણીય અને ઉત્સવને અનુરૂપ જ વાતાવરણ હતું. કારણ કે છેલ્લા ત્રણ દિવસથી અહીં જોરદાર પવનની સાથે વરસાદ વરસતો હતો. આજે પણ વાવાઝોડાની આગાહી હતી, તેથી સૌ વિમાસણમાં હતા કે આ વખતના રંગોત્સવનું શું થશે!? પણ આજે સ્વામીશ્રીએ રંગ રાખ્યો!!

ઉત્સવની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રીએ ઉત્સવસ્થળેથી વિદાય આરંભી તે સાથે જ, બરાબર ૭:૩૯ વાગ્યે આકાશમાં વીજળીનો કડાકો થયો અને વરસાદ શરૂ થયો. પ્રથમના ૨૭મા વચનામૃતમાં શ્રીજીમહારાજે લખ્યું છે: 'જેના વરસાવ્યા મેઘ વરસે છે' તેની દરેકને આજે પ્રત્યક્ષ પ્રતીતિ થઈ.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને સંતો-હરિભક્તોના કુશળ આયોજનથી આજનો ઉત્સવ રંગેચંગે સંપન્ન થયો હતો.




# કચ્છની પવિત્ર ધરા પર ભુજ શહેરમાં શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે...

રણ, સાગર અને ડુંગરનું ત્રિવેણીતીર્થ એટલે કચ્છ. ગુજરાતના યશ-મુગટમાં મોરપીંછ સમાન સ્થાન પામેલા કચ્છ પ્રદેશને કુદરતે અનેક વૈભવોથી આભૂષિત કર્યો છે. 'માયાળુ મલક' તરીકે ઓળખાતા આ ખમીરવંતા કચ્છ પ્રદેશને પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનું અનેકવાર સાંનિધ્ય સાંપડ્યું હતું. શ્રીહરિએ અહીં પધારીને કચ્છી ભક્તોને દર્શનનું અપાર સુખ આપ્યું હતું. ભુજમાં ભવ્ય મંદિર રચીને શ્રીહરિએ સ્વયં સન ૧૮૭૯માં નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી ત્યારથી આ મંદિર કચ્છ તેમજ દેશ-પરદેશના હજારો ભક્તો-ભાવિકો માટે ભક્તિ-શ્રદ્ધાનું આગવું તીર્થધામ



બની ચૂક્યું છે. શ્રીહરિની ચરણરજથી પ્રસાદીભૂત થયેલાં અનેક સ્થાનો આજે પણ સૌ દર્શનાર્થીઓ માટે પવિત્ર આસ્થાનું કેન્દ્ર બન્યાં છે.

આ પવિત્ર ભૂમિ ઉપર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પધારીને અસંખ્ય હરિભક્તોને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં પીયૂષ પાયાં અને સત્સંગનું સુખ આપ્યું છે. સન ૧૯૫૧માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ધામમાં પધાર્યા તે વખતે કચ્છથી આઠ-દસ હરિભક્તો સારંગપુર આવેલા. ત્યારપછી આ હરિભક્તોએ ભુજમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના

શ્રીગણેશ કર્યા.

સન ૧૯૭૩માં પ્રમુખસ્વામી મહારાજ ભુજ પધાર્યા ત્યારે નિર્મળસિંહ બાપુએ સ્વામીશ્રીની પવિત્ર સાધુતાથી આકર્ષાઈને મુંદ્રા રોડ પર આવેલી પોતાની જમીન ઠાકોરજી તથા પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં મંદિર બનાવવા માટે અર્પણ કરી હતી. સન ૧૯૭૮માં આ સ્થાન પર એક મકાનમાં નાનકડા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવામાં આવી. સત્સંગનું એક સ્થાન બનવાથી હરિભક્તોના ઉત્સાહમાં ખૂબ જ વધારો થયો. સંતો પણ અવારનવાર પધારતા તેથી સત્સંગનો વ્યાપ વધવા લાગ્યો. સન ૧૯૯૭માં સૌપ્રથમ ભુજ મંદિરમાં પૂજ્ય દેવચરણદાસ સ્વામી અને સંતો સ્થાયી થયા. પછી તો સત્સંગમાં નવું ચેતન પુરાયું હોય તેમ વિવિધ સત્સંગલક્ષી પ્રવૃત્તિઓનો વ્યાપ થવા લાગ્યો.

સન ૨૦૦૧માં આવેલા વિનાશક ધરતીકંપે કચ્છ-ભુજને છિન્ન-ભિન્ન કરી નાંખ્યું હતું, તે સમયે દુઃખી થયેલા માનવીઓની વહારે કરુણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ આવ્યા. તેઓની આજ્ઞાથી બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ સંસ્થાના સંતો-સ્વયંસેવકોએ ખડે પગે રાહતકાર્ય કરી સૌમાં હૂંફ, આશ્વાસન ને અખૂટ બળ સિંચ્યાં. લાચાર બનેલા માનવીઓ માટે વિવિધ સહાયો મોકલીને પ્રમુખસ્વામી મહારાજે માનવ-જીવનને પુનઃ જીવંત કર્યું. પડી ભાંગેલાં ગામોનું પુનઃ નિર્માણ કરીને નિરાધાર બનેલા માનવીઓને આશરો આપ્યો હતો. શાળાઓનું પુનઃ નિર્માણ કરીને શિક્ષણ-કાર્યને પુનઃ ધબકતું કર્યું હતું.

બી.એ.પી.એસ. સંસ્થાની આ રાહતપ્રવૃત્તિથી અતિ પ્રભાવિત થઈને અસંખ્ય લોકો સત્સંગમાં અભિમુખ થયા. તે સમયે પ્રમુખસ્વામી નગર (ટીનસીટી)નું નિર્માણ થયું. અહીં ઊજવવામાં આવતા દરેક હિન્દુ ઉત્સવોમાં શહેરના ભાવિક લોકો સહભાગી બન્યા. સમગ્ર કચ્છમાં આ ઉત્સવની ઉજવણીથી બી.એ.પી.એસ. સંસ્થાની અનોખી ભાત પડી અને ભુજના ટીનસીટીમાં નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું. તા. ૧૦-૧૦-૨૦૦૨ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ મંદિરના બેઝમેન્ટમાં કલાત્મક સિંહાસનમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ (આરસ), નરનારાયણદેવ, ગુરુપરંપરા (ચિત્ર) તથા હનુમાનજી-ગણપતિજીની મૂર્તિઓ પધરાવી. ત્યારપછી અહીં બી.એ.પી.એસ.નો ચડતો ને ચડતો સત્સંગ રહ્યો. જેમ જેમ સત્સંગપ્રવૃત્તિ વિકાસ પામતી ગઈ તેમ તેમ હરિભક્તોની સંખ્યામાં પણ વધારો થતો ગયો. હવે પ્રમુખસ્વામી મહારાજ અને સૌ હરિભક્તોના અંતરમાં એક જ અભિલાષા હતી કે અહીં બી.એ.પી.એસ.નું શિખરબદ્ધ મંદિર બને! એ માટે પ્રમુખસ્વામી મહારાજે અપાર પુરુષાર્થ પણ કર્યો.

અને આખરે, તેમનો સંકલ્પ સાકાર થયો. સમયના વહેણની સાથે એ ધન્ય અવસર પણ આવી પહોંચ્યો!

સંવત ૨૦૭૯, ચૈત્ર સુદ પૂર્ણિમા, તા. ૬-૪-૨૦૨૩નો દિન ભુજ-કચ્છના બી.એ.પી.એસ. સત્સંગ માટે ઐતિહાસિક હતો. આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ભુજ ખાતે ઍરપોર્ટ રિંગ રોડ પર, હૉટલ રિજન્ટા પાસે વિશાળ ભૂમિ પર ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણકાર્યનો મંગલ પ્રારંભ થઈ રહ્યો હતો.

આ અવસરે સવારથી જ શિલાન્યાસ વિધિનો મંગલ પ્રારંભ થઈ ચૂક્યો હતો. જે સ્થળે મંદિર નિર્માણ પામવાનું છે તેના વિશાળ ખંડો-ગર્તને આવૃત્ત કરતા શમિયાણામાં પૂજનવિધિ થઈ રહ્યો હતો. મધ્યખંડમાં ઘનશ્યામચરણદાસ સ્વામી અને અક્ષરચરણદાસ સ્વામી, ઘનશ્યામ મહારાજના ખંડમાં વિવેક-સાગરદાસ સ્વામી અને હરિકૃષ્ણ મહારાજ-શ્રી રાધાકૃષ્ણના ખંડમાં જ્ઞાનેશ્વરદાસ સ્વામી વિધિ કરી રહ્યા હતા. શ્રુતિપ્રકાશદાસ સ્વામી, મધુરવદનદાસ સ્વામી તથા મૂકેશભાઈ શાસ્ત્રીએ પ્રાથમિક વિધિ કરાવ્યો હતો.

પૂર્વવિધિની પૂર્ણાહુતિ બાદ સૌ પ્રાસંગિક સભામાં પધાર્યા. ધૂન-કીર્તનથી આરંભાયેલી સભાના પ્રારંભમાં વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. નિર્માણ પામનાર મંદિરનાં દર્શન 'વીડીયો વૉક થ્રૂ' દ્વારા કરાવવામાં આવ્યા. આ પ્રસંગે ઉપસ્થિત ભુજના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ અને નગર-પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરે શુભેચ્છાવચનો કહ્યાં હતાં.

આ મંગલ પ્રસંગે સ્વામીશ્રીએ શુભ આશીર્વાદ અર્પતાં કહ્યું: ''અહીં શ્રીજીમહારાજે તો ખૂબ વિચરણ કર્યું છે - ગામેગામ, રજેરજમાં પ્રવેશ કર્યો છે... યોગીબાપા ૧૯૫૬ની સાલમાં આવેલા છે, તે વખતે અમે યુવકમાં સાથે આવ્યા હતા. અને પ્રમુખસ્વામી મહારાજ તો ઘણી વખત આવેલા છે. એટલે આ ભૂમિ શ્રીજીમહારાજ, સંતો અને ગુરુપરંપરાની ચરણરજથી અંકિત થયેલી છે. અહીં મોટું મંદિર થશે અને તેમાં મહારાજ-સ્વામી વિરાજશે એ તો બહુ મોટી આનંદની વાત છે. આપણો

સત્સંગ દિવસે દિવસે વધતો જ જાય છે. આ તો મોટું મંદિર - શિખરબદ્ધ થવાનું છે. મંદિરથી સૌનાં જીવનમાં મોક્ષને લગતાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે સદ્‌ગુણ આવે છે.

આવા મોટા મંદિરનું કામ શરૂ થશે તો એમાં આપણે સૌએ હોલાઉપાડ કરવાનો છે. બધાના મનમાં ખૂબ ઉમંગ છે એટલે મંદિર તો થઈ જશે પણ તમારો ભક્તિભાવ પ્રકટ થાય, તમારા હૃદયમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ગુણો આવે એ જ મહત્ત્વનું છે. જો સંપીને કામ કરીશું તો મંદિર સમયસર તૈયાર થઈ જશે. એકબીજાને સહાય કરવાની છે તો મંદિર જોતજોતાંમાં પૂરું થઈ જશે. આર્થિક રીતે ઘસાવાનું છે. આપણા જીવનમાં કરકસર કરીને, બિનજરૂરી ખર્ચ ઘટાડીને પણ મહારાજ-સ્વામી માટે સમર્પણ કરવાનું છે. બીજું બધું સેવિંગ ક્યાંય જતું રહેશે પણ આ સેવિંગ ભક્તિરૂપ થઈને મહારાજ-સ્વામીનાં ચરણમાં પહોંચશે. જેણે જેણે આવી સેવાઓ કરી છે તે ભગવાનનો રાજીપો કમાયા છે. એટલે આપણે પણ તેઓને અનુરૂપ, તેઓની બાજુ મુખ રાખીને ભક્તિ-સેવા કરવાની છે. ભક્તિભાવથી કરેલી સેવા શ્રીજીમહારાજને પહોંચશે અને તે શાશ્વત રહેશે. સાથે દેહે કરીને પણ સેવામાં જોડાઈએ, તને-મને-ધને કરીને સેવામાં જોડાઈએ અને વિશેષ રાજીપો પ્રાપ્ત કરીએ. સૌ હરિભક્તો તને-મને-ધને કરીને સુખી થાય. દેશકાળ ખૂબ સારા થાય એ પ્રાર્થના.''

બાદ સંતો-હરિભક્તોએ કલાત્મક હાર-ચાદર વડે સ્વામીશ્રીનું સન્માન કર્યું અને ત્યારબાદ સ્વામીશ્રી મુખ્ય વિધિ માટે ગર્ત પાસે પધાર્યા.

ઉત્તરાર્ધ વિધિ આરંભાયો. મધ્યખંડના ગર્તમાં સ્વામીશ્રી, હરિકૃષ્ણ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણના ખંડમાં ઘનશ્યામચરણદાસ સ્વામી, ઘનશ્યામ મહારાજના ખંડમાં વિવેકસાગરદાસ સ્વામીએ વિધિ આરંભ્યો. વિધિને અનુસરતાં સ્વામીશ્રીએ પ્રથમ શિલાનું પૂજન કર્યું. ત્યારબાદ ક્રમાનુસાર અન્ય વિધિ કર્યો. સાથે અક્ષત અને પુષ્પથી સ્વામીશ્રીએ મંદિર બાંધકામમાં વપરાનારાં આયુધોનું પૂજન કર્યું. સુરતમાં નિર્માણાધીન અક્ષરધામની ભવ્ય પ્રદક્ષિણા અને નૂતન સભામંડપની ઇષ્ટિકાઓ, નિધિકુંભ, યંત્ર અને દેવોનું પણ પૂજન કર્યું હતું. પૂજનવિધિમાં સંતો અને મુખ્ય સેવાઓ કરનાર હરિભક્તો પણ જોડાયા હતા. અન્ય તમામ ભક્તો સભામંડપમાં વીડિયો દ્વારા પૂજનવિધિનો લાભ માણી રહ્યા હતા.

બરાબર ૧૨:૦૨ વાગ્યે સ્વામીશ્રીએ તૈયાર સિમેન્ટનું મિશ્રણ ગર્તમાં પધરાવ્યું, સ્વામીશ્રીએ સ્પર્શ કરેલું યંત્ર ગર્તમાં સ્થાપિત કરવામાં આવ્યું. તેના પર સ્વામીશ્રીના કરકમળો દ્વારા પૂજિત નિધિકુંભનું સ્થાપન થયું અને સ્વામીશ્રીએ તેની ઉપર સિમેન્ટનું મિશ્રણ પધરાવ્યું. વિવિધ શુભસંકલ્પોની પૂર્તિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી.

હવે સમય હતો શિલા-સ્થાપનનો. સ્વામીશ્રીએ વેદોક્ત વિધિપૂર્વક પૂજેલી મધ્ય શિખરની બ્રહ્મશિલા બરાબર ૧૨:૦૭ વાગ્યે વિવેકમંગલદાસ સ્વામી અને ભુજના સંતોએ જયજયકારો વચ્ચે શિલા ગર્ત પર પધરાવી. તે સાથે 'ભુજ મંદિર શિલાન્યાસ મહોત્સવની...જય!' ઘોષ ગુંજી ઊઠ્યો. સ્વામીશ્રીએ ખૂબ જોમથી હાથ ઊંચો કરી આ ક્ષણને વધાવી. શિલા પર અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવવામાં આવ્યા. શ્રી અરવિંદભાઈ પટેલ (નકુરુ), શ્રી રામજીભાઈ કંપાલા, શ્રી કાન્તિભાઈ મસ્કત, શ્રી કાનજીભાઈ મસ્કત વગેરે ભક્તો શ્રીફળ વધેરી મંગલકાર્યમાં સહભાગી થયા.



સ્વામીશ્રી, સદ્‌ગુરુ સંતો અને ઉપસ્થિત તમામ હરિભક્તોએ શિલાન્યાસની આરતી ઉતારી. ત્યારબાદ મંત્રપુષ્પાંજલિ થઈ. સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરેલા અક્ષત અક્ષરચરણદાસ સ્વામીએ સૌ ભક્તો પર આશીર્વાદરૂપે વરસાવ્યાં હતાં.

અંતમાં ભુજ મંદિરના કોઠારી વિવેકમંગલદાસ સ્વામીએ આ પ્રસંગે સાથ-સહયોગ આપનાર સૌનો આભારવિધિ કર્યો હતો.



# ઝાલાવાડની ધરતી પર સુરેન્દ્રનગરના આંગણે નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ કરતા સ્વામીશ્રી...

ઝાલાવાડની ધરતી એટલે શૂરવીરો, સતીઓ અને સંતોની યશોગાથાથી ગુંજતી ધરતી; જેના કણ-કણમાં શૂરતા, સત અને સાધુતાની સુગંધ ફોરે છે. આવી ઝાલાવાડની ખમીરવંતી ભૂમિ પર સુરેન્દ્રનગરમાં તાજેતરમાં ધામધૂમપૂર્વક નૂતન બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ ઉત્સવ સંપન્ન થઈ ગયો.

ઝાલાવાડની ધરતીએ સંપ્રદાયને અનેક શૂરવીર ભક્તોની ભેટ ધરી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પરમહંસોમાં અદ્‌ભુતાનંદ સ્વામી (કડુ), દેવાનંદ સ્વામી (બરોળ), આધારાનંદ સ્વામી તેમજ હરિભક્તોમાં દેવીપૂજક સગરામ (લીમડી), શિવરામ ભટ્ટ (શિયાણી), મેથાણના અજાભાઈ વગેરે મહાન સંતો-ભક્તો આ ભૂમિનું જ પ્રદાન છે. આથી જ આ વિસ્તારમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુપરંપરાનું વિચરણ પણ ખૂબ થયું છે. અચારડા પાસે વાસાર નદીમાં નારાયણ ધરે શ્રીહરિએ સ્નાન કરેલું, તે સ્થાને શાસ્ત્રીજી મહારાજ પણ દર વર્ષે ભાદરવા વદ અમાસે આવતા, તે રીતે ૪૦ વર્ષ સુધી આ ઉત્સવ કરેલો. ત્યારબાદ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના વારંવાર થતા વિચરણને લીધે આ વિસ્તારના સત્સંગનું સારી રીતે પોષણ થતું રહ્યું.

ઝાલાવાડના મુખ્ય શહેર સુરેન્દ્રનગરમાં પણ બી.એ.પી.એસ. સત્સંગનાં બીજ રોપાયાં હતાં શાસ્ત્રીજી મહારાજના સમયથી. સારંગપુર મંદિરના નિર્માણ માટે શાસ્ત્રીજી મહારાજ ધ્રાંગધ્રા પથ્થર લેવા આવતા, ત્યારે વઢવાણમાં ચંદુભાઈ મહેતાને ત્યાં એમનો ઉતારો રહેતો અને અહીં સત્સંગનો આનંદ કરાવતા. તેમાંથી અહીં સત્સંગની અભિવૃદ્ધિ થઈ. ત્યારબાદ સારંગપુર મંદિર માટે ૩૫ રૂ.નો સૌપ્રથમ ખરડો નોંધાવનાર શ્રી



છગનભાઈ ખત્રીના પૌત્ર ત્રિકમભાઈ રામજીભાઈ સુરેન્દ્રનગરમાં વસ્યા એટલે સુરેન્દ્રનગરમાં સત્સંગ વિકસ્યો. એમને ત્યાં વર્ષો સુધી રવિવારની સભા થતી. એ પછી ભેંસદડથી અહીં આવીને વસેલા નારણભાઈ ચોટલિયાને ત્યાં વર્ષો સુધી રવિવારની સભા અને સંતોના ઉતારા થતા રહ્યા.

આ ધરતીના આ પુણ્યે જ ૧૧૮ વર્ષ પહેલાં અક્ષરપુરુષોત્તમ મહારાજ આ પૃથ્વી ઉપર પહેલીવાર પધાર્યા હતા. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિમાન રૂપે વઢવાણમાં ઉદિત થયા, બ્રહ્માંડની ડેલીએ જાણે ડંકા પડ્યા, નવખંડ ધરાના ઉદ્ઘોષનું ઉગમબિંદુ બનવાનું એ સૌભાગ્ય ઝાલાવાડી ધરતીને ફાળે ગયું.

ભગવાન સ્વામિનારાયણના હાર્દને યથાર્થ સમજીને, નિધડકપણે એને છતું કરવાની શાસ્ત્રીજી મહારાજની અનન્ય ઈષ્ટ ભક્તિ. યોગીબાપાનું આત્મીયતા ભર્યું વિરલ તપ અને પ્રમુખસ્વામી મહારાજનું ભરઉનાળે કરેલું સત્સંગ વિચરણ આ બધાં તેજવર્તુળોનો વ્યાપ સતત વિસ્તરતો રહ્યો.



સારંગપુરથી પરમ પૂજ્ય સંતસ્વામી, પૂજ્ય હરિપ્રકાશદાસ સ્વામી, પૂજ્ય મુકુંદજીવનદાસ સ્વામી વગેરે સંતોનું વિચરણ પણ આ વિસ્તારમાં થતું. એવામાં ૧૯૮૨માં એક અઠવાડિયાના પારાયણનું આયોજન થયું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીએ વક્તાપદે વિરાજીને ‘વચનામૃત’ની પારાયણમાં બ્રહ્મરસની હેલી વરસાવી હતી. ત્યારબાદ સંતોના સખત પુરુષાર્થની સાથે સત્સંગ વિસ્તરતો જ રહ્યો. સ્વામીશ્રીના સંકલ્પાનુસાર રેલવે સ્ટેશનની સામે જ સુંદર જમીન મળતાં તા. ૮-૫-૧૯૮૯ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના હસ્તે જ વિધિવત્ ખાતમુહૂર્ત થયું.

ત્યારબાદ સુંદર ત્રણ શિખરયુક્ત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૭-૧૨-૧૯૯૬ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં યોજાયો, આ મહોત્સવે ગુરુહરિની જયંતીનો સુયોગ પણ હરિભક્તોને સાંપડ્યો હતો. એક સ્વપ્ન જાણે મૂર્તિમાન ઊતરી આવ્યું ને ઝાલાવાડની રાજધાનીનાં ભાગ્ય ખૂલી ગયાં હતાં.

ત્યારપછી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અહીં અનેકવિધ સત્સંગ-પ્રવૃત્તિઓ વિકાસ પામતી રહી સાથે સાથે સત્સંગ પણ ખૂબ જ વિકસ્યો.

સુરેન્દ્રનગર અને ઝાલાવાડના અભિવૃદ્ધિ પામતા સત્સંગ-વિકાસને લક્ષ્યમાં લઈને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સંકલ્પે સુરેન્દ્રનગર શહેરમાં દ્વિતીય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર આકાર પામવા જઈ રહ્યું છે. સુરેન્દ્રનગરમાં સી.એન.જી. પંપ સામે, મેકસન સર્કલ પાસે નિર્માણ પામનારા શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ સમારોહ યોજાયો હતો.

તા. ૨૨-૪-૨૦૨૩, અખાત્રીજના પવિત્ર દિને સવારે ૯ થી ૧૨:૩૦ વાગ્યા સુધી શિલાન્યાસવિધિ યોજાયો હતો. શિખરબદ્ધ મંદિર જ્યાં નિર્માણ પામવાનું છે તે સ્થાને વિશાળ ગર્ત કરવામાં આવ્યો હતો. ગર્તને આવૃત્ત કરતા શમિયાણામાં ચોમેર ફૂલમાળ અને માંગલ્ય પ્રતીકોની સુશોભિત સજાવટ આ ઉત્સવને વધુ દિવ્યતા બક્ષી રહ્યા હતા. મંદિરનાં ત્રણ શિખરનાં સ્થાનોએ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી, પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને મુખ્ય યજમાન હરિભક્તો સુનિશ્ચિત સ્થાને બિરાજીને વિધિમાં સામેલ થયા. ગર્તની બહાર બાંધેલા મંડપમાં પણ હરિભક્તો આ વિધિનાં દર્શન કરી રહ્યા હતા. સ્વામીશ્રીના આગમન પૂર્વે શિલાન્યાસ વિધિ અંતર્ગત વેદોક્ત મહાપૂજાવિધિ આરંભાયો, જેમાં હરિભક્તો પણ સામેલ થયા. મહાપૂજા પછી શિલાન્યાસના પૂર્વાર્ધવિધિ ઉપક્રમે નિધિકુંભપૂજન, શિલાપૂજન, ગર્તપૂજન, ખાતદેવતા પૂજન વગેરે વિધિ માંગલિક મંત્રોચ્ચાર સાથે થયા. શ્રુતિપ્રકાશદાસ સ્વામી, મધુરવદનદાસ સ્વામી અને મૂકેશભાઈ શાસ્ત્રીએ વિધિવત્ વેદોક્તવિધિ કરાવ્યો.

ત્યારબાદ સ્વામીશ્રી ૧૧:૫૦ વાગ્યે પધાર્યા ત્યારે તેઓશ્રીના આગમનને સૌએ જયનાદોથી વધાવ્યું. ગર્તમાં મધ્યમાં રાખેલા આસન પર સ્વામીશ્રી પૂર્વાભિમુખે બિરાજ્યા. મંદિરનાં ત્રણ શિખરો મળીને કુલ ૨૪ શિલાઓ ગર્તમાં પધરાવવાની હતી. સ્વામીશ્રી મધ્યશિલાના સ્થાને વિધિ માટે વિરાજ્યા. પ્રથમ બાંધકામમાં વપરાનાર સાધનો-ઓજારોનું પૂજન થયું. ત્યારબાદ મધ્યશિલાનું ષોડશોપચારે પૂજન કર્યા બાદ તેને વસ્ત્ર વડે આચ્છાદિત કરી નાડાછડી બાંધી. સમાંતર ત્રણેય શિખરના સ્થાને ગર્તનો પૂજનવિધિ કરવામાં આવી રહ્યો હતો. ત્યારબાદ તેમાં વાસ્તુ દેવતાઓ પધરાવવામાં આવ્યા. સ્વામીશ્રીએ આપેલો નિધિકુંભ ગર્તમાં પધરાવ્યો. સ્વામીશ્રીએ સુવર્ણલેલા વડે સિમેન્ટ-રેતીનો માલ અંતઃગર્તમાં પધરાવ્યો. તે ઉપર મુખ્યશિલા સ્થાપિત કરવામાં આવી. સૌએ હર્ષોલ્લાસથી આ ક્ષણને જયનાદોથી વધાવી લીધી હતી.

શુભસંકલ્પો અને પ્રાર્થનાઓ સૌના પરિપૂર્ણ થાય તે માટે સૌ સ્વામિનારાયણ મહામંત્રની ધૂનમાં જોડાયા હતા. વિધિ અંતર્ગત અગ્રણી હરિભક્તોએ શ્રીફળ વધેર્યાં. સ્વામીશ્રીએ તે શિલા પર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવીને, ખાત દેવતાની આરતી ઉતારીને પુષ્પાંજલિ વગેરે શેષવિધિ સંપન્ન કર્યો.

આજના માંગલિક અવસરે પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ સુરેન્દ્રનગર શહેરના સત્સંગ સમુદાય અને ભાવિક જનતા વતી ચંદનનો હાર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને અર્પીને કૃતજ્ઞતા વ્યક્ત કરી. અંતે કોઠારી ધર્મચિંતનદાસ સ્વામીએ પ્રાસંગિક વક્તવ્ય દરમ્યાન આ કાર્યમાં નાનો-મોટો સહકાર આપનાર પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆





માળીયા હાટીના

# નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

### કિંખલોડ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બોરસદ તાલુકાના કિંખલોડ ગામમાં વર્ષો પહેલા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ ગામના વતની અને વિદ્યાનગર છાત્રાલયમાં અભ્યાસ કરતા અશોકભાઈ વિઠ્ઠલભાઈ પટેલના આમંત્રણથી તેઓના ઘરે પધરામણી કરી હતી. આ રીતે કિંખલોડમાં સત્સંગનાં પગરણ મંડાયાં. ત્યારબાદ ઉત્તરોત્તર સંતો તથા સદ્ગુરુ સંતો વિચરણના પ્રતાપે અહીં સત્સંગને પુષ્ટિ મળતી રહી અને મંદિરની જરૂરિયાત ઊભી થઈ. અગ્રણી હરિભક્તો અને સરપંચશ્રીના પ્રયાસથી જમીન સંપાદન થતાં ત્યાં મંદિર નિર્માણની શરૂઆત થઈ. નિષ્ઠાવાન હરિભક્ત શ્રી સતીશભાઈ, મહીજીભાઈ, વિપુલભાઈ, હીરેનભાઈ, અર્પિતભાઈ, સેવલકુમાર, લાલજી ભગત, અજિતભાઈ તથા અન્ય હરિભક્તોના સમર્પણભર્યા પુરુષાર્થથી મંદિરનું નિર્માણકાર્ય સંપન્ન થયું.

આ મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓ ગામમાં શુભદૃષ્ટિ પાથરે અને ગામજનો મૂર્તિઓનાં દર્શન કરીને ધન્યતા અનુભવે તે હેતુસર તા. ૨૧-૨-૨૦૨૩ના રોજ શોભાયાત્રા યોજાઈ. તા. ૨૨-૨-૨૦૨૩ના રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો. વૈદિક મંત્રગાન વચ્ચે ૧૦૦ યજમાન યુગલોએ પવિત્ર યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૯-૯-૨૦૨૨ના રોજ આણંદ ખાતે વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામી, સર્વમંગલદાસ સ્વામી, ગુણનિધિદાસ સ્વામીએ ગામની સુખાકારી માટે શુભ ભાવનાઓ વ્યક્ત કરીને ગામજનોની સેવા-ભક્તિને બિરદાવી હતી.

અહીં વિચરણ કરતા દિવ્યમંગલદાસ સ્વામી તથા નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ કરેલી નિષ્ઠાપૂર્વકની સેવાથી આનંદપૂર્વક ઊજવાયેલો આ ઉત્સવ સૌ ગામજનો માટે અવિસ્મરણીય બની રહ્યો.

### માળીયા હાટીના ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ વખતોવખત પધારીને જે ભૂમિને તીર્થત્વ બક્ષ્યું છે એવા ગૌરવવંતા ગામ માળીયા હાટીના ખાતે નવનિર્મિત મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

જ્યાં ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના એક જ વચને ૩૦૦ આંબાને ચાર ચાર દેગડા પાણી પાઈને સેવાનો એક આદર્શ સ્થાપ્યો હતો. તેવા આ પ્રાસાદિક ગામમાં ગુણાતીત સત્પુરુષોએ અને સંતોએ સમયાંતરે પધારીને સત્સંગનું ખૂબ જ જતનપૂર્વક સંવર્ધન કર્યું છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ અહીં નિરંતર વિચરણ કરીને જન-મનને સંસ્કાર્યાં છે. તેઓના આશીર્વાદથી અને સ્થાનિક હરિભક્તોના સેવા સમર્પણથી જ માળીયા હાટીનાની ધરતી પર નૂતન મંદિર મહોરી ઊઠ્યું.

આ મંદિરમાં ત્રિ-દિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૦-૨-૨૦૨૩ના રોજ શાનદાર મહિલા સંમેલન યોજાયું હતું, તેમાં બહેનો દ્વારા પ્રસ્તુત થયેલો પ્રેરણાસભર કાર્યક્રમ માણીને સૌ બહેનોએ ભક્તિભાવથી શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ કર્યો હતો.

દ્વિતીય દિને સવારે વિશાળ યજ્ઞશાળામાં વિશ્વશાંતિ મહાયજ્ઞની શરૂઆત થઈ, તેમાં ૬૦૦થી વધુ યુગલોએ યજમાન પદે બિરાજીને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મન, હૃદય અને વાતાવરણને ધન્ય કર્યું હતું. ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા માળીયા હાટીનાના માર્ગો પર યોજાઈ. પાંચ કલાત્મક રથ અને ૧૧ વિવિધ પ્રેરણાત્મક ફ્લોટમાં નીકળેલી આ ભક્તિમય શોભાયાત્રા ગામમાંથી પસાર થઈ ત્યારે નગરજનોએ તેને પુષ્પોથી વધાવી. તેને નિહાળનારા અનેક નગરજનોના મુખેથી શબ્દો સરી પડ્યા હતા કે આવી તો શોભાયાત્રા ક્યારેય નિહાળી નથી! અંતે શોભાયાત્રા મંદિરમાં વિરમી ત્યારે મંદિર સમક્ષ બધા રથને બિરાજમાન કરીને આરતી અને આતશબાજીથી ઠાકોરજીને સૌએ વધાવ્યા હતા.

તા. ૨૨-૨-૨૦૨૩ના રોજ સવારે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે મહાપૂજાવિધિમાં સૌ ભક્તો જોડાયા. ત્યારબાદ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે ગોંડલમાં તા. ૧૦-૧૧-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો વૈદિક સ્થાપનવિધિ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંસ્થાનાં વિવિધ મંદિરોના કોઠારી સંતો સહિત ૬૫ સંતો ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ કીર્તન, ભક્તિનૃત્યની પ્રસ્તુતિ બાદ સંતોએ પ્રાસંગિક વક્તવ્યનો લાભ આપ્યો. અંતે મંદિરનિર્માણ અને ઉત્સવમાં તન, મન, ધનથી સવિશેષ સહકાર પ્રાપ્ત થયો હતો તેવા ભક્તો-ભાવિકોનો સન્માનવિધિ થયો. જેમાં ભૂમિદાતા સુશ્રી સોમાબા જૈતાબાપુ ગાંગણા પરિવાર વતી જેતમાલભાઈ, ડૉ. જયેશભાઈ કાનાબાર, અતુલભાઈ કાનાબારને સન્માનિત કરાયા હતા. મંદિર નિર્માણના મુખ્ય દાતાશ્રી અરવિંદભાઈ સરવૈયા, જિજ્ઞેશભાઈ કાનાબાર, રમેશભાઈ જોબનપુત્રા તથા મંદિર નિર્માણમાં આરંભથી અંત સુધીના કાર્યમાં વિશેષ જવાબદારી નિભાવનાર શ્રી પ્રતાપભાઈ ગાંગણા, રણજિતસિંહ સિસોદિયા, જોગીદાસભાઈ સિસોદિયા અને કાળુભાઈ ભલગરિયા તેમજ દરેક સ્વયંસેવકને પુષ્પહાર, શાલ, સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.




કિખલોડ (ડાબે) અને માળીયા હાટીનામાં (જમણે) મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગની પવિત્ર સ્મૃતિઓ...

પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી અહીં વિચરણ કરતા અખંડચિંતનદાસ સ્વામી અને પરમનિલયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ કરેલી અપૂર્વ સેવાથી ત્રિ-દિવસીય પ્રતિષ્ઠા ઉત્સવ ખૂબ જ

ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

### ઘનશ્યામપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મધ્ય ગુજરાતના બોરસદ તાલુકાના બદલપુર ગામના પરાવિસ્તાર ઘનશ્યામપુરામાં સત્સંગની અભિવૃદ્ધિને કારણે મંદિરની જરૂરિયાત ઊભી થઈ. શ્રી વજેસિંહ અંબુભાઈ પરમારે પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં તે ભૂમિ પર મંદિર નિર્માણનો આરંભ તા. ૨૫-૨-૨૦૨૨ના રોજ પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામીની ઉપસ્થિતિમાં થયો હતો.





(ડાબે) ઘનશ્યામપુરા અને (જમણે) રતનપુર નૂતન મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવોમાં વરિષ્ઠ સંતો...

સંનિષ્ઠ હરિભક્ત શ્રી ડાહ્યાભાઈ, શ્રી દિલીપભાઈ તથા શ્રી અજિતભાઈના પુરુષાર્થથી મંદિરનું નિર્માણ થયું. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આણંદ ખાતે તા. ૧૫-૯-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત કરેલી ચિત્રપ્રતિમાઓનો સ્થાપનવિધિ પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં તા. ૨૬-૨-૨૦૨૩ના રોજ પ્રભાતે થયો હતો. પ્રતિષ્ઠા પૂર્વે યોજાયેલી વેદોક્ત મહાપૂજામાં ૫૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો.

બદલપુર વિસ્તારમાં વિચરણ કરતા દિવ્યમંગલદાસ સ્વામી અને નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ બદલપુર સત્સંગમંડળના હરિભક્તોના ભક્તિભર્યા પુરુષાર્થ પ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો હતો.

### રતનપુર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાની પશ્ચિમ દિશાએ આવેલું અને ૨૭ ગામોના કડવા પાટીદાર સમાજનું પ્રવેશદ્વાર ગણાતા રતનપુર ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ ગામમાં કડવા પાટીદાર સમાજમાં સત્સંગ સતત અભિવૃદ્ધિ પામી રહ્યો છે. તેને સવિશેષ પુષ્ટિ આપવા માટે અહીં મંદિરની આવશ્યકતા ઊભી થઈ. તે માટે યોગ્ય ભૂમિ સંપાદિત થતાં જ મંદિરનું નિર્માણકાર્ય શરૂ થયું. પટેલ બંધુશ્રી ગિરીશભાઈ, મહેન્દ્રભાઈ, રમેશભાઈ, વિમલભાઈ, ઈશ્વરભાઈ, ભોગીભાઈ, કમલેશભાઈ, પ્રભુદાસ, બાબુભાઈ, કનુભાઈ, ઈન્દ્રવદનભાઈ, રમણભાઈ, સિદ્ધાર્થભાઈ, મેહૂલભાઈ, રતિભાઈ, નિલેશભાઈ, મુકેશભાઈ, જયેશભાઈ, સુરેશભાઈ, પ્રકાશભાઈ (મુંબઈ), દિનેશભાઈ (મુંબઈ), વિઠ્ઠલભાઈ, જીતુભાઈ, ચંદુભાઈ, બીપીનભાઈ, રામાભાઈ, કિરીટભાઈ, પ્રવીણભાઈ તથા દર્શનભાઈ નાયી વગેરે હરિભક્તોએ વિશેષ સેવા કરીને મંદિરના નિર્માણકાર્યને ગતિ આપવામાં સિંહફાળો આપ્યો.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે દ્વિ-દિવસીય પારાયણ પૂજ્ય જનમંગલદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાતાં સમગ્ર ગામ ઉત્સવમય બની ગયું. એ ક્રમમાં તા. ૮-૩-૨૦૨૩ના રોજ અપરાહ્ને જ્યારે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં શોભાયાત્રા યોજાઈ. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની અમીદૃષ્ટિએ ગામજનોને પાવન કરી દીધા. શેરીએ શેરીએ સૌએ અંતરના ઉમંગથી પુષ્પવૃષ્ટિ કરીને દેવસ્વરૂપોને વધાવ્યાં. સાયંસભામાં યોગીપ્રેમદાસ સ્વામી અને સંગીતજ્ઞ સંતોએ મંજુલ સ્વરે કીર્તનો ગાઈને સૌ ભક્તજનોને ભક્તિરસમાં મગ્ન કરી દીધા.

તા. ૯-૩-૨૦૨૩ના રોજ મંગલ પ્રભાતે સવારે ૬-૦૦ વાગ્યે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના હસ્તકમળ વડે તા. ૨૮-૭-૨૦૨૨ના રોજ અમદાવાદમાં વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, શ્રીરંગદાસ સ્વામી, મંગલપુરુષદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ આશીવર્ચન પાઠવીને સૌ ગામજનોને આ મંદિરમાં મહત્તમ લાભ લેવા માટે અનુરોધ કર્યો. તેમજ મનુભાઈ લખાભાઈના પરિવારે મંદિર માટે ભૂમિ ઉત્સાહથી અર્પણ કરતા મંગલપુરુષદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૨૭-૪-૨૦૨૨ના રોજ ભૂમિપૂજનવિધિ યોજાયો. મંદિર નિર્માણકાર્યમાં સોલંકીબંધુશ્રી પોપટભાઈ કમાભાઈ, બચુભાઈ લિંબાભાઈ, કાંતિભાઈ મનુભાઈ, કેવળાભાઈ નોપાભાઈ, રામજીભાઈ બુકાભાઈ, નીતિનભાઈ જશભાઈ, માલજીભાઈ, બહાદુરભાઈ તેમજ કાર્યકર દિલીપભાઈ અને





બહેડિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે વેદોક્તવિધિમાં રત સંતો સાથે અગ્રણી હરિભક્તો...

મન, કર્મ, વચને મંદિર નિર્માણમાં સમર્પિત થયેલા ભક્તોને સ્મૃતિભેટ અર્પણ કરીને બિરદાવ્યા હતા.

## બહેડિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી ખેડબ્રહ્મા તાલુકાના અંતરિયાળ ગામ બહેડિયા ખાતે નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

સન ૨૦૦૬માં બહેડિયાના રહેવાસી મનુભાઈના ઘર પાસે આર.સી.સી. રોડનું કામ ચાલુ હતું ત્યારે કોન્ટ્રાક્ટર સંદીપભાઈ જોષીની સાથે પીપળિયાના સત્સંગીબંધુ કરમાભાઈ અને રજિયાભાઈ મજૂરીકામ અર્થે આવ્યા હતા. તેમના થકી મનુભાઈને સત્સંગ દૃઢ થયો અને ગામમાં સત્સંગ અને સત્પુરુષના મહિમાની ગંગોત્રી વહેવા લાગી. ધીરે ધીરે ગામજનો પૂનમ ભરવા ખેડબ્રહ્મા મંદિરે આવવા લાગ્યા અને સાથે સાથે સંતોના વિચરણની પણ શરૂઆત થતાં સૌની ભક્તિ અને શ્રદ્ધાને પોષણ મળતું રહ્યું. આ શૃંખલામાં ગામમાં સત્સંગમંડળની શરૂઆત થતાં સૌના અંતરમાં સત્સંગની ભાગીરથી વહેતા વ્યસન, વહેમ અને અંધશ્રદ્ધા દૂર થતાં સૌમાં સવિશેષ જાગૃતિ આવી. આ ઉમદા પ્રવૃત્તિની ચરમસીમાએ મંડળ સંચાલકશ્રી સોલંકી બાબુભાઈએ વિશેષ સેવા-સહયોગ આપ્યો. મહિલામંડળે પણ વિશેષ શ્રમદાન કર્યું. સૌના સહકારથી સામાજિક અને આધ્યાત્મિક ઉત્થાનના કેન્દ્ર સમું મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૧૭-૩-૨૦૨૩ના રોજ ઢળતી બપોરે સૌ હરિભક્તોના અપાર ઉત્સાહ વચ્ચે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં શાનદાર શોભાયાત્રા યોજાઈ. તા. ૧૮-૩-૨૦૨૩ના રોજ સવારે મહાપૂજાવિધિ બાદ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૩૦-૧૨-૨૦૨૨ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભાની શરૂઆત સ્થાનિક હરિભક્તોએ પરંપરાગત વાદ્યો અને લોકશૈલીમાં કીર્તનો લલકારીને કરી. ત્યારબાદ સંતોએ સૌને પ્રાસંગિક પ્રેરકબોધ આપીને સેવાભાવી હરિભક્તોને સન્માનિત કર્યા હતા.

પૂજ્ય મંગલપુરુષદાસ સ્વામી, અમૃતમુનિદાસ સ્વામી અને ગુરુયોગીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ગામજનોનાં સંપ, સુહૃદભાવ અને એકતાથી ભક્તિભાવપૂર્વક ઉજવાયેલો આ ઉત્સવ સૌ માટે યાદગાર સંભારણું બની રહ્યો હતો. ◆

# ઓસ્ટ્રેલિયાના ટુવુમ્બા શહેર ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ઓસ્ટ્રેલિયાના સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ક્વીન્સલેન્ડ રાજ્યના પશ્ચિમી ઢોળાવ પર વસેલા રમણીય શહેર ટુવુમ્બામાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

વિદેશમાં વસતા ભારતીય સત્સંગીઓ-ભાવિકોમાં ભારત દેશ પ્રત્યેનું ગૌરવ જળવાય, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અસ્મિતા અને સંપ્રદાયના પાયાના સિદ્ધાંતો દૃઢ થાય તે માટે ગુરુહરિ મહંતસ્વામી મહારાજ અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. તેમની આજ્ઞા અને આશીર્વાદથી સત્સંગ માટે વિચરણ કરતા સંતોના અથાક પ્રયત્નથી ટુવુમ્બા શહેરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગને પોષણ મળતા સ્થાનિક હરિભક્તોએ મંદિર રચવાનો સંકલ્પ કર્યો. સૌના ભક્તિભર્યા ઉત્સાહથી અહીંયાં મંદિરનું નિર્માણ થયું. આ



મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૧-૩-૨૦૨૩ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા ક્વિન્સપાર્કમાં યોજાઈ. ત્યારે ઝરમર વર્ષા વરસાવીને ઇન્દ્રદેવે પણ સ્વાગત કર્યું. આ શોભાયાત્રામાં ૧૦૦૦થી વધુ ભારતીયો પારંપરિક પરિવેશમાં સજ્જ બનીને સામીલ થતાં સૌમાં ઉત્સાહ અને ભક્તિસભર પ્રાદેશિક ચેતના છવાઈ ગઈ.

તા. ૧૨ માર્ચનો સૂર્ય અહીં વસતા ભારતીયો માટે એક નવીન આશાઓ લઈને ઊગ્યો. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અટલાદરામાં તા. ૧૨-૧-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કલાત્મક સિંહાસનોમાં વૈદિક પરંપરા અનુસાર સંતોએ સંપન્ન કર્યો હતો. પ્રાસંગિક સભામાં ક્વિન્સલેન્ડ વિધાનસભાના સભ્ય શ્રી ડેવિડ જેન્ટેઝકીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું, 'સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ક્વિન્સલેન્ડમાં આ મંદિરના નિર્માણથી સ્થાનિકોને ભારતીય સંસ્કૃતિનો પરિચય થશે.' સ્થાનિક કાઉન્સિલર સીઆર જેમ્સ સહપરિવાર સાથે બંને દિવસ ઉપસ્થિત રહ્યા હતા.

આમ, ઓસ્ટ્રેલિયામાં એક વધુ હિન્દુ મંદિરનું નિર્માણ થતા સ્થાનિક ભક્તોના સમુદાયમાં આનંદની લહેરખી છવાઈ ગઈ હતી.

# ન્યુઝીલેન્ડના વડાપ્રધાનશ્રી ક્રિસ હિપકિન્સ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, વેલિંગ્ટનની દર્શન-મુલાકાતે






બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે વિદેશની ધરતી પર મંદિરો રચીને ભારતીય સંસ્કૃતિ અને માનવસેવાના અજવાળાં વિશ્વના સાતેય સમંદરને કાંઠે પ્રસરાવ્યાં છે. આ મંદિરો ભારતીય ગરિમાનાં ઉજ્જ્વળ ગૌરવ શિખરો બની રહ્યાં છે. આ શૃંખલામાં ન્યુઝીલેન્ડમાં પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા સંસ્કૃતિનો મહિમા પ્રવર્તી અને પ્રસરી રહ્યો છે. એની અનુભૂતિ ન્યૂઝીલેન્ડના હરિભક્તોને ત્યારે થઈ જ્યારે ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન શ્રી ક્રિસ હિપકિન્સ તા. ૨૧-૩-૨૦૨૩ના રોજ વેલિંગ્ટન ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં દર્શને પધાર્યા.

વડાપ્રધાનશ્રીનું ભારતીય પરંપરા મુજબ બાલિકાઓએ કુમકુમનો ચાંદલો કરીને, કાંડા ઉપર નાડાછડી બાંધીને તેમજ હરિભક્તોએ પુષ્પહાર પહેરાવીને ભાવભીનું સ્વાગત કર્યું હતું. મંદિર પરિસરમાં પારસ્પરિક એકતા અને ભાઈચારાની ભાવનાને પ્રતિબિંબિત કરતાં ન્યૂઝીલેન્ડ અને ભારતના રાષ્ટ્રધ્વજો લહેરાવતા ઉત્સાહિત બાળકોને જોઈને વડાપ્રધાનશ્રી અતિ પ્રભાવિત થયા. મંદિરમાં દર્શન-વંદના બાદ સ્વયંસેવકોએ તેઓશ્રીને ગુરુહરિ પ્રમુખસ્વામી અને મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી સંસ્થા દ્વારા વિશ્વભરમાં ગતિમાન અનેકવિધ કાર્યોની માહિતી આપી હતી. ત્યારબાદ વડાપ્રધાનશ્રી પ્રાસંગિક સભામાં પધાર્યા હતા.

સભાકાર્યક્રમમાં પ્રથમ સૌએ ન્યુઝીલેન્ડમાં ગેબ્રિએલ વાવાઝોડાનો ભોગ બનેલા સદ્‌ગતશ્રીઓને શ્રદ્ધાંજલિ આપીને અસરગ્રસ્તોના સુસ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ન્યૂઝીલેન્ડમાં માનવતાને પોષતી ગતિમાન અનેકવિધ પ્રવૃત્તિઓની વીડિયો પ્રસ્તુતિ નિહાળ્યા બાદ વડાપ્રધાનશ્રીએ સંસ્થાનાં વૈશ્વિક કાર્યોને હૃદયથી બિરદાવીને વધુમાં જણાવ્યું હતું કે ''મને વડાપ્રધાન થયાને આઠ અઠવાડિયાં થયાં. તે દરમિયાન દેશને અસામાન્ય પડકારોનો સામનો કરવો પડ્યો છે. અમે નિહાળ્યું છે કે આ વિકટ સમયમાં બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ અસરગ્રસ્તોને મદદ કરીને તેઓમાં ઉત્સાહનું સિંચન કર્યું હતું. સ્વયંસેવકોએ પડકાર ભર્યા સમયમાં અસરગ્રસ્તો માટે જે સદ્‌ભાવના વહાવી છે તેનું મને ગૌરવ છે. મને આનંદ છે કે આપણે સૌ સીમા, જાતિ અને ધર્મના ભેદભાવ વગર હળીમળીને સાથે જીવી રહ્યા છીએ અને મુક્ત રીતે ઉત્સવોની ઉજવણી કરીને પોતપોતાના ધર્મને અનુસરી રહ્યા છીએ.''

આમ, માનવસેવાનાં કાર્યોની પ્રેરણા આપનાર પવિત્ર મંદિર અને સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાથી અભિભૂત થઈને અવિસ્મરણીય સ્મૃતિઓ હૃદયસ્થ કરીને વડાપ્રધાનશ્રી ક્રિસ હિપકિન્સે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાંથી વિદાય લીધી હતી. ◆

# તુર્કીના ભૂકંપ પીડિતો માટે યોજાઈ
# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રોબિન્સવિલ ખાતે પ્રાર્થના સભા

તા. ૬-૨-૨૦૨૩ના રોજ તુર્કી દેશમાં આવેલા ૭.૮ રિક્ટર સ્કેલના વિનાશક ભૂકંપે ખૂબ મોટી તારાજી સર્જી હતી. આ ભૂકંપમાં ૫૦,૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા, ૧ લાખથી વધુ લોકો ઘવાયા હતા. હજારો ઘરો ધ્વસ્ત થતાં લાખો લોકો બેઘર બન્યા હતા. ધરતીકંપને લીધે તારાજ થયેલા તુર્કીની મદદે ભારતથી એન.ડી.આર.એફ.ની ટીમ સહિત વિશ્વભરના દેશોમાંથી સેના અને મૅડિકલ ક્ષેત્રની ટીમો યુદ્ધના ધોરણે બચાવ કામગીરી માટે આવી પહોંચી હતી. આ અણધારી ભયાનક કુદરતી આપત્તિનો ભોગ બનેલા લાખો લોકો માટે વિશ્વભરમાંથી બચાવ કામગીરી અને પ્રાર્થના પ્રવાહ વહ્યો હતો.

દાયકાઓથી માનવ-ઉત્કર્ષનાં કાર્યોને ગતિમાન રાખનાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૭-૨-૨૦૨૩ના રોજ આપત્તિગ્રસ્તો પ્રત્યે સહાનુભૂતિની ભાવનાથી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સમક્ષ મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતિ મળે, ઈજાગ્રસ્તો જલદી સ્વસ્થ થાય તેમજ જનજીવન ફરીથી રાબેતા મુજબ શરૂ થઈ જાય તે માટે વિશેષ ધૂન-પ્રાર્થના કરી હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિશ્વભરમાં ગતિમાન સત્સંગ-કેન્દ્રોમાં હરિભક્તોએ તુર્કીના આપત્તિગ્રસ્તો માટે વિશેષ પ્રાર્થનાઓ કરી હતી.



અમેરિકાના રોબિન્સવિલ ખાતે નિર્માણાધીન અક્ષરધામમાં વિશેષ પ્રાર્થનાસભા યોજાઈ હતી. જેમાં એમ્બ્રેસ રિલીફ ફાઉન્ડેશનના સીઈઓ શ્રી ઓસ્માન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોના પ્રાર્થનાગાન બાદ બી.એ.પી.એસ. ચેરિટીઝ દ્વારા તુર્કીના નાગરિકો માટેના રાહતફંડમાં ૨૫,૦૦૦ ડૉલરની આર્થિક સહાય કરવામાં આવી હતી. આ અનુદાન અનાજ વિતરણ, પુનર્સ્થાપન તથા આકસ્મિક પુરવઠા વગેરે ક્ષેત્રોમાં વપરાશે.

બી.એ.પી.એસ. સંસ્થાની આ ઉમદા પ્રવૃત્તિથી પ્રભાવિત થયેલા શ્રી ઓસ્માને જણાવ્યું હતું કે બી.એ.પી.એસ. સંસ્થાની ઉદારતા અને સદ્ભાવનાને વર્ણવવા મારી પાસે શબ્દો નથી! બધું જ ગુમાવી બેઠેલા લોકો માટે મુશ્કેલીના સમયમાં તમારી આ મદદ ખૂબ જ સહાયરૂપ થશે. ◆

## વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અંગે... — શિક્ષણ સેવા...

પ્રતિવર્ષે આર્થિક સહાયની જરૂરિયાતવાળા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સ્વામિનારાયણ વિદ્યાપીઠ દ્વારા ફંડની મર્યાદામાં રહીને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. જરૂરિયાતવાળી વ્યક્તિઓએ આ અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અરજી કરવા વિનંતીઃ **૧.** સહાય માટેનું અરજીપત્ર મેળવવા માટે જે તે વિસ્તારમાં મંદિરના પૂજ્ય કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને રૂબરૂ મળી અરજીપત્ર મેળવી લેવું. **૨.** જૂનાં અરજીપત્રો સ્વીકારવામાં આવશે નહીં. **૩.** વિદ્યાર્થીઓએ તા. ૧૫-૭-૨૦૨૩ સુધીમાં માહિતી ભરી અરજીપત્ર તેમના વિસ્તારના પૂજ્ય કોઠારી સંત/અધિકૃત વ્યક્તિને મોકલી આપવું. **૪.** અરજીપત્રકો પ્રમાણિત કરનારે બધી વિગતો ચકાસ્યા બાદ જ ભલામણ કરવી. **૫.** રૂ. ૧૦/-ના સ્ટેમ્પવાળું પોતાનું નામ-સરનામું લખેલા કવર સાથે પણ અરજીપત્ર મંગાવી શકાશે. **૬.** તમામ અરજીપત્રો તા. ૩૧-૭-૨૦૨૩ સુધીમાં અમદાવાદ શિક્ષણ વિભાગમાં મોકલી આપવાનાં રહેશે.

**નોંધઃ પ્લે ગ્રૂપ, નર્સરી - કે. જી. માટે સહાય આપવામાં આવતી નથી, તેની નોંધ લેશો. કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને ખાસ વિનંતી કે વિગતો ભરીને આવેલા ફોર્મની ચકાસણી કરી પછી જ આપનો અભિપ્રાય જણાવવો. માર્કશીટ અને ફી ભરેલી પહોંચની ઝેરોક્ષ સાથે બીડવી ફરજિયાત છે.**

**સંપર્કઃ શિક્ષણ વિભાગ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ધર્મસદન, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪** ◆

# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યસ્થાન ચાણસદમાં નવીનીકરણ પામેલા 'નારાયણ સરોવર'નો લોકાર્પણ સમારોહ



નવખંડ ધરતી પર ભારતીય સંસ્કૃતિની વિજય પતાકા લહેરાવનાર વિશ્વવંદનીય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યસ્થાન ચાણસદ ગામમાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દેશ-વિદેશથી દર્શનાર્થે પધારીને પ્રમુખસ્વામી મહારાજનું સ્મરણ કરીને વંદન કરે છે.

માગસર સુદ ૮, સંવત ૧૯૭૮ (સન ૧૯૨૧)ના રોજ ચાણસદ ગામમાં ભક્તરાજ મોતીભાઈ અને દિવાળીબાના પુણ્યવંતા પરિવારમાં પુત્ર શાંતિલાલનું પ્રાગટ્ય થયું હતું. શાંતિલાલનાં અનેક બાળચરિત્રોના સાક્ષી બનવાનું સૌભાગ્ય ચાણસદની ભૂમિને સાંપડ્યું. ગામમાં સ્વામિનારાયણ મંદિર ઉપરાંત રણછોડરાય મંદિર, સત્યનારાયણ મંદિર, હનુમાનમઢી, તળાવ, શાળા, ક્રિકેટનું મેદાન વગેરે સ્થળો શાંતિલાલની રમણભૂમિ બન્યાં હતાં. તેમના કિશોરાવસ્થા સુધીનાં અનેકવિધ સંસ્મરણોને પોતાના અંકમાં સમાવીને બેઠેલા આ ચાણસદ ગામના સુવર્ણ ઈતિહાસમાં તાજેતરમાં વધુ એક સુવર્ણપુષ્પ ઉમેરાઈ ગયું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું પ્રાગટ્યસ્થાન ચાણસદ યાત્રાનું ધામ બને, દેશ-વિદેશના ભક્તો-ભાવિકો આ પવિત્ર સ્થાનમાં પધારીને દર્શન કરીને અનેકવિધ પ્રેરણાઓ પ્રાપ્ત કરે તે હેતુસર ગુજરાત રાજ્યના પ્રવાસન નિગમ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા શાંતિલાલનાં બાળચરિત્રોના સાક્ષી બનેલા ચાણસદના તળાવનું તાજેતરમાં નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ કાર્યનો પ્રારંભ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં તા. ૫-૧૦-૨૦૧૯ના રોજ થયો હતો. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ બ્રહ્મવિહારીદાસ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ સ્વામી અને અટલાદરા મંદિરના કોઠારી ભાગ્યસેતુદાસ સ્વામી તેમજ અન્ય સંતો-ભક્તોના અથાક પરિશ્રમથી કોરોનાકાળ અને અન્ય વિઘ્નોમાં પણ આ કાર્ય વેગપૂર્વક ચાલુ રહ્યું. ફક્ત ત્રણ જ વર્ષમાં આ તળાવનું નવીનીકરણ કાર્ય પૂર્ણ થતાં તેનું નામાભિધાન 'નારાયણ સરોવર' કરવામાં આવ્યું.

આ નારાયણ સરોવરના કિનારે વાતાનુકૂલિત

ઓડિટોરિયમ, પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્યને વર્ણવતું વોક-થ્રૂ પ્રદર્શન, ભાઈઓ તથા બહેનો માટે અલગ અલગ સ્નાનઘાટ, અસ્થિવિસર્જન ઘાટ, બાળકોની ચૌલક્રિયા માટેનું સ્થાન, બુકસ્ટોલ તેમજ અલ્પાહાર માટે પ્રેમવતીનું નિર્માણ કરવામાં આવ્યું છે. સાથે સાથે ચાણસદમાં શાંતિલાલનાં ૧૮ વર્ષ સુધીના સાંનિધ્યની સ્મૃતિમાં આ નારાયણ સરોવરની પરિક્રમામાં ૧૮ કલાત્મક ઘુમટીઓનું સર્જન કરવામાં આવ્યું છે. આ સુંદર ઘુમટીઓ અને સરોવરનો ઓવારો દર્શનાર્થીને પવિત્ર આહ્‌લાદક અનુભવ કરાવે છે. અહીં નિત્ય સંધ્યાકાળે ૭:૦૦ વાગ્યે મહાઆરતી અને નયનરમ્ય રંગબેરંગી લાઈટિંગ સરોવરની શોભામાં વિશેષ અભિવૃદ્ધિ કરે છે.

આ 'નારાયણ સરોવર'નો લોકાર્પણ સમારોહ તા. ૯-૪-૨૦૨૨ના રોજ યોજાયો. તે ઉપક્રમે સવારે નારાયણ સરોવરનો ઉત્સર્ગવિધિ વરિષ્ઠ સંતો અને ચાણસદ ગામનાં ભક્તોની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજા દ્વારા શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ કરાવ્યો હતો. ત્યારબાદ સાંજે ૫:૦૦ વાગે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રવાસનમંત્રી શ્રી મૂળુભાઈ બેરા, પૂર્વ મંત્રીશ્રી નરહરિભાઈ અમીન, પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ 'નારાયણ સરોવર'નું વિધિવત્ લોકાર્પણ કરવામાં આવ્યું.

લોકાર્પણ સમારોહ બાદ સાંજે ૫:૩૦ વાગ્યે તમામ મહાનુભાવો આ ઉપક્રમે યોજાયેલી પ્રાસંગિક સભામાં પધાર્યા ત્યારે અહીં ૧૫,૦૦૦ હરિભક્તોની ઉપસ્થિતિમાં સભા આરંભાઈ ચૂકી હતી. ધૂન-પ્રાર્થનાગાન બાદ ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પહાર અને સ્મૃતિચિહ્‌ન દ્વારા ભાવભીનું સન્માન કરવામાં આવ્યું. સંતોના પ્રાસંગિક પ્રવચન બાદ પ્રવાસન મંત્રીશ્રી મૂળુભાઈ બેરા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પ્રમુખસ્વામી મહારાજે કરેલાં આધ્યાત્મિક અને સમાજોત્કર્ષના યશસ્વી કાર્યોને બિરદાવ્યાં હતાં. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના પ્રેરક આશીર્વચન બાદ ભુજ ખાતે વિરાજમાન ગુરુહરિ મહંત સ્વામી મહારાજે વીડિયોના માધ્યમથી શુભાશિષ પાઠવતાં ઉચ્ચાર્યું કે ''પ્રમુખસ્વામી મહારાજના જન્મસ્થાન ચાણસદમાં નારાયણ સરોવરનું નિર્માણ થયું છે, તેના લોકાર્પણ પ્રસંગે આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મૂળુભાઈ તથા નરહરિભાઈ વગેરે રાજ્યના આગેવાનો પણ ઉપસ્થિત છે. અમારા વતી કોઠારી ભક્તિપ્રિય સ્વામી અને ઈશ્વરચરણ સ્વામી પણ પધાર્યા છે આ સૌની હાજરીમાં નારાયણ સરોવરનું લોકાર્પણ થયું છે. અહીં દર્શન કરવા આવનારા સૌને શાંતિ અને પ્રેરણા મળશે. પ્રમુખસ્વામી મહારાજના બાળપણનું નામ શાંતિલાલ હતું, તેથી ચાણસદ ગામ શાંતિનું ધામ કહેવાય. આ ગામની રજેરજ સ્વામીબાપાની પ્રસાદીની છે. જે તળાવમાં સ્વામીબાપા નહાતા ત્યાં જ સંસ્થા દ્વારા આ નારાયણ સરોવર બન્યું છે, તેમાં સરકારના પ્રવાસન વિભાગનો મોટો ફાળો છે. આ કાર્યમાં મંત્રીઓ, અધિકારીઓ અને ગ્રામવાસીઓએ પણ ખૂબ સહકાર આપ્યો છે તે સૌને સ્વામીબાપા સુખિયા કરે તે પ્રાર્થના.'' મુખ્યમંત્રીશ્રીની વિદાય બાદ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં.

આમ, આ 'નારાયણ સરોવર'નો સમગ્ર પ્રકલ્પ અને સમારોહ બ્રહ્મવિહારીદાસ સ્વામી અને ભાગ્યસેતુદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સંતો-સ્વયંસેવકોના સહિયારા પુરુષાર્થથી સફળતાપૂર્વક સંપન્ન થયો. ◆

પ્રાગટ્ય તીર્થધામ ચાણસદમાં પ્રમુખસ્વામી મહારાજના પ્રાસાદિક નારાયણ સરોવરનું વેદોક્ત વિધિપૂર્વક લોકાર્પણ કરતા ભક્તિપ્રિયદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો....





## ડૉ. શ્રીકૃષ્ણ ગજેન્દ્રભાઈ પંડા, સારંગપુર : પીએચ.ડી. થયા...



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે સેવા આપતા શ્રીકૃષ્ણ ગજેન્દ્રભાઈ પંડાએ ''स्वामिनारायणदर्शनस्य तत्त्वज्ञानक्षेत्रे वैशिष्ट्यस्य भारतीयदर्शनालोके अध्ययनम्'' વિષય પર મહાનિબંધ રચીને શ્રીસોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ શોધ પ્રબંધમાં તેઓએ સમજાવ્યું છે કે 'ભારતીય દર્શન પરંપરામાં તત્ત્વજ્ઞાન ક્ષેત્રે અક્ષરપુરુષોત્તમ દર્શન એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે.' સંસ્કૃત જગતમાં પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનને નિરૂપતા શોધકાર્યની આ સેવા દ્વારા તેઓએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓને આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન...

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન...


તરુણ ઢોલા


તેજસ કોરિયા


જયદીપ માંડલિયા


ધ્રુવ પટેલ

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી શ્રીસોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં સંતો તથા યુવકો અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓએ સમગ્ર યુનિવર્સિટીમાં તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યું છે.

આ પૈકી શ્રી તરુણ દિનેશભાઈ ઢોલાએ આચાર્ય (એમ.એ.) કક્ષામાં ૯૩.૧૦% મેળવીને યુનિવર્સિટીની તમામ શાખાઓમાં સર્વપ્રથમ ક્રમાંક સાથે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. તેમજ શ્રી તેજસ હરેશભાઈ કોરિયાએ આ જ કક્ષામાં ૯૨.૨૦% મેળવીને સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમાંક સાથે રજતચંદ્રક પ્રાપ્ત કર્યો છે. આ જ પ્રમાણે, શ્રી જયદીપ નિમેષકુમાર માંડલિયાએ શાસ્ત્રી (બી.એ.) કક્ષામાં ૮૭.૫૦% મેળવીને યુનિવર્સિટીની તમામ શાખાઓમાં સર્વપ્રથમ ક્રમાંક સાથે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. તેમજ શ્રી ધ્રુવ રાકેશભાઈ પટેલે આ જ કક્ષામાં ૮૫.૬૦% મેળવીને સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમાંક સાથે રજતચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

આવા ઉચ્ચ પરિણામ દ્વારા વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તથા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન...

## ડૉ. પ્રણવ યોગેશભાઈ મીનીપરા, રાજકોટ (UPSC CMS ગુજરાતમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ)



રાજકોટના સંનિષ્ઠ યુવક શ્રી ડૉ. પ્રણવ યોગેશભાઈ મીનીપરાએ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨, બંનેમાં ૯૯.૯૯ PR સાથે ઉત્તીર્ણ કર્યા બાદ બી.જે. મૅડિકલ કૉલેજમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ દેશની સુપ્રતિષ્ઠિત UPSC દ્વારા લેવાતી UPSC CMS (combined Medical services) exam આપી સમગ્ર ભારતમાં ૮૪મો ક્રમ અને સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી અપૂર્વ સિદ્ધિ મેળવી છે. ભારત સરકાર હેઠળ Ministry of Railwaysમાં Indian Railways Health Service (IRHS) Cadre Group A/Class Gazetted Officerની સન્માનનીય પદવી પર ફરજ બજાવવાની સોનેરી તક પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત આ પહેલા India's Largest Paramilitary Force CRPFમાં પણ Assistant Commandant (Medical Officer) Class 1 Gazetted Officer તરીકે પસંદગી પામ્યા હતા. માત્ર ૨૪ વર્ષની ઉંમરે જ આવી જ્વલંત સફળતા મેળવી સમગ્ર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું નામ રોશન કર્યું છે. હાર્દિક અભિનંદન...

## શ્રી પરેશભાઈ ગોહેલ, વેરાવળ : પીએચ.ડી. થયા...



વેરાવળ ક્ષેત્રના કેશોદ સત્સંગમંડળના અગ્રણી કાર્યકર શ્રી પરેશભાઈ ગોહેલે તાજેતરમાં 'ભગવાન સ્વામિનારાયણ રચિત વચનામૃત ગ્રંથમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ' એ વિષય પર શોધનિબંધ રજૂ કરતાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ તેઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. શ્રી પરેશભાઈ ગોહેલને હાર્દિક અભિનંદન...

### ભક્તરાજ શ્રી જટુભા વજેસિંહ ઝાલા, અડવાળ, ઉં.વ. ૭૮, અક્ષરવાસ તા. ૫-૪-૨૦૨૩



મૂળ અડવાળના નિષ્ઠાવાન હરિભક્ત શ્રી જટુભા ઝાલાએ સત્સંગનાં પીયૂષ વારસામાંથી પીધાં હતાં. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અડવાળ તરફ વિચરણ કરતા ત્યારે તેઓના ઘરે જ ઉતારો રહેતો હતો. ભાવનગર ખેતીવાડી કોલેજમાં ત્રણ વર્ષ અભ્યાસ બાદ સન ૧૯૭૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાથી ગઢડા બી.એ.પી.એસ. મંદિરમાં સેવામાં જોડાઈ ગયા. વચ્ચે થોડાં વર્ષો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સારંગપુરમાં રહીને હિસાબ કિતાબની સેવા ત્યારપછી પાછા ગઢડામાં આવીને હિસાબ-કિતાબની સેવામાં જોડાઈ ગયા. આ સેવા એકધારી ૫૦ વર્ષ સુધી ખૂબ નિષ્ઠાપૂર્વક, ચોક્સાઈથી, વફાદારીથી, ખંતપૂર્વક કરી હતી. નિયમધર્મયુક્ત સાદું અને અપેક્ષારહિત જીવન, સત્પુરુષ પ્રત્યે અડગ અને અજોડ નિષ્ઠા, સંતો અને હરિભક્તો પ્રત્યે અપાર મહિમા તેમજ સમગ્ર જીવન દરમ્યાન એકસરખી રહેણીકરણી રાખીને ત્રણેય ગુણાતીત ગુરુવર્યોનો અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેમના એક ભાઈ (હાલઃ શ્રીનિવાસદાસ સ્વામી) સંસ્થામાં સંત તરીકે સેવાઓ આપી રહ્યા છે અને બીજા ભાઈ બાબુભાઈ ઝાલા સંસ્થાના એકાઉન્ટ્સ વિભાગમાં આજીવન સેવા આપી રહ્યા છે. શ્રી જટુભાના અક્ષરવાસથી સંસ્થાને એક નિષ્ઠાવાન આજીવન સેવકની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી કાશીભાઈ હીરાભાઈ પટેલ, ભરૂચ, ઉં.વ. ૮૦, અક્ષરવાસ તા. ૧૪-૨-૨૦૨૩



મૂળ સીમલિયાના સંનિષ્ઠ હરિભક્ત શ્રી કાશીભાઈ યુવાન વયમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના યોગમાં આવ્યા ત્યારથી સત્સંગના રંગે રંગાયા હતા. સન ૧૯૬૫-૬૮માં સીમલિયામાં સત્સંગમંડળની શરૂઆત થઈ ત્યારથી, જીવનના અંત સુધી સત્સંગ પ્રવૃત્તિના કાર્યકર તરીકે સેવા આપી. ભરૂચ જિલ્લાના જુદાં જુદાં ક્ષેત્રોમાં નિર્દેશક તેમજ સંયોજક, સીમલિયા તેમજ વાગરા ક્ષેત્રમાં સંયોજક તરીકે સેવાઓ કરી. શરૂઆતમાં ભરૂચ જિલ્લામાં મુંબઈથી સંતો અન્નકૂટ પ્રસાદ વિતરણના વિચરણમાં પધારતા તે વખતે આ વિચરણનું સંપૂર્ણ આયોજન તેઓ કરતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના ભરૂચ વિસ્તારના વિચરણમાં વર્ષો સુધી તેઓ સાથે ને સાથે રહ્યા. ત્રણેય ગુરુવર્યોના શતાબ્દી મહોત્સવની સેવામાં જોડાવાનું તેમને ભાગ્ય મળ્યું. પોતાના કુટુંબ તેમજ, સગાસંબંધી અને સમાજમાં પણ સત્સંગ પ્રસારનું કાર્ય કર્યું. તેઓના નિર્માની, સરળ તથા મિલનસાર સ્વભાવથી સાથી કાર્યકરો અને સંતોને સ્નેહ સંપાદન કરેલો. સમગ્ર જીવન દરમ્યાન તન, મન અને ધનથી સત્સંગની સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરનાર આ ભક્તરાજના અક્ષરવાસથી ભરૂચ સત્સંગમંડળને એક પાયાના કાર્યકરની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી ગુલાબભાઈ ઝીણાભાઈ પટેલ, વલસાડ, ઉં.વ. ૮૮, અક્ષરવાસ તા. ૨૬-૨-૨૦૨૩



દક્ષિણ ગુજરાતના વલસાડ ક્ષેત્રના ડુંગરી ગામના ભક્તરાજ ગુલાબભાઈ પટેલ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવીને સત્સંગ રંગે રંગાયા હતા. ગામોગામ સંતો સાથે વિચરણ કરી તેઓએ તીથલ મંદિર નિર્માણ સમયે ટાણાંની સેવા કરી. છેલ્લાં ૫૦ વર્ષથી સત્સંગ પ્રસારની સેવા નિષ્ઠાથી કરીને ગુણાતીત ગુરુવર્યોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓએ સંસ્થામાં પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું હતું. ઘરે છેલ્લાં ૧૨ વર્ષથી અકિંચન વ્રત ધારી તેઓ ફક્ત ફરાળ કરી જીવન વ્યતીત કરતા હતા. તેઓના અક્ષરવાસથી સેવાભાવી હરિભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી અશોકભાઈ મોહનભાઈ પટેલ, વડોદરા, ઉં.વ. ૭૦, અક્ષરવાસ તા. ૧૯-૧૦-૨૦૨૨



મૂળ વાસદના સંનિષ્ઠ હરિભક્ત શ્રી અશોકભાઈ પોતાના બાળપણમાં વાસદમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૧૦૨ ડીગ્રી તાવમાં કરેલી પધરામણીઓના સાક્ષી રહેલા. છેલ્લાં ૨૦ વર્ષથી વડોદરા શહેરમાં અને પાદરા ક્ષેત્રમાં સત્સંગ પ્રવૃત્તિના અગ્રણી કાર્યકર તરીકે તેઓએ અવિરત સેવાઓ કરી. તેઓએ પોતાના પુત્રને (હાલ પૂજ્ય વિવેકશીલદાસ સ્વામી, અમદાવાદ) સ્વામીશ્રીની ભગવી સેનામાં અર્પણ કરીને ગુણાતીત ગુરુવર્યોની વિશેષ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓના અક્ષરવાસથી વડોદરા સત્સંગમંડળને નિષ્ઠાવાન કાર્યકરની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ.

(**અનુસંધાન પૃ. ૧૩ પરથી**) આશ્રિતની પ્રાર્થનાને ઉત્તર અવશ્ય આપે છે, પરંતુ તેની ભાવ-પ્રધાનતા અને મન-આત્માની તલ્લીનતા પર બધો આધાર રાખે છે. ઘણી વખત પ્રાર્થના કરવા છતાંય ધાર્યું પરિણામ આવતું નથી ત્યારે મન શંકાઓના ઘેરામાં અટવાઈ જાય છે. પરંતુ પ્રાર્થના એ કોઈ મશીન નથી કે સ્વિચ દબાવો અને ચાલુ થઈ જાય. પ્રાર્થના અંતરના ભાવની એક સર્વોચ્ચ સીમા છે. દરેક વખતે એ ચરમસીમાએ પહોંચીને પ્રાર્થના થતી હોતી નથી. આથી પરમાત્માની કૃપા પણ તેના પ્રતિબિંબ સમી જ રહે છે.

પ્રાર્થનામાં સૌથી વધુ પ્રબળ તત્ત્વ હોય તો તે છે - શ્રદ્ધા.

ફ્રાન્સના એક ધર્મસ્થાનમાં એક અપંગ સૈનિક પ્રવેશ્યો ત્યારે કોઈએ તેની ટીકા કરી કે 'શું તે એમ માનતો હશે કે તે અહીં પ્રાર્થના કરશે એટલે ભગવાન તેને નવો પગ આપી દેશે?'

સૈનિક આ સાંભળી ગયો. તેણે તેની પાસે જઈને કહ્યું : 'મને ખબર છે કે ઈશ્વર મને નવો પગ નહીં આપી શકે પરંતુ મને શ્રદ્ધા છે કે એક પગથી જીવન જીવવાની શક્તિ ચોક્કસપણે મને ઈશ્વર પાસેથી મળશે.'

આ શ્રદ્ધા જ ભગવાનની કૃપાને મનુષ્ય સુધી તાણી લાવે છે. ભગવાનની કૃપા કયા સ્વરૂપે આવશે તે નિશ્ચિત સમયે જ જણાય છે.

એક જાણીતી અંગ્રેજી સૂક્તિ છેઃ "If God answers your prayers, He is increasing your faith. If He delays, He is increasing your patience. If He does not answer, He knows you can handle it."

''જ્યારે ભગવાન પ્રાર્થના સાંભળે છે ત્યારે તે તમારી શ્રદ્ધાને વધારે છે. જ્યારે પ્રાર્થના સાંભળવામાં વાર લગાડે છે ત્યારે તમારી ધીરજ વધારે છે. જ્યારે પ્રાર્થના ન સાંભળે, ત્યારે એમને ખ્યાલ છે કે તમે (પરિસ્થિતિ) સંભાળી શકશો.''

એક હોડીવાળાએ પોતાનાં બે હલેસાં પર નામ લખેલાં. એક પર લખ્યું હતું પ્રાર્થના અને બીજા પર પુરુષાર્થ. હોડીના મુસાફરો આ વિશે પૂછે ત્યારે હોડીવાળો સીધો જવાબ આપવાને બદલે પુરુષાર્થનું હલેસું ઝપાટાબંધ ચલાવતો ને હોડી એક તરફ ગોળ ગોળ આંટા મારતી ને પ્રાર્થના નામનું હલેસું એકલું ચલાવતો ત્યારે હોડી બીજી દિશામાં ઘૂમવા લાગતી. પછી જ્યારે બન્ને હલેસાં એક સાથે ચલાવતો ત્યારે હોડી તીરની જેમ સડસડાટ દોડતી. અને લોકોને રહસ્ય સમજાઈ જતું. પ્રમુખસ્વામી મહારાજ પણ સૂત્રમાં સમજાવતાઃ 'પ્રાર્થના + પુરુષાર્થ = સફળતા.'

શ્રી રામકૃષ્ણ પરમહંસ કહે છે : 'આપણે એકબીજા સાથે વાત કરીએ છીએ તે જ રીતે ભગવાનને પણ આપણાં સુખ-દુઃખ જણાવીએ તો તેમાં કશું જ ખોટું નથી. એ જ સ્વાભાવિક છે, ઉચિત છે. જે રીતે પતિ-પત્ની પરસ્પર દિલ ખોલીને વાત કરે છે તે જ રીતે પ્રાર્થના દ્વારા આપણા સ્વામી ભગવાનની સાથે આપણે વાતચીત કરી શકીએ છીએ. આપણે દિવસમાં ઓછામાં ઓછું એકવાર પણ પ્રાર્થના દ્વારા પ્રભુની સાથે વાત કરીએ અને હૃદયની ભાવનાઓ વ્યક્ત કરીએ તો આપણું મન જરૂર પવિત્ર થશે. અને વાણી મધુર થશે. એમાં શંકા નથી.'

શરણાગતિ મંત્રને દૃઢાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'દુઃખ આવે ત્યારે ભગવાનને વળગી પડવું. એટલે કે પ્રાર્થના કરવી. ચિંતા કરવાને બદલે ભજન-પ્રાર્થના કરીએ તો અંતરમાં શાંતિ થાય છે.'

તેઓ કહે છે : 'ઘણા કહે છે કે મારું કોઈ નથી, ના એવું નથી. ભગવાન અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા ભગવાનના ધારક સંત સૌના છે. એમનો આશરો રાખો. એમની પ્રાર્થના કરો. એનાથી બળ મળી જશે. ધીરજ અને શ્રદ્ધા રાખવી પડે. ભગવાન નરસિંહ મહેતાની અને મીરાંબાઈની પ્રાર્થના સાંભળે, તો આપણીય સાંભળે.'

સન ૧૯૮૫માં પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવાશે એની જાહેરાતો બધે જ થઈ ચૂકી હતી. આ મહોત્સવમાં લાખો માણસો આવવાના હતા, પરંતુ વરસાદની ભયંકર ખેંચ ઊભી થઈ. વરસાદ ન પડે તો ઉત્સવ કરવો કે નહીં? એ બહુ મોટી દ્વિધા સૌને કોતરી ખાતી હતી. સમાજના પ્રતિષ્ઠિત માણસોની સલાહ હતી કે ઉત્સવ ન કરવો જોઈએ. તેથી વડીલ સંતો તથા ટ્રસ્ટીઓ સાથે મીટિંગ કરીને એવો નિર્ણય લેવાયો કે બે મહિનાના લાંબા મહોત્સવને બદલે ચાર-પાંચ દિવસમાં મહોત્સવ સમેટી લેવો. પરંતુ મીટિંગ બાદ ઊભા થતાં થતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યુંઃ 'મને શ્રદ્ધા છે કે વરસાદ પડશે. અમે રોજ ભગવાનને પ્રાર્થના કરીએ છીએ.' અને સૌના આશ્ચર્ય વચ્ચે ભાદરવા મહિનાના પાછલા દિવસોમાં ભરપૂર વરસાદ પડ્યો, પાણીની તંગી દૂર થઈ ગઈ, અને મહોત્સવ ૫૯ દિવસો સુધી ધામધૂમથી ઊજવાયો, એક કરોડથી વધુ લોકોએ તેનો લાભ લીધો. સૌએ અનુભવ્યું કે પ્રમુખસ્વામી મહારાજની શ્રદ્ધાનો જ આ ચમત્કાર છે.

પ્રાર્થના પર ઘણું લખાયું છે, ઘણું લખાતું રહેશે, પરંતુ જાત-અનુભવ જેવી બાબત કોઈ નથી. એકવીસમી સદી ચિંતાઓ અને માનસિક તાણની સદી છે. દિન-પ્રતિદિન

ઊંચો ને ઊંચો ચઢતો આત્મહત્યાઓનો ગ્રાફ તેની કલંકિત નિશાની છે. સંઘર્ષ અને ગળાકાપ સ્પર્ધાઓ તથા કંઈક અજગર જેવી સમસ્યાઓ માણસને જિંદગીથી હાથ છોડાવી દે છે. એવા સંજોગોમાં પ્રાર્થના, ભગવાનનો આશ્રય માણસને ઉગારી લે છે, અંધકારમાં પ્રકાશ પૂરો પાડે છે. અબજો લોકોનો આ અનુભવ છે. પરંતુ આમ છતાંય માણસ પ્રાર્થનાની ટેવ પાડતો નથી, એ તેના નસીબની વક્રતા છે.

અંગ્રેજ રાજકીય નેતા ઑલિવર ક્રૉમવેલ એકવાર જમતાં પહેલાં પ્રાર્થના કરતા હતા. તેમના મિત્રએ પૂછ્યું, 'તમે શું કરો છો?'

ક્રૉમવેલે કહ્યું: 'ભગવાનની પ્રાર્થના કરું છું. કેટલાક માણસોને ખાવાનું મળે છે ત્યારે ભૂખ નથી લાગતી અને કેટલાકને ભૂખ લાગે છે ત્યારે ખાવાનું નથી મળતું. પરંતુ ભગવાનની કૃપાથી મને ભૂખ પણ લાગે છે ને ખાવાનું પણ મળે છે. તેથી ભગવાનનો આભાર માનું છું.'

પેલા આગંતુક મિત્રએ કહ્યું, 'હું તો આવું કાંઈ પણ કરતો નથી. પ્રાર્થના કર્યા વગર સીધું જ જમી લઉં છું.'


ક્રૉમવેલે કટાક્ષમાં કહ્યું, 'મારો કૂતરો પણ એવું જ કરે છે.'

જગત પ્રાર્થનાનાં ઉજ્જ્વલ પરિણામોથી લાભાન્વિત થઈ રહ્યું છે ત્યારે પ્રાર્થનાની આ ભૂમિમાં જન્મેલાં આપણાં સંતાનો પ્રાર્થનાથી વંચિત રહી જાય, તે અસહ્ય છે. તમે તમારાં સંતાનોને ઉત્તમમાં ઉત્તમ સુખ-શાંતિની ભેટ આપી શકો તેમ હો તો તે પ્રાર્થનાની ભેટ છે. તેને ગળથૂથીમાંથી પ્રાર્થનાનું અમૃત પાયું હશે તો તે આવનારા વિષમય સમયને પચાવવાની સામર્થી મેળવી લેશે, અને એ તમારું સૌથી મોટું ગૌરવચિહ્ન બની રહેશે. ◆

ગ્રંથ શ્રેણી પ્રકાશન

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ-૮




₹ ૨૦૦/-

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો આ આઠમો ભાગ પ્રસ્તુત છે.

જન-જનનું હિત કરતી સ્વામીશ્રીની કલ્યાણ-યાત્રાનાં સન ૧૯૯૫ થી સન ૧૯૯૮ સુધીનાં વર્ષોનું ચરિત્રલેખન આ ભાગમાં આવરી લેવામાં આવ્યું છે. શ્રીહરિની ભક્તિમાં અખંડ રમમાણ રહી પ્રમુખસ્વામી મહારાજે અનેક સેવાકાર્યો કર્યાં છે. તેઓનાં કાર્યોની વિશેષતા એ રહેતી કે સૌ કોઈ માટે તે સેવાકાર્યો આદર્શ ઉદાહરણરૂપ બની રહેતાં, ચાહે તે ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિમાણ હોય, આદિવાસી ઉત્કર્ષ હોય, મહોત્સવ હોય કે લંડન સ્થિત બી.એ.પી.એસ. મંદિર અને હવેલીનાં બેનમૂન નિર્માણ હોય. આવાં જગપ્રસિદ્ધ કાર્યો કરવા છતાં પણ સ્વામીશ્રીએ ક્યારેય તેનો જશ લીધો નહોતો. તેઓ હંમેશાં ઇષ્ટદેવ શ્રીહરિ, ગુરુજનો તેમજ સંતો-ભક્તોને જ તમામ યશ અર્પી દેતા. તેથી જ તેઓના અમૃત જન્મજયંતી મહોત્સવના ભવ્ય ઉજવણી પ્રસંગે પધારનારા સૌ કોઈએ તેઓની આ ગુણગરિમા હૃદયપૂર્વક બિરદાવી હતી.

જનહિતાર્થે ગામોગામ વિચરતા સ્વામીશ્રીએ ક્યારેય દેહ કે અગવડોની પરવા કરી નહોતી, જેના કારણે તેમના હૃદયની બાયપાસ સર્જરી કરાવવાની આવશ્યકતા ઊભી થઈ. પરંતુ આવી અનેક વ્યાધિઓથી પર રહી પરમ આનંદમાં મસ્ત રહેતા સ્વામીશ્રી સૌને એ દિવ્ય આનંદની અનુભૂતિ કરાવતા રહેતા. આવો, તેઓશ્રીના વિસ્તૃત જીવનચરિત્રના આ આઠમા ભાગનું આચમન કરીએ...

**'અક્ષર અમૃતમ્' એપ પર જીવનચરિત્રના ૧ થી ૮ ભાગની ઓડિયો બુકનું શ્રવણ કરવાનો આનંદ પણ નિઃશુલ્ક માણો...**





# વિવિધ માહિતીઓથી સભર અને જ્ઞાન-સમૃદ્ધ, ચિંતનશીલ નવીન પ્રકાશનોને શું આપે માણ્યાં?

**સચોટ માહિતીથી અને પ્રેરણાથી સભર પુસ્તકોની પરંપરા. પરિવારને સંસ્કૃતિ-સંસ્કારની અસ્મિતા અને જ્ઞાન ગરિમાથી ધન્ય બનાવીએ...**
**ઘરે બેઠાં તેમજ મુસાફરીમાં માણવા યોગ્ય અદ્‌ભુત પુસ્તકોની શ્રેણી...**




## શ્રીમદ્‌ભગવદ્‌ગીતા (ગુજરાતી અનુવાદ સાથે)

સનાતન વૈદિક ધર્મનાં આધારભૂત શાસ્ત્રોમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. ભગવદ્‌ગીતાએ પરમાત્માનું પૃથ્વી ઉપર પ્રાગટ્ય, અવતારવાદનું રહસ્ય, ‘અક્ષર’ અને ‘પુરુષોત્તમ’ તત્ત્વોની સ્પષ્ટતા, અક્ષરબ્રહ્મ દ્વારા પરમાત્માનું પૃથ્વી ઉપર સદૈવ પ્રગટપણું વગેરે અનેક ગૂઢ રહસ્યોને રજૂ કર્યાં છે. ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃતમાં અનેક સ્થાનોમાં ગીતાનાં રહસ્યો સમજાવ્યાં છે. આ રહસ્યોને ન્યાય મળે તે રીતે તેનો સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરી, સૌ અભ્યાસીઓને સુલભ બને તે હેતુથી આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.




## અધ્યાત્મ આરોગ્ય (ભાગ-૪-૫-૬)

જીવનમાં આનંદ, ધીરજ, ક્ષમા, સંતોષ, વિવેક, બ્રહ્મચર્ય, નમ્રતા, પ્રામાણિકતા, ગુણગ્રાહિતા, પરોપકાર, પ્રાર્થના, પુરુષાર્થ, શ્રદ્ધા જેવા સદ્‌ગુણોને આત્મસાત્ કરી જીવનને સદા ચેતનવંતું રાખવાનો રાહ આ પુસ્તકશ્રેણીમાં દર્શાવાયો છે. માણસને જન્મથી મૃત્યુપર્યંત સુસંસ્કારિત કરતા સોળ સંસ્કારો, તેની વિશેષતાઓ, તેના લાભો તેમજ જીવનાં સુખ-દુઃખના હેતુઓમાં ‘કર્મ’ની ભૂમિકા દર્શાવતી આ શ્રેણી વાચકને તન, મનનું સ્વાસ્થ્ય અને સુખી જીવનના શાશ્વત ઉપાયો સૂચવશે... (લેખકઃ સાધુ અક્ષરજીવનદાસ)



## સદ્‌ગુણ સાગર પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં અનેકવિધ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં વિવિધ પ્રકાશનોની હારમાળા પ્રકાશિત થઈ હતી. વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, કાર્ય અને સંદેશની અમૃતધારા દ્વારા ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિની ચાવી દર્શાવતી ૧૩ પુસ્તિકાઓની સુંદર શ્રેણી કોઈપણ મુમુક્ષુ માટે પથદર્શક બની રહેશે.




## શ્રી નીલકંઠ વિશ્વકલ્યાણ સહસ્ર નામસ્તોત્રમ્

ભગવાન શ્રી સ્વામિનારાયણે અનંત જીવોના ઉદ્ધાર માટે ૧૧ વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કર્યો અને અખિલ ભારતની તીર્થયાત્રા કરવા માટે શ્રીનીલકંઠવર્ણી નામ અંગીકાર કર્યું. સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીનીલકંઠવર્ણીના આ વનવિચરણને આવરી લેતી એક સ્તુતિવંદના ‘શ્રીનીલકંઠ વિશ્વકલ્યાણ સહસ્રનામસ્તોત્રમ્’ સંસ્કૃતમાં રચાઈ છે. પ્રત્યેક નામમાં શ્રીનીલકંઠવર્ણીનું ચરિત્ર ગૂંથાયેલું છે. આવો આપણે પણ આ નામોનો પાઠ કરીને તેમના સ્વરૂપમાં આપણાં મન-હૃદયને ઓતપ્રોત કરીએ. (રચયિતાઃ સાધુ અક્ષરજીવનદાસ)



**આવો... સ્વામિનારાયણ અક્ષરપીઠના વિક્રય કેન્દ્રની મુલાકાત લઈને આજે જ વસાવીએ.**





## તીર્થધામ સારંગપુરમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૪૨મો પ્રાગટ્યોત્સવ

તા. ૩૦-૩-૨૦૨૩ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૪૨મો પ્રાગટ્યોત્સવ વિશ્વભરનાં અનેક કેન્દ્રોમાં ધામધૂમથી ઊજવાયો. ગુરુહરિ મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં તીર્થધામ સારંગપુર ખાતે પણ આ ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો. આ સભામાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય ગુણગાથાઓ અને તેમનાં દિવ્ય ચરિત્રોની છણાવટ વિદ્વાન સંતો અને વરિષ્ઠ સંતોએ કરી. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે શ્રીહરિને જન્મોત્સવે વધાવતાં પારણે ઝુલાવી, આરતી ઉતારી ભક્તિ અદા કરી હતી.

Swaminarayan Prakash Gujarati, May-2023, Published on 1-5-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.



ભુજ (કચ્છ)



સુરેન્દ્રનગર



ભુજ (કચ્છ)

## મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે ભુજ અને સુરેન્દ્રનગરમાં નૂતન શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસ વિધિ...

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાસાદિક ભુજ નગરમાં તા. ૬-૪-૨૦૨૩ના રોજ અને સુરેન્દ્રનગરમાં તા. ૨૨-૪-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના શિલાન્યાસ વિધિ વેદોક્ત વિધિપૂર્વક હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં સંપન્ન થયા, તેની કેટલીક સ્મૃતિછબિઓ...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas